પ્રાક્કથન

આ વર્ષે ગુજરાત યુનિવર્સિટીના પ્રાકૃતના પ્રથમ વર્ષના અભ્યાસ-ક્રમમાં **અભયકુખાણયં** રાખવામા આવ્યુ છે આ કથાનક **આખ્યાનક-મણિકોશ-વૃત્તિ**માંથી લેવાયુ છે કથાનકની કેટલીક ગાથાઓ અભ્યાસ-ક્રમમા નથી છતા મૂળ કથાનક પછી ખાસ હેતુથી આપવામા આવી છે. અભયકુમારની કથા બિરબલની કથા જેવી હોઈ વિદ્યાર્થીઓને ગમશે. પ્રાકૃત ભાષાને સહેલાઈથી સમજવા માટે **ભાષાપરિચય**મા સારી એવી સામગ્રી આપવામાં આવી છે ટિપ્પણો પણ સારી માત્રામાં જોડવામાં આવ્યાં છે સુગમતા માટે શબ્દાર્થ અને અનુવાદ મૂળ પ્રાકૃત ગાથાઓ સાથે જ રાખવામાં આવ્યા છે

કથાનકના સંપાદનમા પ્રાકૃત ગ્રંથ-પરિષદ્ દ્વારા પ્રકાશિત **આખ્યાનક-મણિકોશ** (વૃત્ત્યાસમલ કૃત)નો ઉપયોગ કરવામા આવ્યો છે. તે માટે મૂળ ગ્રંથના સંપાદક સ્વ. પૂ શ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબનો તથા પરિષદ્‌ના મંત્રી શ્રી દલસુખભાઈ માલવણિયાનો હુ આભારી છુ આ કામમા જે જે ભાઈઓએ મને સહકાર આપ્યો છે તેમનો હુ આભાર માનુ છુ. આ કામમા અનેક ગ્રંથોનો ઉપયોગ કર્યો છે, તે માટે હુ તે તે ગ્રંથોના લેખકોનો પણ આભાર માનુ છુ. આ પુસ્તકમાં જે કંઈ ભૂલો ધ્યાનમા આવે તો તે પ્રત્યે મારું ધ્યાન દોરવા વિદ્વાન મિત્રોને વિનંતી છે.

આ ગ્રંથને પ્રકાશિત કરવા માટે સરસ્વતી પ્રકાશનના ભાગીદાર પં. શ્રી ભૂરાલાલભાઈનો ખાસ આભારી છુ. પુસ્તકનુ મુદ્રણ સારી રીતે ઝડપથી કરી આપનાર અમર સેટિંગ એન્ડ પ્રિન્ટિંગ વર્ક્સના માલિક શ્રી શંકરસિંહ એન. સોલંકીને પણ ખાસ ધન્યવાદ ઘટે છે.

મહાવીર જયંતી
૨૪-૪-૭૫
૨૫૦૦ મો નિર્વાણ મહોત્સવ

કે. આર. ચંદ્ર

લેખકશ્રીનાં પુસ્તકો

1. Literary Evaluation of Paumacariyam, Jain Cultural Research Society, Varanasi, 1966
2. A Critical Study of Paumacariyam, Research Institute of Parkrit & Jainology, Vaishali, 1970

3-4 Prakrit Proper Names, Part I and II. By Dr. M L Mehta and K R Chandra, L D Institute of Indology, Ahmedabad 1970, 1972

5 मुणिचंद-कहाणय, ભારત પ્રકાશન, અમદાવાદ, ૧૯૭૩

6 अमरदत्ताणय, સરસ્વતી પ્રકાશન, અમદાવાદ, ૧૯૭૫

અન્ય પ્રકાશનો

1 Proportion of Prakrit in our Ancient Classical Dramas (JOI Baroda, 1974)

2 कुवलयमाला की मूल कथा और अवान्तर कथाएँ (श्रमण, बनारस, १९७५)

3 कर्पूरमंजरी सट्टक का हिंदी अनुवाद (श्रमण, बनारस, १९७२-१९७३)

4 जैन धर्म का प्रसार
5 जैन पुराण साहित्य } (श्री महावीर जैन विद्यालय सुवर्ण महोत्सव ग्रंथ, बम्बई १९६८)

6 [illegible] [illegible] कथावस्तु (श्रमण, बनारस १९[illegible])

7 [illegible] जैन धर्म-कथाओं का प्रभाव (जैन सिद्धान्त [illegible], [illegible]६[illegible])

[illegible] [illegible] Jain Saint (The Union for the [illegible] Great Religions, Madras, Dec 1956)

અનુક્રમ

શુદ્ધિપત્રક

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧	૬, ૮	સમશ્યા	સમમ્યા
૨	૧૨	સમયે	સમય સુધી
૪	૧૩	હસ્તિ	હસ્તી
૫	૨૦	ચ ડપ્રદ્યોત	ચંડપ્રદ્યોત
૫	૨૧	જતા જતા	જતાં જતા
૬	૭	માણુસાએ	માણસોએ
૬	૧૯	કળાગુરૂ	કળાગુરુ
૭	૩	નેમિચંદ્રભૂરિ	નેમિચંદ્રસૂરિ
૧૧	૩	એકાધ	એકાદ
૧૧	૨૧	૮ મા	૮ મા
૧૨	૧૬	ક્ષત્રાને	ક્ષેત્રાને
૧૩	૧૮	પદ્મમય	પદ્યમય
૧૫	૨૪	કહી	કહેવામા આવી છે,
૧૭	૧૮	તેણે	તેને
૧૭	૧૯	હનો	હતો
૨૦	૧૮	ખાત્રી	ખાતરી
૨૧	૨૬	માંતગ	માતંગ
૨૨	૧	ગુરૂ	ગુરુ
૨૩	૨	પ્રષ્ટિ	પુષ્ટ
૨૩	૮	ભગગાન	ભગવાન
૨૩	૧૮	જુઠૂ	જૂઠું
૨૪	૧૧	કાઠયાગ	કઠિયારા
૨૫	૮	નીગને	નીચને
૨૫	૨૨	તેણે	તેને
૨૬	૨૧	કયા .	કયા ?

૨૯	૨૨	પ્રસેનસિત	પ્રસેનજિત
૩૧	૬	સિક્ખિઉ	સિક્ખિઉં
૩૧	૨૪	પદાવલીનો	પદાવલીના
૩૧	૨૯	– कुम्म –	– कुम्भ –
૩૨	૨	ઉદ્‌વતા	ઉદ્‌ભવતા
૩૨	૨	ચાથા	ગાથા
૩૩	૧૨	સ્કટિકના	સ્ફટિકના
૩૩	૧૭	કૂતૂહલ	કુતૂહલ
૩૫	૨૯	નિમણુક	નિમણૂક
૩૭	૨૮	ખોડામા	ખોળામા
૩૮	૨૩	હતી	હતી[૧].

अभयक्खाणयं

૧	૭	સુંદર	સુ દર
૧	૧૦	– खोणी –	– खोणि –
૧	૧૨	– मुहच्छाओ	– मुहछाओ
૧	૧૪	खोणी = क्षोणी	खोणि = क्षोणि
૧	૨૩	અમિલાષા	અભિલાષા
૧	૨૪	ક્રાતિ	ક્રાતિ
૧૪	૫	ઉપર	ને
૧૫	૧૯	હેનુ	હેતુ
૧૭	૭	त	तो
૧૮	૨૩	સાઢા	સાડા
૧૯	૨૨	पुंच्छिए	पुच्छिए
૨૦	૧	अवगययत्तो	अवगयतत्तो
૨૨	૪	જોએ	જુએ
૨૨	૨૮	લોચન વડે	લોચનવાળા
૨૩	૨૬	વિશાળ, કોમળ	સીધી
૨૫	૨૨	નૈન	નયન

૨૫	૨૩	તેણે	તેને
૩૧	૨૭	सचित	सचित्त
૩૧	૨૭	પોતાનુ મન	સચેતન
૩૧	૨૭	પોતાની...રાણી	સચેતન (જીવો)થી મુક્ત
૩૩	૮	જોડો	एत्तो (इतस्)=અહીં'થી
૩૩	૧૦	સુધી	સુધી અહીંથી
૩૯	૧૭	ચન્દ્રપ્રદ્યોત	ચણ્ડપ્રદ્યોત
૪૪	૩	सविलास	सविलास
૪૪	૨૭	(वातूल)	(व्याकुल) = ક્ષુબ્ધ
૪૪	૨૯	ઉન્મત્ત	ક્ષુબ્ધ
૪૭	૧૮	વસ્તુન !	વસ્તુના
૪૭	૨૬	નાના	વિવિધ
૫૨	૬	ખાંડિયા	ખંડિયા
૫૪	૨	वि	वि
૬૦	૬	(વિશેષણ	(વિશેષણ
૬૧	૮	પ્રકારન	પ્રકારનો
૬૧	૧૯	[illegible]	[illegible]
૬૧	૨૦	[illegible]	[illegible]
૬૮	૨૪	મિત્ર	[illegible]
૬૯	૯	કીધા	કર્યાં
૭૦	૧૫	[illegible]	તત્ત્વ
૭૧	[illegible]	શ્રેષ્ઠ)	श्रेष्ठिन्)
૭૩	૧	[illegible]	[illegible]
[illegible]	૫	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	૨[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
		[illegible]	[illegible]

૭૬	૧૫	બે ભેદ	બીજી રીતે બે ભેદ
૭૬	૨૩, ૨૪	પ્રાયશ્ચિત	પ્રાયશ્ચિત્ત
૭૬	૨૬	–શુશ્રુષા	–શુશ્રૂષા
૭૯	૯	તેવુ	તેવુ
૭૯	૨૮	(ઉઠવા	(ઊઠવા
૭૯	૩૧	निस्सिहिया	निस्सिहिया
૮૦	૨૭	હ્હેરવા	રહેવા
૮૧	૧	वस्तं	वस्त्र
૮૧	૨	शुश्रुषा	शुश्रूषा
૮૧	૮	ગુરૂઓની	ગુરુઓની
૮૧	૯	સુશ્રુષા	સુશ્રૂષા
૮૨	૨૯	કૂર્યું	કર્યું
૮૩	૯	બહત્કથા	બૃહત્કથા
૮૪	૧૧	છુપી	છૂપી
૮૪	૨૯	જોડો	कथासरित्सागर
૮૫	૧	ઋષિયોના	ઋષિઓના
૮૭	૩	પૃવિને	પૃથ્વીને

ઉપર બહુ ખુશ થયો. એક વાર રાજાએ પરાક્રમ અને ત્યાગની પરીક્ષા કરવા માટે કુમારોને ખીર પિરસી અને કૂતરાઓને પણ ત્યાં છોડી દીધા બીકથી બીજાઓ થાળીઓ લઈને ઊભા થઇ ગયા જ્યારે શ્રેણિક કૂતરા-ઓને ખાવાનું નાખી પોતે પણ આનંદ સાથે જમતો હતો. બીજી વાર લાડુઓના કરંડિયાઓ અને પાણીના કળશો સીલબંધ કરી રાજાએ કુમારોને તે તોડ્યા વગર જમવાનું કહ્યું બીજા ભાઈઓ કશું જ કરી શક્યા નહી જ્યારે શ્રેણિકે કરંડિયાઓને હલાવી તેમાંથી બહાર પડેલ ચૂરાથી અને કળશોમાંથી ઝમતા પાણીથી બધાઓને જમાડ્યા શ્રેણિકની કુશાગ્ર બુદ્ધિથી રાજા બહુ આશ્ચર્ય પામ્યો. એને રાજ્ય આપવાનું મનમાં નક્કી કર્યું પણ વિચાર્યું કે જો એના ઉપર અત્યારે વિશેષ કૃપા દાખવું તો બીજા કુમારો એને મારી નાખશે એટલે રાજાએ દેખાવ ખાતર બીજા કુમારોનું સન્માન કર્યું અને યોગ્ય સમયે શ્રેણિકને રાજ્ય આપવાનું મુલતવી રાખ્યું. આ બનાવથી પોતાનું અપમાન થયું એમ સમજી શ્રેણિક રાજગૃહ છોડી ભમતો ભમતો વેન્નાતટનગર પહોંચ્યો ત્યાં શેઠ ભદ્રની દુકાનમાં જઈ બેઠો, તેથી શેઠને તે દિવસે બહુ લાભ થયો. શેઠે રાત્રી દરમિયાન આવેલા સપનાને અનુસરી અને કુમારના ઉત્તમ સામુદ્રિક લક્ષણો જાણી તેણે પોતાની પુત્રી સુનંદાને એની સાથે પરણાવી દીધી. સમય જતા સુનંદાને ગર્ભ રહ્યો. એક દિવસ પિતાશ્રીના મંત્રીઓ વડે સંદેશો પામી શ્રેણિક [illegible] થી રાજગૃહ ગયો. પાછળ પત્નીની જાણ માટે ભીંત ઉપર આવું [illegible] લખી ગયો—રાજગૃહનગરી, શ્વેત મકાન અને ગોપાળો (રાજ— [illegible] શ્વેત ભીંતના કિલ્લાઓના પાળક એટલે [illegible]) [illegible] પછી અનુકૂળ સમયે પ્રસેનજિતને લોકોની પરંપરા પ્રમાણે નગરીની મહિમાના [illegible] શ્રેણિકને રાજગૃહનો રાજા બનાવ્યો.

[illegible] સુનંદાએ એક પુત્રરત્નને જન્મ આપ્યો અને [illegible] દોહદને [illegible] તેનું નામ અભય રાખવામાં આવ્યું. [illegible] પોતાના [illegible] પોતાની માતાને પોતાના [illegible] પિતા તો રાજા છે [illegible] વચનો [illegible] ત્યારથી અભય [illegible] કોની [illegible] કુમારી

પરણાવશે અને પાચમો મંત્રીઓ સાથે અડધા રાજ્યનો સ્વામી બનાવશે. અભયે પોતાની બુદ્ધિનો ચમત્કાર બતાવ્યો કૂવામા વીટી ઉપર ગોબર નાખી એને સૂકાવી દીધુ. પછી કૂવાને પાણીથી ભરાવી દીધો. પેલુ છાણુ ઉપર તરવા માડ્યુ ત્યારે પોતાના હાથ વડે ઊચકી લીધુ અને તેમાંથી વીટી કાઢીને રાજાની આગળ ધરી દીધી રાજાએ તેનું સન્માન કર્યું. પછી તેને પૂછવામા આવતાં અભયકુમારે વેન્નાતટ વિષેની બધી હકીકત કહી સભળાવી રાજાએ એને પોતાના પુત્ર તરીકે ઓળખી લઈ સુનદાને પણ પોતાના રાજમહેલમાં સન્માન સાથે આણી અને તેને મુખ્ય રાણીનુ પદ આપ્યુ પોતાની ઘોષણા પ્રમાણે રાજાએ પોતાની સુસેના નામે બહેનની પુત્રી મદનસેનાને અભયકુમાર સાથે પરણાવી અને અડધુ રાજ્ય આપી તેને પાચમો મત્રીઓનો પ્રમુખ બનાવ્યો. એક વાર ભગવાન મહાવીર રાજગૃહમાં પધાર્યા તેમનો ધર્મ-ઉપદેશ સાંભળી અભયકુમારે શ્રાવક ધર્મ અગીકાર કર્યો

અવતિનો રાજા ચડપ્રદ્યોત રાજગૃહ ઉપર આક્રમણ કરી સતામણી કરતો હતો, રાજા શ્રેણિકના કહેવાથી અભયકુમારે નગરીની સુરક્ષાનો માર્ગ શોધી કાઢ્યો તેણે નગરીની બહાર જમીનમા શસ્ત્રો અને સોનાના કળશો દાટી દીધા ચડપ્રદ્યોતે ફરી આક્રમણ કર્યું ત્યારે અભયકુમારે તેને સચેત કર્યો કે રાજા શ્રેણિકે તમારા સામતોને ધનનુ દાન કરી ફોડી દીધા છે. તે જો જાણવુ હોય તો જમીન ખોદી તપાસ કરો. જમીનમાં શસ્ત્રો અને સોનુ છુપાવેલુ જોઈ રાજા ચડપ્રદ્યોતને થયુ કે આ તો પોતાના સામતોની જ કૂટચાલ છે એટલે તે પોતે ત્યાથી નાસી ગયો. નાસતા સૈન્યને શ્રેણિકે પોતાની પૂર્વ યોજના પ્રમાણે લુટી લીધુ ઉજ્જૈન ગયા પછી ચડપ્રદ્યોતને તેના સૈનિકોએ સાચો ખ્યાલ આપ્યો કે તમને હરાવવા માટે અભયે આ જાલ રચી હતી.

રોષે ભરાયેલા ચડપ્રદ્યોતે અભયને પકડી લાવવા માટે પોતાના સભાસદોને કહ્યુ. એક નવજોબના ગણિકાએ આ કાર્ય ઉપાડ્યુ. તેની સાથે સાત બીજી ગણિકાઓ જૈન ઉપાસિકાઓના વેષમાં તીર્થયાત્રા કરતી રાજગૃહ આવી તેઓએ ગૃહમદિરની પ્રતિમાઓનુ દર્શન કરવાને બહાને અભય સાથે પરિચય વધારી તેને વિશ્વાસમા લઈ લીધો. બીજા દિવસે ઉપવાસનુ પારણુ કરાવવા માટે અભય તેમની પાસે ગયો ત્યારે

તેઓએ તેને કપટપૂર્વક માદક દ્રવ્ય પીવડાવી દીધું. તે બેભાન થઈ ગયો અને આવી અવસ્થામાં તેને ઉજ્જૈન લઈ જઈ રાજા ચંડપ્રદ્યોત સામે હાજર કરવામાં આવ્યો. રાજાએ તેને વચનરૂપી બેડીથી બંદી બનાવી દીધો.

ચંડપ્રદ્યોતને ત્યાં ચાર રત્નો હતાં. શિવારાની, નલગિરિ હાથી, અગ્નિભીરુ રથ અને લોહજંઘનામે લેખવાહક. લોહજંઘ પોતાની તીવ્રચાલ (દ્રુતગતિ) માટે પ્રસિદ્ધ હતો. બીજા રાજાઓ એનાથી તંગ આવી ગયા હતા એક વાર બીજા રાજાએ એને મારવા માટે એનાં ભાતામાં પ્રાણઘાતક દ્રવ્યો ભેળવી દીધાં. રસ્તામાં જ્યારે એ જમવા બેઠો ત્યારે ત્રણ વાર અપશુકન થયા. અભયકુમારની સહાયથી રહસ્ય જણાઈ આવ્યું ને લોહજંઘને ભાતામાં છુપાવેલ દૃષ્ટિવિષ મહાસર્પથી બચાવી લેવામાં આવ્યો. એથી ખુશ થઈ ચંડપ્રદ્યોતે અભયકુમારને એક વરદાન આપ્યું જેમાં બંધનની મુક્તિ સિવાય કોઈ પણ વસ્તુ માગવાની છૂટ હતી.

એકવાર નલગિરિ હસ્તિ ગાંડો થઈ ગયો તેને વશ કરવા માટે અભયકુમારે શ્રેષ્ઠ સંગીતજ્ઞ વત્સદેશના રાજા ઉદયનનું અપહરણ કરાવ્યું. કૃત્રિમ હાથી બનાવી તેમાં પોતાના છદ્મ માણસો ગોઠવી વત્સદેશના સીમાડે તેને છોડી દીધો. હાથીને વશ કરવાનો શોખીન રાજા ઉદયન તેની પાસે આવ્યો કે તરત છુપાયેલા માણસોએ તેને પકડી લીધો અને ચંડપ્રદ્યોતની આગળ ઉપસ્થિત કરવામાં આવ્યો. પ્રદ્યોતે તેને પોતાની કુમારી વાસવદત્તાને સંગીત શીખવવા માટે નિયુક્ત કર્યો ત્યારે ઉદયનને એમ કહેવામાં આવ્યું કે વાસવદત્તા કાણી છે અને તે તમને જોઈને લજ્જા ન પામે માટે તમારે પડદા પાછળ રહી એને શીખવવાનું કામ કરવું વળી વાસવદત્તાને એમ કહેવામાં આવ્યું કે સંગીતનો અધ્યાપક કોઢી છે એટલે પડદા પાછળ [illegible] બીમારી તમને આવી જશે પણ એક વખત [illegible] અને બંને વચ્ચેનો પ્રેમ વધતો ગયો પ્રસંગે ત્યારે નલગિરિ [illegible] ઉદયને વાસવદત્તા સાથે ગાતાનો [illegible] નલગિરિ [illegible] અને [illegible]

ત્યારે ઉદયન મૂત્રનો એક કળશિયો રસ્તામા ઢોળી દેતો નલગિરિ મૂત્રની સુગધમા હાથણુ વિષેનો મોહ પામી ત્યા રોકાઈ જતો અને ઉદયન ભદ્રવતીને આગળ હાકયે જતો. એમ કરતાં ઉદયન કૌશાબી નગરી પહોચી ગયો અને વાસવદત્તાને પોતાની મુખ્ય રાણી બનાવી

આ બાજુ અવંતિમા એકવાર ભીષણ આગ લાગી, અભયકુમારે પોતાની બુદ્ધિથી બીજી આગ પ્રગટાવી એના ઉપર નાખી અને તે ભીષણ આગ બુઝાઈ ગઈ ચંડપ્રદ્યોતે ખુશ થઈને અભયને ત્રીજું વરદાન આપ્યુ.

એક વાર અવતિમા દેવતાનો એક વિનાશકારી ઉપદ્રવ ઊભો થયો ત્યારે અભયે રાજાને કહ્યુ કે તમારી બધી રાણીઓ શૃગાર કરીને તમારી સામે ઉપસ્થિત થાય અને જે રાણી તમને પોતાની દૃષ્ટિથી જીતી લે તેના વિષે મને કહેજો. શિવાદેવી સિવાય બધી રાણીઓ નીચે મુખ કરીને બેસી ગઈ ત્યારે અભયે કહ્યુ શિવાદેવી રાત્રે વસ્ત્રરહિત થઈ પિશાચદેવને બલિ ચઢાવે આમ કરવામાં આવ્યુ અને ઉપદ્રવ શમી ગયો રાજાએ ખુશ થઈને અભયને ચોથુ વરદાન આપ્યુ.

ઉપયુક્ત અવસર આવતા અભયે ચડપ્રદ્યોત પાસે ચારે વરદાનોની આ રીતે માગણી કરી—પ્રથમ વરદાન વડે એ પોતે નલગિરિ હાથી ઉપર ચડશે, બીજા વડે રાજા પ્રદ્યોત મહાવત બનશે, ત્રીજા વડે તે પોતે રાણી શિવાના ખોળામાં બેસશે અને ચોથા વડે અગ્નિભીરુ રથના લાકડાઓથી ચિતા રચી તેમાં પ્રવેશ કરશે. અભયની રાણી શિવા સાથે ચિતામા પ્રવેશ કરવાની વાત સાભળી ચડપ્રદ્યોતે ના છૂટકે એને છોડી મૂક્યો. અભય જતા જતા કહી ગયો કે મને જે ધર્મ છળથી બદી બનાવવામા આવ્યો હતો તેનો બદલો હુ તમારા લોકોની સમક્ષ ધોળે દિવસે જ લઈશ

થોડા દિવસો વીત્યા પછી બે અત્યત સુદર ગણિકાઓને સાથે લઈ તે વ્યાપારીના વેશમા ઉજ્જૈનીમાં આવ્યો અને ત્યા રાજમહેલની સામે જ એક દુકાન શરૂ કરી રાજા ચડપ્રદ્યોત તેઓનુ રૂપ જોઈને મોહિત થઈ ગયો અને તેમની સાથે સમાગમ કરવા માટે દૂતી સાથે સદેશો મોકલાવ્યો. તેઓએ કહેવડાવ્યુ, કે અત્યારે તો ભાઈ (અભય)ની બીક લાગે છે સાતમા દિવસે દેવયાત્રાનો ઉત્સવ છે અને એ વખતે તે ઉન્મત્ત બની જશે ત્યારે તમે બપોરે એકલા આવજો. આ બાજુ અભય કુમારે એક યુક્તિ ઘડી.

એક માણસનું બનાવટી ચંડપ્રદ્યોત નામ રાખ્યું અને તેને પોતાને ત્યાં નોકર રાખ્યો. વાત રોગથી પીડાતો હોય તેમ કરી તેને દરરોજ વૈદ પાસે સારવાર માટે લઈ જવાનું શરૂ કર્યું. પેલો બનાવટી ગાંડો એમ મોટે અવાજે બકવાટ કરતો કે જુઓ, તમારા નાયક (રાજા) ચંડપ્રદ્યોતને અભય બાંધીને લઈ જાય છે લોકોમા એમ જાણીતુ થઈ ગયુ કે એક પાગલ આવો બકવાટ કરે છે. સાતમે દિવસે રાજા જ્યારે અભયના ઘરમા પ્રવેશ્યો ત્યારે છુપાવેલા માણસોએ એને ખાટલા ઉપર બાંધી લીધો અને રાજમાર્ગ ઉપરથી આગળ લઈ જવામા આવ્યો ચંડપ્રદ્યોતે બહુ બૂમાબૂમ કરી પરંતુ લોકોએ એની તરફ ધ્યાન આપ્યુ નહી કેમ કે આવો બકવાટ તો દરરોજ થતો જ હતો. અભય પ્રદ્યોતને રાજગૃહ લઈ ગયો અને રાજા શ્રેણિક સામે ઉપસ્થિત કર્યો. શ્રેણિકે એને મારવા માટે તલવાર ઉગામી પરંતુ અભયે એને રોક્યો. એક મહારાજાની જેમ એની જોડે વર્તાવ કરવામા આવ્યો. તેનુ સન્માન કરી તેને ઉજ્જૈનીમા છોડી દેવામા આવ્યો ત્યાર પછી બન્ને રાજાઓ અરસપરસની મૈત્રી સાથે રહેવા લાગ્યા.

૨. ગ્રંથકાર આમ્રદેવસૂરિ

આમ્રદેવસૂરિનો સમય ૧૨ મા સૈકાનો છે જ્યારે ગુર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહદેવનુ રાજ્ય હતુ તે પોતે આચાર્ય હેમચંદ્રના સમકાલીન હતા. ગુજરાતના ઇતિહાસનો આ સુવર્ણયુગ હતો જ્યારે અનેક ગૌર્જરવીરો, રાજનીતિજ્ઞો, મહાજનો અને કળાગુરુઓએ વિવિધ ક્ષેત્રોમા પોતાની સિદ્ધિઓ હાંસિલ કરી હતી. આખ્યાનકમણિકોશવૃત્તિની રચના પણ એક શ્રેષ્ઠીની વિનતિથી જ કરવામા આવી હતી સવા નવ માસમાં ૧૪૦૦૦ ગ્રંથ (શ્લોક) પ્રમાણ આ પુસ્તક લખાયુ હતુ ગ્રંથકારની અસાધારણ પ્રતિભા અને પાંડિત્યના કારણે જ આવુ બન્યુ હતું.

આમ્રદેવસૂરિ બૃહદ્ગચ્છીય દેવસૂરિની પરંપરામાં થયા હતા તેઓ નેમિચંદ્રસૂરિ ઉર્ફે દેવેન્દ્રગણિના ગુરુભાઈ જિનચંદ્રસૂરિના શિષ્ય હતા. [illegible] તેમના ગુરુભાઈ હતા. આમ્રદેવસૂરિના ત્રણ શિષ્યોએ નેમિચંદ્ર, [illegible] અને પાર્શ્વદેવે તેમને પ્રસ્તુત રચનાના લેખનકાર્યમા મદદ કરી હતી. તેમના બીજા બે શિષ્યો યશોદેવસૂરિ અને વિજયસેનસૂરિ હતા. વિજયસેનસૂરિ [illegible] શિષ્યોમાં પ્રધાન હતા છતા મુખ્ય પટ્ટધરનું પદ [illegible] ચન્દ્રસૂરિના શિષ્ય હરિભદ્રસૂરિને આપવામા આવ્યુ

હતું, જે એમની ઉદારતા અને વિવેકબુદ્ધિ સાબિત કરે છે એમના ત્રણ શિષ્યો વિજયસેનસૂરિ, નેમિચન્દ્રસૂરિ અને યશોદેવસૂરિને પટ્ટધર બનાવવામાં આવ્યા હતા. નેમિચન્દ્રસૂરિ પોતે બહુ વિદ્વાન હતા છતા તેઓએ પોતાના ગુરુના નિર્ણયને માન્ય રાખી તેમના પ્રત્યે વિનય અને ભક્તિ દાખવી હતી.

આ કૃતિ સિવાય આમ્રદેવસૂરિની બીજી કોઈ રચના મળતી નથી. આ ગ્રંથ ઉપરથી જ જણાઈ આવે છે કે આમ્રદેવસૂરિ માત્ર કુશળ કથાકાર જ નહોતા પરંતુ એક સારા કવિ હતા. એમની શૈલી સ્પષ્ટ, સરળ અને મનોહારી છે સ્થળ સ્થળ ઉપર સુંદર સુભાષિતો જોવા મળે છે. તેમનું પ્રાચીન ગ્રંથોનું અધ્યયન સારું હતું. તેઓ બહુપઠિત અને સુવિજ્ઞ કવિ હતા નગર, અટવી, ઋતુ, રાજા, રાણી, સાર્થવાહ, ઉત્સવ વગેરેના સુંદર વર્ણનો તેમની કવિની પ્રતિભાને પ્રગટ કરે છે

૩. આખ્યાનકમણિકોશ મૂળ

જે ગ્રંથમાંથી અભયકુમારની કથા લેવામા આવી છે તેનું નામ આખ્યાનકમણિકોશવૃત્તિ આવું છે. વૃત્તિકારનું નામ છે આમ્રદેવસૂરિ જેઓએ મૂળ પ્રાકૃતગ્રંથ આખ્યાનકમણિકોશ ઉપર પ્રાકૃત ભાષામાં ટીકા લખી છે મૂળ આખ્યાનકમણિકોશ નેમિચન્દ્રસૂરિની રચના છે જેઓએ ઉત્તરાધ્યયનસૂત્ર ઉપર સુખબોધા નામે ટીકા લખી છે. આખ્યાનકમણિકોશ માત્ર બાવન ગાથાઓનો ગ્રંથ છે આખ્યાનકમણિકોશ એટલે કથારૂપી રત્નોનો ખજાનો. એની રચના ઈ. સ. ૧૦૭૩ અને ૧૦૮૩ વચ્ચે કરવામા આવી હતી. એની દરેક ગાથામા કથાનાયક અથવા કથાનાયિકાના નામોનો માત્ર નિર્દેશ કરવામા આવ્યો છે. એમા બધી મળીને ૧૪૬ કથાઓનો ઉલ્લેખ છે જેઓ જુદા જુદા વિષયો સાથે સંબંધ ધરાવે છે, આ ગ્રંથમા કુલ ૪૧ વિષયો (અધિકારો) છે અને દરેક વિષય હેઠળ ઓછી વત્તી સંખ્યામાં કથાઓનો ઉલ્લેખ કરવામા આવ્યો છે. દાખલા તરીકે પ્રારંભમા દેવસ્તુતિ કર્યા પછી ત્રીજી ગાથામા બુદ્ધિનો વિષય (અધિકાર) આવે છે તેમાં ચાર કથાઓનો નિર્દેશ કરવામા આવ્યો છે, જે આ પ્રમાણે છે :

> उप्पत्तिय वेणइया कम्मय परिणामिया चउह बुद्धी ।
> भरह-निमित्तिय-करिसग-अभयाईनायओ नेया ॥३॥

એટલે આમા ચાર નાયકોના નામો છે-નટ ભરત, એક નૈમિત્તિક,

૫. પ્રાકૃત કથા–સાહિત્યમાં આ ગ્રંથનું સ્થાન

કથાઓની પરંપરા પ્રાચીનતમ સાહિત્યથી ચાલતી આવી છે. વૈદિક સંસ્કૃત સાહિત્ય, બૌદ્ધ પાલિ–સાહિત્ય અને જૈન અર્દ્ધમાગધી સાહિત્યમાં આ પરંપરા ઓછા વત્તા રૂપે આપણને મળે છે. તે પછી સ્વતંત્ર કથા–સાહિત્યની રચના થવા માંડી અને પ્રાકૃત ભાષામાં પણ સ્વતંત્ર કથા–સાહિત્યની રચના થઈ પ્રાકૃત કથા–સાહિત્યના પાંચ પ્રકારો છે : પુરાણ–મહાપુરાણ, ચરિત, રોમાંટિક, પ્રબંધ અને ઉપદેશાત્મક કથાસાહિત્ય. આ પાંચે પ્રકારોનો પરિચય 'મુણિચંદ–કહાણયં'માં આપવામાં આવ્યો છે.[1] ઉપદેશાત્મક કથાસાહિત્યની બધી વિશેષતાઓ આખ્યાનકમણિકોશવૃત્તિમાં મળે છે, જેમકે, જ્ઞાન, નીતિ, સદાચાર, તપ, ત્યાગ, સંયમ, વ્રત, પૂજા, દાન, શીલ, કર્મકાંડ વગેરે વિષે ઉપદેશ આપી તેનું ફળ કથાઓ દ્વારા સિદ્ધ કરવાની પદ્ધતિ અને એ વિષેની બધી કથાઓને એક સંગ્રહરૂપે આપવી એને લીધે આપણે એ ગ્રંથને ઉપદેશાત્મક કથાસાહિત્યમાં મૂકીએ છીએ અને એમાં પણ **કથાકોષ** પ્રકારમાં, કારણકે એ ગ્રંથમાં અનેક કથાઓનો સંગ્રહ છે 'કથાકોષ' સાથે બીજું નામ 'માળા' મળે છે જે 'કોષ' કરતાં પ્રાચીન નામ છે ઉપદેશાત્મક કથાકોષ, માળા કે પ્રકરણોમાં સાહિત્યિક આસ્વાદ આપવો એ ઉદ્દેશ્ય રહેતો નથી છતાં જેમ જેમ એવી રચનાઓ પાછળના કાળમાં લખાતી ગઈ તેમ તેમ ભારતીય લલિત સાહિત્યની રચનાઓનો પ્રભાવ પડ્યા વગર રહ્યો નહીં અને આ ગ્રંથમાં પણ અનેક સ્થળો એવા મળે છે જ્યારે મહાકાવ્યકારોની શૈલીનાં દર્શન થાય છે.

૬. ઉપદેશાત્મક કથાસાહિત્યના અન્ય ગ્રંથ

જૈન આગમ સાહિત્ય એટલે પ્રાકૃતના પ્રાચીનતમ સાહિત્યમાં 'ણાયાધમ્મકહા' (જ્ઞાતાધર્મકથા), 'વિવાગસુય' (વિપાકસૂત્ર) જેવા ગ્રંથો કથાસંગ્રહ રૂપે મળે છે, જેમાં ધાર્મિક વિષયો સમજાવવા માટે કથાઓ કહેવામાં આવી છે જ્ઞાતાધર્મકથામાં સાધુઓએ કેવું જીવન જીવવું જોઈએ એને લગતી અનેક દૃષ્ટાંત કથાઓ મળે છે જ્યારે વિપાકસૂત્રમાં પુણ્ય અને પાપ કર્મનું શું ફળ મળે છે એ કથાઓ દ્વારા સમજાવવામાં આવ્યું

---

૧ વિસ્તૃત જાણકારી માટે જુઓ ભારતીય સંસ્કૃતિમેં જૈનધર્મકા યોગદાન, પૃ ૧૨૭–૧૫૩, પ્રાકૃત સાહિત્યનો ઇતિહાસ, અધ્યાય, ૬–૮, બૃહત્કથાકોશની પ્રસ્તાવના, ડૉ આ. ને. ઉપાધ્યાય, હરિભદ્રસૂરિકે કથાસાહિત્યકા આલોચનાત્મક પરિશીલન, ડૉ નેમીચંદ્ર શાસ્ત્રી, પૃ ૮૮, ૧૧૯

છે. એનો એ જ ઉદ્દેશ્ય આગળ કરી નાની નાની કથાઓ વડે ગૃહસ્થોને ઉપદેશ આપવા માટે આગમ સાહિત્ય પછી ઉપદેશાત્મક કથાકોષોની પ્રાકૃતમા રચના થવા માંડી એકાધ ગાથામાં કોઈ ઉપદેશાત્મક વસ્તુ કહી પછી એના ઉપર દષ્ટાંત રૂપે ગદ્ય અથવા પદ્યમાં વિસ્તાર સાથે કોઈ એક કથા કહી દેવી આ પદ્ધતિ પાલિની જાતક કથાઓ, સંસ્કૃતના હિતોપદેશ, પંચતંત્રાદિ ગ્રંથોમાં મળે છે. આપણા કથાકોષ પ્રકારના ગ્રંથોની પણ આ જ પદ્ધતિ છે કેટલાક આવા ગ્રંથોનો સંક્ષિપ્ત પરિચય આ પ્રમાણે છે

उपदेशमाला :

ઉપદેશાત્મક કથા-કોષ પ્રકારમા આ સૌથી પહેલી રચના છે. એની રચના શ્રી ધર્મદાસગણિએ કરી છે. તેમનો સમય ૫ મી સદીનો ગણાય છે. એમા કુળ ૫૪૪ ગાથાઓ છે એના ઉપર અનેક ટીકા-વૃત્તિઓ મળે છે. આ રચના વૈરાગ્ય પ્રધાન કહેવાય છે એમા ચાર વિશ્રામ (વિભાગ) છે વિનય, શીળ, વ્રત, સંયમ, દયા, જ્ઞાન, ધ્યાન વગેરે વિષયોના અનુસંધાનમા દષ્ટાંત રૂપે અનેક સ્ત્રી-પુરુષો, સાધુ-ગૃહસ્થ, શેઠ-રાજપુત્ર, વેશ્યા વગેરેની કથાઓ આપવામાં આવી છે સાધુ-સમાજમાં ધર્મદાસ ગણિનુ એટલુ બધુ સન્માન છે કે એમને તીર્થંકર મહાવીર સ્વામીના સમકાલીન માનવામાં આવ્યા છે. પાલિ ધમ્મપદ અને એના ઉપર લખેલી બુદ્ધઘોષની ટીકાની જે પદ્ધતિ છે તેનુ અનુસરણ ધર્મદાસગણિએ કર્યું હોય એવુ લાગ્યા વગર રહેતુ નથી

उपदेशपद :

ઉપદેશમાળાની જેમ આચાર્ય હરિભદ્રસૂરિએ ૮ મા સૈકામા ઉપદેશપદની રચના કરી હતી, જે કથાઓનો અનુપમ ભંડાર ગણાય છે. મંદ બુદ્ધિવાલા લોકોને ધર્મબોધ આપવા માટે અનેક સરળ લોકકથાઓનો સંગ્રહ આ ગ્રંથમા મળે છે. એમા ૧૦૩૯ ગાથાઓ છે એના ઉપર મુનિચન્દ્રસૂરિની ૧૨ મા સૈકાની સુખબોધિની ટીકા પ્રાકૃત અને સંસ્કૃતમા ગદ્ય અને પદ્યમા મળે છે બીજી વૃત્તિ વર્ધમાનની ૧૩ મા સૈકાની મળે છે બુદ્ધિના ચાર ભેદો વિષેની દષ્ટાંત કથાઓ આ ગ્રંથમાં પણ મળે છે.

धर्मोपदेशमालाविवरण

કૃષ્ણમુનિના શિષ્ય જયસિંહસૂરિએ આ ગ્રંથની રચના નવમા સૈકામા કરી હતી આમા ૯૮ ગાથાઓ છે અને પોતે જ એના ઉપર મુખ્યત્વે ગદ્ય-

પોષાતી ગઈ અને જ્યારે આધુનિક આર્ય ભાષાઓનો ઉદય થયો ત્યારે તે તે ભાષાઓમા કથાગ્રંથોના સર્જનની પરંપરા અબાધ ગતિએ ચાલતી આવી છે આમ્રદેવસૂરિ પછીના કથાકોષ પ્રકારના મુખ્ય પ્રાકૃત ગ્રંથો આ રીતે ગણાવી શકાય—સંવેગરંગશાળા (જિનચંદ્રસૂરિ), કુમારપાલ પ્રતિબોધ (સોમપ્રભ), વિવેકમંજરી અને ઉપદેશકંદલી (આષાઢ), જયંતીપ્રકરણ (મલયપ્રભ), પ્રાકૃતકથાસંગ્રહ (કર્તા અજ્ઞાત), ઉપદેશરત્નાકર (મુનિસુંદર), વર્ધમાનદેશના (શુભવર્ધનગણિ) વગેરે વગેરે. પ્રાકૃતની જેમ અપભ્રંશ ભાષામાં ૧૧ મા સૈકાથી અને સંસ્કૃત ભાષામાં ૧૦ મા સૈકાથી કથાકોષોની રચનાઓ મળે છે. એટલે કથાઓ રચવાની પરંપરા ત્રણેય શિષ્ટ ભાષાઓમા સમાન રૂપે જોવા મળે છે ધર્મના પ્રચાર માટે કથાને એક પ્રમુખ સાધન ગણવામા આવ્યુ એટલે જ જૈન પરંપરામાં સાહિત્યના જે ચાર અનુયોગો (પ્રકાર, ક્ષેત્ર) પ્રથમાનુયોગ, ગણિતાનુયોગ, દ્રવ્યાનુયોગ અને ચરિતાનુયોગ ગણાવવામા આવ્યા છે તેમા પ્રથમાનુયોગ અર્થાત્ કથાનુયોગ સૌથી મોખરે રહ્યો.

૭ (અ) અભયકુમારની કથાના આધાર-સ્રોત

આગમસાહિત્ય અભયકુમારનો ઉલ્લેખ છેક આગમ ગ્રંથોમા મળે છે. તેના વિષે **नायाधम्मकहा**, **अनुत्तरोपपातिक** અને **निरयावलिका**મા જે માહિતી મળે છે તે આ પ્રમાણે છે. અભય રાજા શ્રેણિક અને નંદાનો વેન્નાતટમા જન્મેલો પુત્ર હતો તે બધા શાસ્ત્રો અને રાજનીતિમા નિષ્ણાત હતો રાજ્યના બધાં કાર્યો પોતે જાતે કરતો. તેણે રાણી ચેલ્લણા જે પોતાની સાવકી મા હતી તેનુ રાજા શ્રેણિક એટલે પોતાના પતિનાં હૃદયનુ માંસ ખાવાનુ દોહદ પૂરુ કર્યું હતું બીજું માંસ લાવી તેને રાજાની છાતી ઉપર બાંધી રાણીને ખબર ન પડે અને સાચુ હોય તે રીતે પોતાની ચતુરાઈથી તેણીને તે માંસ ખવડાવ્યુ હતુ. પોતાની બીજી સાવકી મા ધારિણીનુ પણ નોખુ દોહદ તેણે પૂર્ણ કર્યું હતુ વર્ષાઋતુ ન હોવા છતાં દેવતાની સહાયથી ધીમો વરસાદ વરસાવી તેમા હાથી ઉપર બેસાડી તેને નગરીમાં ફેરવી હતી અભયકુમારે છેલ્લે ભગવાન મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરી હતી અને એમ મનાય છે કે તે મહાવિદેહ ક્ષેત્રમા જન્મી મુક્ત થશે.

આપણી કથામા અભયકુમાર વિષેના જે પ્રસંગો છે તે ઉપર જણાવેલ આગમ સાહિત્યમાં જોવા મળતા નથી સિવાય કે તે નંદાનો પુત્ર હતો અને તેને બહુ બુદ્ધિશાળી હતો

આગમટીકાસહિત્ય : આવશ્યકસૂત્રનાં 'નમસ્કાર' પ્રકરણમા આવતી નિર્યુક્તિ (આવશ્યકનિર્યુક્તિ) ગાથાઓમા બુદ્ધિવિષે અને તેને લગતી અનેક કથાઓનો ઉલ્લેખ આ પ્રમાણે છે:

उप्पत्तिआ वेणइआ कंमिआ पारिणामिआ ।
वुद्धी चउव्विहा वुत्ता पंचमा नोवलब्भए ॥

[निर्युक्ति गाथा न ९३८]

भरह-सिल-पणिअ-रुक्खे खुड्डग-पड-सरड-काग-उच्चारे ।
गयघयणगोलखंभे खुड्डग मग्गित्थि पइ पुत्ते ॥ ९४०

નિર્યુક્તિ ગાથાઓમા માત્ર કથાનક અથવા તેના નાયકનો ઉલ્લેખ કરેલો હોય છે જ્યારે કથા મૌખિક પરંપરાથી કહેવામા આવતી હતી 'નિર્યુક્તિ પછી ચૂર્ણીઓ રચવામા આવી અને તેમા કથાઓનુ વર્ણન કરવામાં આવ્યુ છે ખુડ્ડુગ એટલે મુદ્રિકા, વીંટી અને તેના દૃષ્ટાત રૂપે અભયની કથા આવશ્યકચૂર્ણિમા મળે છે.

आवश्यकचूर्णि ની કથા :

आवश्यकचूर्णि મા જે સક્ષિપ્ત અથવા સૂત્ર શૈલીમાં કથા આવે છે તેનો નમૂનો આ પ્રમાણે છે

पसेणती राया, पुत्तो से सेणिओ, रायलक्खण सपण्णो, तस्स किंचि ण देति-'मा मारिज्जिहि' त्ति सो अद्धिइए णिग्गतो, वेण्णातड आगतो, वणिय-सालाए ठितो, तस्स [सेट्ठिस्स] लाभो तप्पभावेण [सेणिअप्पभावेण], सो भत्त देति, धूताए सपक्को, दिण्णा, रायाए [पसेणइए] लेहो विसज्जितो, सो आपुच्छति, सा [सुनदा] भणति-तुब्भेहिं कहिं ? सो भणति-अम्हे पंडरकुडगा रायगिहे गोवाला पसिद्धा, गतो य.. । (ભા ૧ પૃ ૫૪૬)

ઉપરનીજ કથા ફરી આવ ચૂર્ણિના બીજા ભાગમાં ઉદ્ધૃત ગાથાઓ વડે સક્ષેપમાં કહી તેથી આગળની કથા જે રીતે વર્ણવવામા આવી છે તેનો નમૂનો ·

.. .. सेणिको ते दट्ठूण अद्धितिं करेति, सो ततो निप्फिडितो विण्णा-तड गतो, जथा नमोक्कारे—

अचियत्त भोगऽदाण निग्गम वेण्णातडे य कासवए ।
लाभ घर नयण नेव्वग धूता सुस्सूसिगा दिण्णा ॥१॥

પોપાતી ગઈ અને જ્યારે આધુનિક આર્ય ભાષાઓનો ઉદય થયો ત્યારે તે તે ભાષાઓમા કથાગ્રંથોના સર્જનની પરંપરા અબાધ ગતિએ ચાલતી આવી છે. આમ્રદેવસૂરિ પછીના કથાકોષ પ્રકારના મુખ્ય પ્રાકૃત ગ્રંથો આ રીતે ગણાવી શકાય—સંવેગરંગશાળા (જિનચંદ્રસૂરિ), કુમારપાલપ્રતિબોધ (સોમપ્રભ), વિવેકમંજરી અને ઉપદેશકંદલી (આષાઢ), જયંતીપ્રકરણ (મલયપ્રભ), પ્રાકૃતકથાસંગ્રહ (કર્તા અજ્ઞાત), ઉપદેશરત્નાકર (મુનિસુંદર), વર્ધમાનદેશના (શુભવર્ધનગણિ) વગેરે વગેરે. પ્રાકૃતની જેમ અપભ્રંશ ભાષામાં ૧૧ મા સૈકાથી અને સંસ્કૃત ભાષામાં ૧૦ મા સૈકાથી કથાકોષોની રચનાઓ મળે છે. એટલે કથાઓ રચવાની પરંપરા ત્રણેય શિષ્ટ ભાષાઓમા સમાન રૂપે જોવા મળે છે. ધર્મના પ્રચાર માટે કથાને એક પ્રમુખ સાધન ગણવામા આવ્યુ એટલે જ જૈન પરંપરામા સાહિત્યના જે ચાર અનુયોગો (પ્રકાર, ક્ષેત્ર) પ્રથમાનુયોગ, ગણિતાનુયોગ, દ્રવ્યાનુયોગ અને ચરિતાનુયોગ ગણાવવામા આવ્યા છે તેમા પ્રથમાનુયોગ અર્થાત્ કથાનુયોગ સૌથી મોખરે રહલો.

૭ (અ) અભયકુમારની કથાના આધાર-સ્રોત

આગમસાહિત્ય : અભયકુમારનો ઉલ્લેખ છેક આગમ ગ્રંથોમાં મળે છે. તેના વિષે **नायाधम्मकहा, अनुत्तरोपपातिक** અને **निरयावलिका**મા જે માહિતી મળે છે તે આ પ્રમાણે છે. અભય રાજા શ્રેણિક અને નંદાનો વેન્નાતટમા જન્મેલો પુત્ર હતો. તે બધા શાસ્ત્રો અને રાજનીતિમા નિષ્ણાત હતો. રાજ્યના બધાં કાર્યો પોતે જાતે કરતો. તેણે રાણી ચેલ્લણા જે પોતાની સાવકી મા હતી તેનું રાજા શ્રેણિક એટલે પોતાના પતિનાં હૃદયનુ માસ ખાવાનુ દોહદ પૂરું કર્યું હતું. બીજું માસ લાવી તેને રાજાની છાતી ઉપર બાંધી રાણીને ખબર ન પડે અને સાચુ હોય તે રીતે પોતાની ચતુરાઈથી તેણીને તે માંસ ખવડાવ્યુ હતુ. પોતાની બીજી સાવકી મા ધારિણીનુ પણ નોખુ દોહદ તેણે પૂર્ણ કર્યું હતુ. વર્ષાઋતુ ન હોવા છતાં દેવતાની સહાયથી ધીમો વરસાદ વરસાવી તેમા હાથી ઉપર બેસાડી તેને નગરીમાં ફેરવી હતી. અભયકુમારે છેલ્લે ભગવાન મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરી હતી અને એમ મનાય છે કે તે મહાવિદેહ ક્ષેત્રમા જન્મી મુક્ત થશે.

આપણી કથામા અભયકુમાર વિષેના જે પ્રસંગો છે તે ઉપર જણાવેલ આગમ સાહિત્યમાં જોવા મળતા નથી સિવાય કે તે નંદાનો પુત્ર હતો અને તે અતિ બુદ્ધિશાળી હતો

આગમટીકાસહિત્ય : आवश्यकसूत्रनां 'નમસ્કાર' પ્રકરણમા આવતી નિર્યુક્તિ (आवश्यकनिर्युक्ति) ગાથાઓમા બુદ્ધિવિષે અને તેને લગતી અનેક કથાઓનો ઉલ્લેખ આ પ્રમાણે છે.

उप्पत्तिआ वेणइआ कंमिआ पारिणामिआ ।
बुद्धी चउव्विहा वुत्ता पंचमा नोवलब्भए ॥
[निर्युक्ति गाथा न ९३८]

भरह-सिल-पणिअ-रुक्खे खुड्डुग-पड-सरड-काग-उच्चारे ।
गयघयणगोलखंमे खुड्डग मग्गित्थि पइ पुत्ते ॥ ९४०

નિર્યુક્તિ ગાથાઓમા માત્ર સ્થાનક અથવા તેના નાયકનો ઉલ્લેખ કરેલો હોય છે. જ્યારે કથા મૌખિક પરપરાથી કહેવામા આવતી હતી. નિર્યુક્તિ પછી ચૂર્ણીઓ રચવામા આવી અને તેમા કથાઓનુ વર્ણન કરવામા આવ્યુ છે ખુડ્ડુગ એટલે મુદ્રિકા, વીંટી અને તેના દૃષ્ટાત રૂપે અભયની કથા आवश्यकचूर्णिમા મળે છે.

आवश्यकचूर्णि ની કથા :

आवश्यकचूर्णि મા જે સક્ષિપ્ત અથવા સૂત્ર શૈલીમા કથા આવે છે તેનો નમૂનો આ પ્રમાણે છે.

पसेणती राया, पुत्तो से सेणिओ, रायलक्खण सपण्णो, तस्स किंचि ण देति-'मा मारिज्जिहि' त्ति सो अद्धिइए णिग्गतो, वेण्णातड आगतो, वणियसालाए ठितो, तस्स [सेट्ठिस्स] लाभो तप्पभावेण [सेणिअप्पभावेण], सो भत्त देति, धूताए संपक्को, दिण्णा, रायाए [पसेणइए] लेहो विसज्जितो, सो आपुच्छति, सा [सुनदा] भणति-तुब्भेहिं कहिं? सो भणति-अम्हे पडरकुडगा रायगिहे गोवाला पसिद्धा, गतो य . . . । (ભા ૧ પૃ ૫૪૬)

ઉપરની જ કથા ફરી આવ. ચૂર્ણિના બીજા ભાગમા ઉદ્ધૃત ગાથાઓ વડે સક્ષેપમાં કહી તેથી આગળની કથા જે રીતે વર્ણવવામા આવી છે તેનો નમૂનો :

..... सेणिको ते दट्ठूण अद्धितिं करेति, सो ततो निप्फिडितो विण्णातड गतो, जधा नमोक्कारे—

अचियत्त भोगऽदाण निग्गम वेण्णातडे य कासवए ।
लाभ घर नयण नेत्तग धूता सुस्सूसिगा दिण्णा ॥१॥

છુપાઈને વસંતક સાથે ત્યાં આવેલો હતો) વેશ બદલીને ઉન્મત્તકની જેમ બકવાટ કરવા લાગ્યો કે જો મારા રાજા માટે તારું (વાસવદત્તાનું) અપહરણ ન કરું તો હું યૌગંધરાયણ નહિ. રાજા પ્રદ્યોતે એને જોઈ લીધો ત્યારે યૌગંધરાયણ પિશાચની જેમ અથવા ભૂત વળગ્યું હોય તેવું વર્તન કરવા લાગ્યો રાજાએ આવું જોઈને તેના તરફથી પોતાનું ધ્યાન હટાવી લીધું. ઉદયન અને વાસવદત્તા એવા સમયે નાસી ગયા હતી કાંચનમાળા આ રહસ્યને જાણતી હતી વસંતકને મહાવત બનાવવામાં આવ્યો હતો ચાર મૂત્રના કળશિયા સાથે લઈ લીધા હતા ઘોષવતી વીણા પણ સાથે હતી ભદ્રવતી હાથણીને જ્યારે સજ્જ કરવામાં આવી ત્યારે એક અંધ મંત્રીએ ઉદ્ઘોષણા કરી કે પલાણ ગોઠવતી વખતે હાથણી ચીસ પાડે છે એટલે સો યોજન જઈને એ મરણ પામશે. જતી વખતે ઉદયને બધા લોકોની વચ્ચે એક સંસ્કૃત શ્લોકનું ઉચ્ચારણ કર્યું હતું જે આપણી કથામાં આવે છે તેવો જ છે.

एषः प्रयाति सार्थं काञ्चनमाला वसन्तकश्चेति ।
भद्रवती घोषवती वासवदत्ता उदयनश्च ॥

ત્યાર પછી નગરીમાં આગ બુઝાવવી, દેવના ઉપદ્રવને શાંત કરવો, ચાર વરદાન વડે શિવાગણીના ખોળામાં બેસી અગ્નિપ્રવેશ કરવા માટેની માંગણી કરવી, પ્રદ્યોત દ્વારા અભયકુમારની મુક્તિ વગેરેના પ્રસંગો એમના એમ વર્ણવેલા છે. ઉજ્જયિનીથી જતી વખતે અભયે રાજા પ્રદ્યોતને ચેતવણી આપી હતી કે તમારું જો સૂર્યના પ્રકાશમાં અપહરણ ન કરું તો હું અગ્નિમાં પ્રવેશ કરીશ, આવું કહીને પોતાની પત્નીને સાથે લઈ રાજગૃહ આવી ગયો. અભય થોડા દિવસો પછી બે જુવાન ગણિકાપુત્રીઓને સાથે લઈ એક વણિકના વેશમાં ઉજ્જયિની ગયો અને રાજા પ્રદ્યોતને બાંધી [illegible] સૂર્યના પ્રકાશમાં તેનું અપહરણ કર્યું. વળી અ[illegible]નાથી રાજા શ્રેણિકે પ્રદ્યોતનું સન્માન કરી તેને જવા દીધો

ચૂર્ણિની કથા ઉપરથી સ્પષ્ટ જણાય [illegible] કે
કથાનક માટે ચૂર્ણિનો પૂરો ઉપયોગ [illegible]
એમને એમ તેમાંથી પોતાના [illegible]
રાખે એમના એમ આપ્યા [illegible]
ઉપરથી જણાઈ આવે છે.

૭. (ખ) અભયના અન્ય ચમત્કારો

અભયની ચમત્કારી બુદ્ધિથી પ્રસન્ન થઈ રાજા શ્રેણિકે તેને બધો રાજ્યભાર સોંપી દીધો હતો અને અભય બધું રાજ્યકાર્ય ચલાવતો હતો આખ્યાનકમણિકોશવૃત્તિમાજ આ કથાનક સિવાયના બીજા સ્થળોએ[1] અભયના ચમત્કારોના વખાણ કરવામા આવ્યાં છે લગભગ આ બધા પ્રસંગો આવશ્યક–ચૂર્ણિ, સૂત્રકૃતાગ–ચૂર્ણિ, નંદીચૂર્ણિ, દશવૈકાલિક–ચૂર્ણિ, હરિભદ્રકૃત આવશ્યક–વૃત્તિ, વ્યવહારસૂત્રની મલયગિરિકૃત ટીકા વગેરેમાં મળે છે. અભયના ચમત્કારો એવા લોકપ્રિય હતા કે પછીનાં કથાસાહિત્યમા પણ તેમને સ્થાન મળતુ રહ્યું છે આચાર્ય હેમચંદ્રકૃત ત્રિષષ્ટિશલાકા-પુરુષચરિત્ર[2]મા પણ અભયની કથા આવે છે. નીચે અભયકુમારના અનેક ચમત્કારો આપવામા આવ્યા છે. વિશેષ વિગતો માટે મૂળ ગ્રંથો જોવા જોઈએ[3] અને લોક–પ્રચલિત આવી જ અન્ય કથાઓ સાથે તેમની સરખામણી કરવી ઘટે

ચેલ્લણાનુ અપહરણ : અભયે શ્રેણિક માટે વૈશાલીના રાજા ચેટકની પુત્રીનું અપહરણ કર્યું હતુ ચેટકની પુત્રી સુજ્યેષ્ઠાનુ ચિત્ર જોઈને શ્રેણિકે ચેટક પાસે તેની માગણી કરી ચેટકે ના પાડી દીધી. ત્યાર પછી અભય વાણિયાનુ રૂપ કરીને વૈશાલીમા આવ્યો ત્યા કન્યાઓના અન્તઃપુર પાસે હાટ ખોલ્યો અને તેમા શ્રેણિકનુ ચિત્ર ટાંગી રાખ્યુ. શ્રેણિકનુ ચિત્ર જોઈ સુજ્યેષ્ઠા શ્રેણિક ઉપર મોહિત થઈ ગઈ. સુજ્યેષ્ઠાએ પોતાની ઇચ્છા પ્રગટ કરી ત્યારે અભયે પોતાનાં ઘરથી મહેલ સુધી એક સુરંગ ખોદાવી અને શ્રેણિકને ત્યા બોલાવી લીધો. શ્રેણિક સુરંગના રસ્તે સુજ્યેષ્ઠાને લેવા ગયો. સુજ્યેષ્ઠાએ પોતાની નાની બહેન ચેલ્લણાને જવા માટેની ખબર આપી ત્યારે તે પણ તેની સાથે જવા નીકળી સુજ્યેષ્ઠા દાગીના લેવા ગઈ એટલામા ચેટકના માણસો આવી

---

૧. જુઓ આખ્યાન નં ૬, ૮, ૨૭, ૨૮, ૩૩, ૩૮, ૮૩, ૮૭ અને ૧૧૯

૨. સર્ગ, ૧૦.૬–૭, ૧૧–૧૨

૩ See Abhaa in Prakrit Proper Names, Part I,
વિસ્તાર માટે જુઓ : (૧) અભયકુમાર ચરિત્રમ્–ચંદ્રતિલક ઉપાધ્યાય (સંસ્કૃત), (૨) ગુજરાતી અનુવાદ–અભયકુમાર મંત્રીશ્વરનુ જીવનચરિત્ર, ભાગ ૧–૪, મોતીચંદ ઓધવજી શાહ, (૩) અભયકુમાર મંત્રીશ્વરનો રાસ–લક્ષ્મીવિનય

પહોચ્યા. જલદીમાં શ્રેણિકને ખબર ન પડી અને તે ચેલ્લણાને જ લઈ ભાગ્યો.

ચેલ્લણાનું દોહદ પૂરું કરવું : શ્રેણિકની રાણી ચેલ્લણાને જ્યારે કુણિક—અજાતશત્રુનો ગર્ભ રહ્યો ત્યારે તેને પોતાના પતિના ઉદરનું માંસ ખાવાની ઇચ્છા થઈ એ જાણી શ્રેણિક રાજાને બહુ ચિંતા થઈ અભયે શ્રેણિકને સાંત્વના આપી આ કાર્ય કરવાનું ઉપાડી લીધું. તેણે ખરગોશનું માંસ મંગાવ્યું અને શ્રેણિકનાં પેટ ઉપર બાંધી દીધું. પછી તેણે શ્રેણિકને પલંગ ઉપર સુવાડી દીધો ચેલ્લણાને બીજા કક્ષમાં બેસાડી તેની નજર સમક્ષ પણ તેને ખબર ન પડે તેવી રીતે માંસના કકડા કરવામાં આવ્યા. શ્રેણિકે પણ એ વખતે બહુ પીડા થતી હોય એવો દેખાવ કર્યો ચેલ્લણાએ એ માંસ ખાઈ દોહદ પૂરું કર્યું.

ચેલ્લણાને આગથી બચાવવી : શિયાળાની કડકડતી ટંડીમાં એક મુનિ ઊભા રહીને કઠણ તપશ્ચર્યા કરતા હતા એક વાર ચેલ્લણાએ તેમને જોયા રાત્રે ઊંઘમાં તેમને વિષે ચેલ્લણાથી બોલાઈ ગયું કે, એ આવી ટંડી કેવી રીતે સહન કરી શકશે. રાજા શ્રેણિકે એ સાંભળી લીધું અને તેના મનમાં ચેલ્લણા વિષે શંકા ઊભી થઈ કે આ કોઈ અન્ય પુરુષ સાથે પ્રેમ કરે છે અને તેના વિષે અત્યારે બોલી રહી છે તેથી તેણે અભયને હુકમ કર્યો કે ચેલ્લણાનું મહેલ સળગાવી મૂકો. અભયને પૂરી ખાત્રી હતી કે ચેલ્લણા નિશ્ચયપણે પવિત્ર છે એટલે તેણે ચેલ્લણાના મહેલને બદલે જોડેની હસ્તિશાળા સળગાવી દીધી અને એવી હો હા કરી કે, જાણે મહેલ બળીને ભસ્મ થઈ ગયો હોય શ્રેણિકે મહાવીર પાસેથી જ્યારે જાણ્યું કે ચેલ્લણા સતી છે ત્યારે તેને બહુ પસ્તાવો થયો અને અભયને તેના વિચાર વગરના કાર્ય માટે ઠપકો આપ્યો ત્યારે અભયે સ્પષ્ટ કર્યું કે, પિતાશ્રી, ચેલ્લણાને તો મેં બચાવી લીધી છે શ્રેણિક તેની બુદ્ધિ ઉપર બહુ ખુશ થયો

એક દંડીઓ મહેલ શ્રેણિકે ચેલ્લણા પ્રત્યે પોતાનો ગાઢ પ્રેમ દર્શાવવા તેના માટે એક દંડીઓ મહેલ બનાવવા માટે અભયને સૂચના આપી અભયે એક સુથારને એ કાર્ય આપ્યું તે વનમાં ગયા અને એક યોગ્ય ઝાડ પસંદ કર્યું સુથારે વિધિપૂર્વક પૂજન કરી તેને કાપવાનું નક્કી કર્યું ત્યારે તે ઝાડના વ્યંતર દેવતાએ પ્રગટ થઈને અભયકુમારને કહ્યું કે તમે આ ઝાડ કાપવાનું સાહસ મા કરો. હું તમારા માટે એક સુંદર મહેલ બનાવી આપીશ.

અભયે સુથારને બોલાવી લીધો અને તે દેવતાએ એક સરસ ઉદ્યાન જે બધી ઋતુઓમાં ફલનો ફૂલતો હતો તેની વચ્ચે એક દડીઓ મહેલ તૈયાર કર્યો રાણી ચેલ્લણા પછી તેમાં રહેવા લાગી.

કેરીના ચોરને પકડવો અને શ્રેણિક દ્વારા મંત્ર શીખવું : એક માતગ પોતાની પત્નીનુ દોહદ પૂરુ કરવા માટે ચેલ્લણાના બગીચામાંથી પોતાની વિદ્યાવડે (મત્રથી) આમ્રફળ તોડી લાવતો હતો. ફલરહિત ઝાડ જોઇને ચેલ્લણાને બહુ દુખ થયુ. ચોરની તલાશ માટે અભયને કાર્ય સોપવામા આવ્યુ. અભય નાગરિકજનોના એક સગીતક મેળાવડામા ગયો અને ત્યા બેઠેલા જાત જાતના બધા માણસો વચ્ચે એક કથાનક કહી સભળાવ્યુ. એક શેઠની પુત્રી મનપસદ વર પ્રાપ્ત કરવા માટે એક દેવતાની આરાધના કરતી અને તેની પૂજા માટે એક બગીચા-માથી ચોરીથી ફૂલ તોડી લાવતી હતી એક વાર બાગવાનના હાથે તે પકડાઈ ગઈ અતિ સુદર હોવાને કારણે બાગવાને તેની સાથે કામક્રીડાનો પ્રસ્તાવ કર્યો પેલી છોકરીએ કહ્યુ કે, હુ કુંવારી છુ, મને છોડી દો. બાગવાને વિવાહ પછી આવવાની તેની પાસે પ્રતિજ્ઞા કરાવી તેને મુક્ત કરી દીધી લગન પછી પહેલી રાત્રિએ પોતાના પતિની આજ્ઞા લઈને તે બાગવાન પાસે જાય છે રસ્તામાં લુટારાઓ અને રાક્ષસ તેને લુટવાનો અને લઈ જવાનો પ્રયત્ન કરે છે પણ તે સત્ય હકીકત કહી સભળાવે છે અને પાછી ફરતી તેમની પાસે આવશે એમ કહેવાથી બધા તેને છોડી દે છે બાગવાન પાસે જ્યારે તે પહોચે છે ત્યારે તે તેના સત્ય આચરણથી આશ્ચર્ય પામે છે અને તેને છોડી દે છે. આવુ જ રાક્ષસ અને લુટારાઓ સાથે થાય છે અને તે પતિવ્રતા પવિત્ર રહીને પોતાના પતિ પામે પાછી ફરે છે. પતિ એની પવિત્રતાથી બહુ ખુશ થાય છે

અભયે પછી લોકોને પૂછયુ કે, આ કથામા કોણે સહુથી દુષ્કર કાર્ય કર્યું ઈર્ષ્યાળુ, ભૂખથી પીડાતા અને પ્રેમીઓએ પોતપોતાની રીતે ઉત્તર આપ્યો પણ પેલા માતગ ચોરે કહ્યુ કે, લુંટારાઓએ છોકરીને છોડી દીધી એ બહુ દુષ્કર કહેવાય, અભયે તરત જાણી લીધુ કે એ જ કેરીનો ચોર છે અને તેને પકડી લીધો.

તેને સજા આપવાને બદલે અભયની સલાહથી રાજા શ્રેણિકે તે માતગ પાસેથી મંત્રવિદ્યા શીખી લીધી જ્યા સુધી રાજા સિહાસન ઉપર બેસીને મત્રનો પાઠ કરતા ત્યા સુધી તે શીખી ન શક્યા. અભયની સલાહથી

માતંગને જે ગુરૂ સમાન હતો સિંહાસન ઉપર બેસાડવામાં આવ્યો અને રાજા નીચે જમીન ઉપર બેઠો ત્યારે તે મંત્રનો પાઠ પામી શક્યો.

ચેલ્લણાનો હાર શોધી કાઢવો રાજા શ્રેણિકે રાણી ચેલ્લણાને એક બહુમૂલ્ય હાર આપ્યો હતો, તે એક વાર તૂટી ગયો. કોઈ એને સાંધી શક્યો નહી કારણ કે એને સાંધનાર મૃત્યુ પામશે એવું હતું રાજાએ ઢંઢેરો પીટાવીને ઘોષણા કરાવી કે જે એને સાંધશે તેને લક્ષદ્રવ્ય આપવામાં આવશે એક વૃદ્ધ મણિકારે એને સાંધ્યો તો ખરો પણ એ તરત જ મૃત્યુ પામ્યો. રાજાએ એના પુત્રોને પૂર્વઘોષિત દ્રવ્ય આપ્યું નહી. પેલો મણિયાર મરીને વાનર થયો હતો. તે ફરતો ફરતો તેના જૂનાં ઘરમાં આવ્યો. તેના પુત્રોને જોઈને તેને જાતિસ્મરણ થયું. તેણે પુત્રો પાસેથી જાણ્યું કે રાજાએ દ્રવ્ય આપ્યું નથી, એટલે એ વાનર રોષે ભરાઈ ગયો અને હાર ચોરવા માટે છિદ્રો શોધવા લાગ્યો. એક વાર ચેલ્લણા બગીચામાં ફરતી હતી અને વાવમાં ન્હાવા ઉતરી ત્યારે પોતાના દાગીના ઉતારીને દાસીને આપી દીધા. દાસીએ તેનું પોટળું કરીને માથાં ઉપર મૂકી દીધું. તે વાનર ત્યાં આવી પહોંચ્યો પેલા પોટલામાંથી છાનેમાને હાર લઈને તે રફૂચક્કર થઈ ગયો અને પોતાના પુત્રને આપી આવ્યો રાણી સ્નાન કરીને આવી ત્યારે હાર ખોવાયેલો જોયો. બહુ શોધ કરી પણ હાર જડ્યો નહી. અભયકુમારને હાર શોધી કાઢવા માટે કામ સોંપવામાં આવ્યું. અભયે સાત દિવસમાં તપાસ કરવાની પ્રતિજ્ઞા લીધી છ દિવસ પૂરા થઈ ગયા પણ હાર શોધાયો નહી અંતમાં સાતમા દિવસે એક ઉપાશ્રયમાં આવી ધ્યાન કરવા લાગ્યો તેની બહાર એક આચાર્ય કાયોત્સર્ગ મુદ્રામાં બેઠા હતા. આ બાજુએ પેલા મણિયારના પુત્રને થયું કે જો આ હાર મારી પાસે જોશે તો રહીશ હું પકડાઈ જઈશ એટલે તેણે આ હાર વાનરને જ પાછો આપી દીધો વાનર તે હાર બીજાઓને નહી આપતા કારણ કે તેથી બીજાઓનો જાન જોખમાશે એટલે પેલા સાધુના કંઠમાં નાખી દીધો અને ત્યાંથી જતો રહ્યો. સવારમાં અભયે તે હારને જોયો પોતાને ભાગ્યવાન માની તે હાર લઈ ગયા અને રાણી ચેલ્લણાને આપી દીધો

ધારિણીનું દોહદ : શ્રેણિકની રાણી અને અભયની સાવકી મા ધારિણીને જ્યારે મેઘકુમારના જીવનો ગર્ભ રહ્યો ત્યારે તેને વર્ષાઋતુ ન હોવા છતાં [illegible] વરસાદમાં હાથી ઉપર બેસીને મહારાજા સાથે

શહેરમાં ફરવાનુ દોહદ ઉત્પન્ન થયુ. મહારાજ શ્રેણિક માટે આ એક સમસ્યા હતી. અભયે એ કામ કરવાનુ ઉપાડ્યુ. તેણે પોતાના ઇષ્ટ દેવની વિધિપૂર્વક સાધના કરી અને તેમની સહાયતાથી વરસાદ વરસવા માડ્યો. ધારિણીને શ્રેણિક સાથે હાથી ઉપર બેસાડી ફેરવવામા આવી અને તેની ઇચ્છા પૂરવામા આવી

રૌહિણેય ચોરને પકડવો : વૈભારગિરિની ગુફામા લોહખુર નામનો એક જબરજસ્ત ચોર વસતો હતો. મરતી વખતે તેણે પોતાના પુત્ર રૌહિણેયને આજ્ઞા કરી કે ભૂલે ચૂકે ભગવાન મહાવીરનાં વચનો ન સાભળતો રૌહિણેય પણ પોતાના પિતાની જેમ ચોરીઓ કરતો. રાજગૃહીના લોકો એથી તગ આવી ગયા બહુ પ્રયત્ન કર્યા પણ નગરરક્ષકો ચોરને પકડી શક્યા નહી. એક વાર તે ચોરી કરવા જતો હતો ત્યારે મહાવીર ઉપદેશ આપી રહ્યા હતા એટલે તેને પોતાના કાનમાં આગળીઓ પૂરી દીધી જેથી ભગવાનનો ઉપદેશ કાનમાં ન પડે આગળ ચાલતાં પગને કાંટો વાગ્યો તેને કાઢવા માટે કાનમાંથી આંગળી કાઢી કે તરત મહાવીરના મુખેથી દેવતાઓની ઋદ્ધિ અને તેમના સુખ વિષે રૌહિણેયે સાંભળ્યુ. પછી ફરી કાનમા આગળી મૂકી તે ચાલતો થયો. અભયકુમારે એક વાર જ્યારે તેને રૌહિણેયના પ્રવેશની ખબર મળી ત્યારે નગરીના બધા દ્વારો બધ કરાવી તેને સૈન્ય વડે પકડાવી લીધો પરતુ તેની પાસે ચોરીનો કોઈ માલ મળ્યો નહી. રૌહિણેયે રાજા સમક્ષ જુઠુ કહી દીધુ કે હુ તો પડોશના ગામનો રહેવાસી છુ. પાડોશના ગામમા તપાસ કરવામા આવી તો લોકોએ પહેલા નક્કી કર્યા પ્રમાણે જણાવ્યુ કે, પેલો અમારા ગામનો જ માણસ છે હવે રૌહિણેયને સાબિત કરવા માટે અભયે એક યુક્તિ ઘડી તેણે એક મોટો સુવર્ણ મહેલ તૈયાર કરાવી દેવલોકની બધી આનંદ પ્રમોદની સામગ્રીથી તેને સજ્જ કર્યો. અભયે રૌહિણેયને શરાબ પિવડાવી ત્યાં મહેલમાં સુવડાવી દીધો. ત્યાંની સમૃદ્ધિ, સુદરીઓ અને એશઆરામની વસ્તુઓ જોઈ એને બહુ આશ્ચર્ય થયુ. ત્યાના સેવકો પોતે બધા દેવ હોય એમ આચરણ કરતા અને રૌહિણેયનુ દેવાધિપતિની જેમ સન્માન કરતા. તેઓએ એને પૂછ્યુ કે આપે કયા કર્યા સારા પુણ્યશાળી કામ કર્યા એટલે દેવલોકમાં આવ્યા રૌહિણેયે ખોટુ ખરું કહી સભળાવ્યુ. 'પછી ખરાબ કાર્યો વિષે પૂછવામા આવ્યુ ત્યારે રૌહિણેયે ચતુરાઈથી કહ્યુ કે, જે પુણ્યનાં કાર્યો કરતો હોય તે ખોટાં કામ કઈ રીતે કરતો હશે ? અભયને બધુ

જણાવવામાં આવ્યુ. ત્યારે એને થયુ કે આ તો ખરો ચાલાક નીકળ્યો. રૌહિણેયને પણ વિચાર આવ્યો કે પ્રભુ મહાવીરનાં એક જ વાર વચન સાંભળીને હુ અહી બતાવી શક્યો કે, સારા કામ કરવાથી સ્વર્ગ મળ્યો છે અને તેથી મારો જાન બચી ગયો છે, તો પછી ભગવાનના બધા ઉપદેશો સાંભળ્યા હોત તો મારો કેવો ઉદ્ધાર થયા હોત. એણે મનમા નક્કી કર્યું કે, જો હુ અહીથી મુક્ત થઈ જાઉ તો પછી ભગવાનનો શિષ્ય બનીશ. અભયકુમાર પોતે ભગવાન પાસે ગયો અને એ માણસ વિષે પૂછ્યુ કે, એ (રૌહિણેય) ચોર છે કે નહીં ત્યારે ભગવાને કહ્યુ કે, પહેલા હતો, હવે એ નહી રહ્યો અને મારો શિષ્ય છે. ત્યારે અભયે એને છોડી મૂક્યો અને તેણે મહાવીર પાસે દીક્ષા સ્વીકારી લીધી.

કઠિયારા મુનિને લોકનિંદામાંથી મુક્તિ અપાવવી : એક વાર ભગવાન મહાવીરના પ્રમુખ શિષ્ય અને ગણધર સુધર્માસ્વામી પાસે એક કારીગરે (કઠિયારાએ) દીક્ષા ગ્રહણ કરી લોકો એને જોઈને ઉપહાસ કરવા લાગ્યા કે, ચાલો, બિચારાને ઉદરપૂરણની ચિન્તા તો આળમી। રહેવાનુ પણ સુખ થશે અને સતત દુઃખમાથી છૂટ્યો. અપમાનથી કંટાળીને મુનિએ રાજગૃહ છોડી જવાનો વિચાર કર્યો ત્યારે અભયે એનો રસ્તો કાઢ્યો તેણે રત્નો ભરેલી ત્રણ પેટીઓ ચોટાં વચ્ચે મુકાવી અને ઉદ્ઘોષણા કરાવી કે મંત્રી રત્નો વહેંચે છે. લોકો ભેગા થયા ત્યારે અભયકુમારે કહ્યુ કે, જેણે સ્ત્રી, અગ્નિ અને જલનો ત્યાગ કર્યો હોય તે રત્નમંજૂષા લઈ જાય. લોકો વિનયપૂર્વક કહેવા લાગ્યા કે એટલા વાના ત્યજી દીધા હોય તો પછી આ રત્નોનુ પ્રયોજન જ શુ ? અભયકુમારે કહ્યુ કે, આ મુનિ (કઠિયારો) એવા છે એટલે એને એ આપી દઉં. તમે બધા પંડિત બનો એમનો ઉપહાસ કરો છો જ્યારે ખરેખર તો દુષ્કર કાર્ય એ મુનિ કરે છે કે એણે અમૂલ્ય રત્નોનો પણ ત્યાગ કર્યો છે નાગરિકોએ પશ્ચાત્તાપ કર્યો અને તે પછી મુનિનુ બહુમાન કરવા લાગ્યા

જલકાંતમણિની શોધ (સેચનક હાથીને છોડાવવો) રાજા શ્રેણિકનો એકમાત્ર શ્રેષ્ઠ હાથી સેચનક એક વાર પાણી પીવા નદીમા ઊતર્યો કે તેને તંતુ નામના જલચરે પકડી લીધો તેને છોડાવવા માટે બહુ પ્રયત્ન કરવામા આવ્યા પરંતુ કંઈ થયુ નહી. રાજાએ અભયકુમારને કાર્ય સોંપ્યું. અભયે કહ્યું કે, જલકાંતમણિ પાણીમા નાખવામા આવે તો જ હાથીને છોડાવી શકાય. રાજાએ ઢંઢેરો પિટાવ્યો કે જો કોઈ

જલકાંત મણિથી હાથીને છોડાવશે તેને પોતાની પુત્રી પરણાવશે અને અડધું રાજ્ય આપશે. પેલા કંદોઈને ખબર પડી જેણે કૃતપુણ્ય શેઠનાં અણસમજુ બાલક જ્યારે તે મિઠાઈ ખરીદવા આવ્યો ત્યારે તેની પાસેથી જલકાંતમણિ પડાવી લીધો હતો તે બહુ ખુશ થયો અને તેણે જલકાંત મણિ નદીમાં નાંખી દીધો. તેથી પાણીના બે ભાગ થઈ ગયા અને પાણીની જગ્યાએ જમીન ખુલ્લી થઈ ગઈ. તંતુ ત્યાંથી નાસી ગયો અને હાથી મુક્ત થઈ ગયો. રાજાને ચિંતા થઈ કે એક કંદોઈને મારી પુત્રી કેવી રીતે પરણાવવી? અભયે કહ્યું કે, હે રાજન, નીરાને ત્યાં જલકાંત મણિ કેવી રીતે એટલે તેણે તપાસ હાથ ધરી. કંદોઈને પૂછવામાં આવ્યું ત્યારે બીકને લીધે બધું સત્ય કહી સંભળાવ્યું. કંદોઈને ઉચિત ઇનામ આપી છોડી દેવામાં આવ્યો અને જલકાંતમણિના સ્વામી કૃતપુણ્યને રાજાએ પોતાની કુમારી પરણાવી દીધી. કૃતપુણ્ય તેની સાથે સુખપૂર્વક રહેવા લાગ્યો

શેઠપુત્ર કૃતપુણ્યને પોતાની પ્રિયાઓ સાથે સંયોગ કરાવવો : જલકાંત મણિ વિષેનો બનાવ જાણી કૃતપુણ્યે પોતાની પત્નીને તેના વિષે પૂછ્યું. તેણીએ જણાવ્યું કે આપ પરદેશથી આવ્યા ત્યારે ભાતાના મોદકોમાં રત્નો સંતાડેલા હતા, તેમાંથી એક મોદક મેં આપણા બાલકને આપ્યો હતો. એ જાણી કૃતપુણ્યને થયું કે પેલી વિધવા શેઠાણી મહિમાની ચારે પુત્રવધૂઓને મારા પ્રત્યે બહુ પ્રેમ છે નહીતર ભાતામાં બહુમૂલ્ય રત્નો સંતાડીને કોણ આપે. તેણે મહિમાએ કરેલી ઠગાઈ વિષેની વાત અભયને જણાવી—'વેશ્યાના સંગથી સાવ પાયમાલ થઈને એક વાર પરદેશ જવા માટે હું બહાર નીકળ્યો ત્યારે એક વિધવા શેઠાણી છળકપટથી મને સૂતેલાને ઉઠાવીને પોતાના ઘેર લઈ ગઈ. તેણે સંતાન રહિત ચાર પુત્રવધૂઓ હતી જેમનો પતિ વહાણ ડૂબી જતા મરી ગયો હતો અઢળક સંપત્તિ રાજાના કબજામાં ન જાય એટલે તે કોઈક બનાવટી પતિની શોધમાં હતી મને જૂઠો પુત્ર બનાવી તેણે પુત્રવધૂઓ સાથે મારો પતિ જેવો સંબંધ કરાવી દીધો. તેમના સૌંદર્ય અને વૈભવથી મુગ્ધ થઈ હું પણ ત્યાં બાર વર્ષ સુધી રહ્યો એ દરમિયાન પુત્રવધૂઓને એક એક પુત્ર થયો પેલી શેઠાણીએ પોતાનું કાર્ય થઈ જતાં મને દગો કરીને કાઢી મૂક્યો તે વખતે ચારે પત્નીઓએ મારા પ્રત્યે તેમનો પ્રેમ વ્યક્ત કરવા માટે મને બહુમૂલ્ય રત્નો સંતાડી ભાતાના મોદકો આપ્યા હતા.' હવે હું તેમને પામવા ઇચ્છું છું એટલે મને તમે સહાય કરો અભયે એક યુક્તિ

ઘડી કાઢી. તેણે એક મંદિર તૈયાર કરાવ્યું અને તેમાં હુબહુ કૃતપુણ્ય હોય તેવી એક યક્ષમૂર્તિની સ્થાપના કરાવી. નગરીમાં ઢંઢેરો પિટાવ્યો કે પુત્રવતી સ્ત્રીઓએ તેમની પૂજા કરવી અને જે કોઈ તેથી વંચિત રહેશે તેને ત્યાં ઉપસર્ગ થવાની શક્યતા છે અને તે કોઈ પણ રીતે ટાળી શકાય નહીં. પેલી શેઠાણીની ચારે પુત્રવધૂઓ પોતાનાં બાળકો સાથે પૂજા માટે ત્યાં આવી. બાળકો યક્ષને પોતાના પિતા છે એમ જાણી તેમના ખોળામાં બેસી બાપા, બાપા, એમ કરવા લાગ્યાં. અભય અને કૃતપુણ્ય તરત જ ત્યાં હાજર થયા. પેલી વધૂઓ લજ્જાથી શરમાઈ ગઈ અને શેઠપુત્રને પગે પડી. અભયે તેમની સાસુને કપટ કરવા માટે બહુ ફટકારી અને ત્યાંથી કાઢી મૂકી. પછી કૃતપુણ્ય ચારે પ્રિયાઓ અને તેમની અઢળક સંપત્તિ સાથે સુખપૂર્વક રહેવા લાગ્યા.

ધોબીની બદમાશી પકડવી : એક વાર રાજા શ્રેણિકે રેશમી વસ્ત્ર ધોવા માટે ધોબીને આપ્યાં. કૌમુદીનો મહોત્સવ હતો એટલે ધોબીએ પોતાની પત્નીઓને પહેરવા માટે તે વસ્ત્રો આપી દીધાં. શ્રેણિક અને અભય પણ પોશાક બદલીને ગુપ્ત રીતે ઉત્સવમાં ભાગ લેવા ગયા. તેઓએ તે વસ્ત્ર પહેરેલી ધોબણોને ત્યાં જોઈ ત્યારે વસ્ત્રો ઉપર પાન થૂંકી દીધું. ધોબીએ ગંદાં વસ્ત્ર જોઈને ધોબણોને ઠપકો આપ્યો અને ક્ષાર વડે વસ્ત્રો સાફ કરી દીધાં. સવારમાં ધોબી વસ્ત્રો લઈને આવ્યો ત્યારે અભયે તેને પ્રશ્ન કર્યા. ગભરાયેલા ધોબીએ સાચી વાત કહી દીધી અને પોતાના ગુનાથી મુક્ત થયો.

૮. કથાસરિત્સાગરની ઉદયન-વાસવદત્તા-કથા :

ઉદયન વત્સદેશનો રાજા હતો. તે મદિરા, મૃગયા અને વીણાનો બહુ શોખીન હતો અને તેથી રાજ્ય સંચાલનમાં પૂરતું ધ્યાન આપતો નહોતો. તેમને યૌગંધરાયણ મુખ્ય મંત્રી હતો, રુમણ્વાન સેનાધિપતિ હતો અને વસંતક વિનોદ-મંત્રી (નર્મસચિવ) હતો. રાજા વીણાના મધુર શબ્દથી વશ થયેલા વનના ઉન્મત્ત હાથીઓને બાંધી દરબારમાં રાખવા લાગ્યા હતો.

એક વાર ઉદયનને એમ થયું કે મારા કુળ અને રૂપને લાયક કોઈ સ્ત્રી દેખાય નથી. એક માત્ર વાસવદત્તા નામની કન્યા સાંભળવામાં આવે છે

૧ કથાસરિત્સાગર, તરંગ ૧૧-૧૩

પણ તેને પ્રાપ્ત કઈ રીતે કરવી ? આ બાજુ અવંતિપતિ ચંડમહાસેન પણ પોતાની પુત્રી વાસવદત્તા માટે યોગ્ય વરની તપાસ કરતો હતો ઉદયન સિવાય કોઈ બીજો યોગ્ય વર જણાતો નહોતો, પણ ઉદયન એમનો સદાનો દુશ્મન હતો ચંડમહાસેને ઉદયનને પોતાને તાબે કરવાની યુક્તિ વિચારી 'ઉદયન હંમેશ જંગલમાં એકલો ભટકે છે અને હાથીઓને બાંધે છે, એ દરમિયાન તેને અહીં બાંધી મંગાવુ. એ સંગીતવિદ્યામાં બહુ કુશળ છે. મારી પુત્રી તેની શિષ્યા બની સંગીતકળા શીખે. વાસવદત્તાના સૌંદર્યથી તે મોહિત થઈ જશે અને પછી તે એને જરૂર પરણશે' ચંડમહાસેને ચંડિકાદેવીની આરાધના કરી પોતાની ઇચ્છા પૂરી કરવા માટે વરદાન પ્રાપ્ત કર્યું રાજાએ પોતાનો દૂત ઉદયન પાસે મોકલ્યો અને કહેવડાવ્યુ કે, મારી પુત્રીને સંગીત શીખવવા માટે તમે અહીં આવો ઉદયને મંત્રીની સલાહ લઈ વળતો સંદેશો મોકલ્યો કે તમે તમારી પુત્રીને અહીંયા મોકલો તો શીખવી શકુ. આ બાજુ ઉદયને મંત્રી સમક્ષ પ્રસ્તાવ કર્યો કે હુ ત્યાં જઈ ચંડપ્રદ્યોતને બાંધી અહીં પકડી લાવું પણ મંત્રી યૌગન્ધરાયણે ના પાડી દીધી કે આ કાર્ય બહુ મુશ્કેલ છે

ચંડમહાસેને જ્યારે જાણ્યુ કે વત્સરાજ અહીં આવવાની ના પાડે છે ત્યારે તેણે પોતાના નડાગિરિ હસ્તિ જેવો એક યંત્રમય હાથી તૈયાર કરાવી તેમાં બહાદુર પુરુષોને છુપાવી વિંધ્યાટવીમાં છોડી દીધો ગુપ્તચરોએ એ અદ્ભુત હાથી જોઈ રાજા ઉદયનને સમાચાર આપ્યા મંત્રીઓએ ના પાડી અને જ્યોતિષિઓએ બંદી બનવાની શક્યતાની ઘોષણા કરી છતા ઉદયન તે હાથીને વશ કરવા પોતાની સેના સાથે અટવીમાં પ્રવેશ્યો.

આ પછીની કથા લગભગ અભયકુમારની કથામા આવેલા પ્રસંગ પ્રમાણે જ મળે છે ઉદયનને બાંધી ઉજ્જૈન લાવવામા આવ્યો ચંડમહાસેને એમનો સત્કાર્ય કર્યો અને વાસવદત્તાને સંગીત શીખવવાનુ કાર્ય સોંપ્યુ બંનેની વચ્ચે પડદો રાખવાનો, કાણી અને કોઢી બતાવવાનો કથા પ્રસંગ અહીં મળતો નથી. ઉદયન વાસવદત્તાને પોતાની સામે બેસાડી સંગીત શીખવતો. વાસવદત્તાના સૌંદર્યથી રાજા ઉદયન એના ઉપર મોહિત થઈ ગયો.

આ બાજુ વત્સદેશનુ રાજ્ય મંત્રી રુમણ્વાનના હાથમા સોંપી, યૌગન્ધરાયણ વસંતકને સાથે લઈ ઉજ્જૈન આવ્યો. ત્યાં મહાકાલ-શ્મશાનમાં

યોગેશ્વર નામે એક બ્રહ્મરાક્ષસ પાસે રૂપપરાવર્તનની યુક્તિ જાણી તેઓએ પોતાનુ રૂપ બદલ્યુ. વિકૃત આકૃતિવાળુ કુબડાનુ રૂપ ધારણ કરી ઉન્મત્ત બનેલા બંને જણ ઉજ્જૈનમાં પ્રવેશ્યા અને નાચતા ગાતા લોકોમાં પ્રસિદ્ધ થઈ ગયા. વાસવદત્તાએ કૌતુકવશ યૌગન્ધરાયણને પોતાના મહેલમા બોલાવ્યો. તેણે વત્સરાજને સાન કરી સમજાવી દીધુ. યૌગન્ધરાયણ અદૃશ્ય થઈ ત્યાં રહેવા લાગ્યો અને વત્સરાજને બેડી તોડવાના અને વશીકરણના ઉપાયો શીખવ્યા. રોગી બ્રાહ્મણના વેશમા વસંતક પણ ત્યા પ્રવેશ પામ્યો. એના રોગના નિવારણ માટે એને ત્યાંજ રાખવામા આવ્યો. તે બ્રાહ્મણ અનેક કથાઓ કહી વાસવદત્તાનુ મનોરંજન કરતો ત્યાં રહેવા લાગ્યો. વાસવદત્તાનો અનુરાગ ઉદયન ઉપર વધતો ગયો. યૌગન્ધરાયણે એક વાર ઉદયનને ચેતવ્યો કે ચંડમહાસેન તમને વાસવદત્તા પરણાવશે અને પછી અહીંથી મુક્ત કરશે એનાથી તમારી કાયરતા અને હાર પ્રગટ થશે, એટલે આપણી જીત થાય એ રીતે કરવુ જોઈએ. એ માટે યૌગન્ધરાયણે એક યુક્તિ શોધી કાઢી.

તેણે રાજા ઉદયનને એક ગુપ્ત યોજના બતાવી કે, તમારે વાસવદત્તા સાથે ભદ્રવતી હાથણી ઉપર બેસીને રાત્રી દરમિયાન નાસી જવું. ભદ્રવતીને કોઈ પહોંચી શકે તેમ નથી રસ્તામા એમની સુરક્ષા માટે બંદોબસ્ત કરવા યૌગન્ધરાયણ ત્યાંથી નીકળી ગયો. સાંજે વાસવદત્તાની અનુમતિ સાથે ઉદયન ભદ્રવતી હાથણી ઉપર બેસી દેવપૂજાના બહાને ફરવા નીકળ્યો. તે હાથણીનો મહાવત અષાઢક હતો. જેને પહેલાથી જ ધન આપી ફોડી દેવામા આવ્યો હતો. વાસવદત્તાએ આપેલા શસ્ત્રો, તેની એકાતની સખી કાંચનમાળા અને વસંતક સાથે ઉદયન પલાયન કરી ગયો. ઉદયને યૌગન્ધરાયણ પાસેથી મળેલા ઉપાયોથી બેડીનાં બંધનો કાપી લીધા હતા.

નાસી જવાની વાત સાંભળી ચંડમહાસેનનો પુત્ર પાલક નડાગિરિ હાથી ઉપર સવાર થઈ વત્સરાજની પાછળ પડ્યો. વત્સરાજે બાણ ફેંકી એને રોકી લીધો. એમના ભાઈ ગોપાલકે પાછળથી આવી એને લડવાની મનાઈ કરી એટલે વત્સરાજ બેધડક ચાલ્યો ગયો. પછીથી એમને સમાચાર મળ્યા કે ચંડમહાસેન ઉદયન જેવા જમાઈ પામીને બહુ ખુશ હતો, તેણે ગોપાલકને કૌશાંબી મોકલી વાસવદત્તાનુ ઉદયન સાથે વિધિસર લગ્ન કરાવ્યુ.

૯. શૈલી અને ભાષા

શૈલી : આખ્યાનકમણિકોશવૃત્તિ લઘુ કથાઓનો સંગ્રહ છે. કથાકારનો ઉદ્દેશ દૃષ્ટાંતકથાઓ દ્વારા લોક સમુદાયને નીતિ, સદાચાર અને ધર્માચરણ તરફ વાળવાનો છે. તે માટે કથાકારે સાધારણ શૈલીનો આશ્રય લીધો છે પંડિત અને શિષ્ટ લોકોને પોતાની વિદ્વત્તા વડે માત્ર કાવ્યાસ્વાદ આપવાનો તેમનો ઉદ્દેશ રહ્યો નથી એટલે એમા ક્લિષ્ટ સમાસો, અલંકારોનો આડંબર વગેરેનો ઉપયોગ સામાન્ય રીતે થયો નથી. શૈલીની સાદાઈ હોવા છતા ચૂર્ણિગ્રંથોની જેમ એમા સંક્ષિપ્તતા કે શુષ્કતા નથી કથાને સારી રીતે વિકસાવી વર્ણવીને તેમા સામાન્ય અલંકારો અને સુભાષિતોનો ઉપયોગ કરવામા આવ્યો છે વિશેષ કરીને વર્ણન પ્રસંગોમાં મહાકવિઓની પરંપરાનુ અનુસરણ કર્યું હોય એમ લાગે છે.

કથાનકની સિદ્ધિ તેની ઘટનાઓનાં આયોજનમા રહેલી હોય છે. કોઈ પણ વિક્ષેપ વગર એક પછી એક ઘટના અબાધ ગતિએ આગળ વધવી જોઈએ અભયના કથાનકમાં આવુ જ થયુ છે. કથાકાર ગતિશીલ શૈલીમા કથાનકને આગળ ધપાવે છે રાજકુમારોની પરીક્ષા, શ્રેણિક દ્વારા ગૃહત્યાગ, વેન્નાતટ જવુ, સુનંદા સાથે લગ્ન, તેમને રાજગૃહ બોલાવવો, સુનંદાને પુત્રજન્મ, પિતા વિષે પૃચ્છા, રાજગૃહમા પોતાની બુદ્ધિનો ચમત્કાર બતાવવો, ચંડપ્રદ્યોતને ભગાડી મૂકવો, ગણિકા દ્વારા અભયનુ અપહરણ, ઉજ્જૈનીમાં તેના અદ્ભુત કાર્યો, વરદાન પ્રાપ્તિ, પોતાની મુક્તિ અને છેલ્લે ચંડપ્રદ્યોતનુ અપહરણ કરીને પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવી. આમ ઘટના પ્રધાન કથાનક હોવા છતા કોઈક કોઈક જગ્યાએ જેમ કે રાજગૃહ નગર, પ્રસેનજિત રાજા, શાળાને સળગાવાનો બનાવ, રાજ્યાભિષેકનો ઉત્સવ, આસ્થાનમંડપ, મહાવીરનુ સમોસરણ વગેરેનાં વર્ણનો સંક્ષેપમાં અથવા વિસ્તારમાં કરવામાં આવ્યા છે પરંતુ તેઓથી કથામા કોઈ વિક્ષેપ ઊભો થતો નથી

એમ જુઓ તો અભયના કથાનકમાં ત્રણ કથાનકો ભેગા થઈ જાય છે શ્રેણિકનુ કથાનક, અભયનુ કથાનક અને ઉદયન–વાસવદત્તાનુ કથાનક કથાકારે બુદ્ધિના દૃષ્ટાન્ત રૂપે ચૂર્ણિગ્રંથમાંથી આ કથાનક લીધું છે અને ત્યા એ આવી રીતે જ મળે છે. ત્રણ કથાનકો હોવા છતાં એમ નથી લાગતુ કે સંબંધ વગરનાં ત્રણ કથાનકો પ્રયોજન વગર એક સાથે

જોડી દેવામા આવ્યાં છે. અભય એક બુદ્ધિશાળી, આત્મસન્માની વીર રાજાનો પુત્ર હતો એ જણાવવા માટે શ્રેણિકનુ કથાનક પૂર્વભૂમિકા રૂપે આપવામાં આવ્યુ છે. ઉદયન–વાસવદત્તાની કથા અભયની બુદ્ધિનાં વખાણ કરવા માટે જોડી દેવામા આવી છે જો કે આ કથા સાથે અભયનો સબધ હોય એવુ અન્ય સાહિત્યમાં કોઈ મળતુ નથી આ બધુ હોવા છતા કથાકારે કથાનો નિર્વાહ સારી રીતે કર્યો છે

ગતિશીલ શૈલીના થોડાક દાખલાઓ : શેઠને પ્રણામ કરી, પ્રિયાનુ સન્માન કરી, ઘોડી પર ચડી, મત્રીઓ સાથે શ્રેણિક રવાના થયો. અનુક્રમે રાજગૃહ પહોંચ્યો અને સભાગૃહમાં પ્રવેશ કર્યો, (૯૮, ૯૯). શેઠને કહેવામા આવ્યુ, તેણે સામગ્રી તૈયાર કરી અને અભયને સુનદા સાથે રાજગૃહ મોકલ્યો. રાજગૃહ પહોંચી માતાને બહાર રાખી પોતે રાજાના દર્શન માટે પોતાના માણસો સાથે આગળ ચાલ્યો. (૧૨૬, ૧૨૭) ઉદયનને કેવી રીતે પકડી લાવવો ? અભયે કહ્યુ, તે હાથીને જોઈને ગીતથી એને વશ કરશે બનાવટી હાથી તૈયાર કરાવ્યો, જંગલમા છોડવામા આવ્યો, વનચરે જોયો, ઉદયનને સમાચાર અપાયા તે હાથીને પકડવા આવ્યો, હાથીની પાસે ગયો વગેરે (૨૨૪–૨૨૬) સાતમા દિવસે રાજા ગવાક્ષના માર્ગથી અદર આવ્યો કે તરત જ છુપાવેલા માણસોએ તેને બાધી લીધો, તેને ખાટલા ઉપર સુવાડીને શહેરમાથી લઈ ગયા, રાજગૃહ લાવી શ્રેણિક સમક્ષ હાજર કર્યો (૨૭૨, ૨૭૩) એવી જ રીતે જુઓ (૧૩૨–૧૩૪, ૧૫૯–૧૬૧, ૨૨૮–૨૨૯) વગેરે

માત્ર કથા કહેવા પૂરતી કથા લખાઈ નથી, તેને સરસ રીતે પાઠકો સમક્ષ મૂકવી એ પણ કથાકારનો ઉદ્દેશ હતો આ કથા આવશ્યકચૂર્ણી મા મળે છે અને તેની ચર્ચા પૃ ૧૫ ઉપર આપવામાં આવી છે. ત્યા કથામા સંક્ષિપ્તતા છે, માત્ર રૂપરેખા આપવામાં આવી છે, ખાસ ખાસ મુદ્દાઓ અપાયા છે અને સાહિત્યિક શુષ્કતાનાં દર્શન થાય છે જ્યારે અહીં યા કથાનો પૂરેપૂરો વિસ્તાર છે, અને લોકો સમક્ષ સાધારણ શૈલીમાં રજૂઆત કરવાની સાથે સાથે તેમા આગવી સાહિત્યિક ગુણવત્તા અને કાવ્યમય શૈલીનાં દર્શન પણ થાય છે જે નીચે પ્રમાણે છે.

અલંકાર : કથાકાર **અનુપ્રાસના** બહુ શોખીન જણાય છે ઠેર ઠેર તેનાં દર્શન થાય છે :

खणावए खोणिं, जाय जणणी, जाव जाइ, ताय तुह, तो तीए तणय, दलियकमलदलनयण, धरधुराधरणधीरो, धवल पि धवलयंतो धवलहर, पउरेहिं पुहइवइणो पयासिओ, पमोयपसरपरिपूरिओ, पमोयपरिपूरिओ पुहइपालो, परियण-पायाओ पेसियाओ, पायपउमप्पसायओ, पुरपरिसरपुहईए, भूवइणा भणिरं भद्द, मज्झिमवयाण मज्झाओ, मणाउ पि य मणम्मि मा मुणसु, समणिसवासम्मि ासक्खिउ सव्वमेव સાથે સાથે જુઓ. એક યમકનો દાખલો पुन्नलायन्नधारिणी धारिणी त्ति विक्खाया

ઉપમા : रमणीवयणे विसेसयसमाण सिरिरायगिह, सारयरयणियरनरि-समुहछाओ, सो .. . कुसुमवाणो व्व, अजसपसरो व्व तिमिरपब्भारो.

રૂપક : रसारमणी, समरसवर, जयसिरिरमणी, सिरकमल, पाणिपउम, ससिवयणि, हरिणच्छि

ઉત્પ્રેક્ષા : જુઓ ગાથા ન. ૫૭, **શ્લેષ** જુઓ ગાથા ન ૫૪, ૯૭, **શ્લેષોપમા** જુઓ ગાથા ન. ૫૫.

વર્ણન કરતી વખતે પ્રકૃતિને જાણે કે કુમારના સુખદુખમા સાક્ષી બનાવી હોય તેવું દૃશ્ય ગાથા ન. ૫૪ થી ૫૭ મા મળે છે એક વાર ચન્દ્રમા કુમારની સહાય કરવા ઉદય પામે છે (૫૭) તો બીજી વાર એનાથી દુઃખ સહન થતુ નથી એટલે સજ્જનની જેમ અદૃશ્ય થઈ જાય છે (૭૧). સૂર્ય પણ કુમારનુ અપમાન જોઈને અસ્ત થાય છે (૫૪) ત્યારે બીજી વાર કુમારને જોવા માટે ઉદય પામે છે (૭૨) કુમારના માર્ગમા ક્લેશ ન પહોચે એટલા માટે રાત્રી પણ અદૃશ્ય થઈ જાય છે (૭૦).

કથામાં **વર્ણોનું પ્રસંગોચિત** ચયન થયુ છે આગ લાગવાથી તેમાં સળગતા વાસડાઓનો અવાજ—तडयडफुट्टतवससंदोहे, મધુરતા માટે મૃદુ વર્ણોનો ઉપયોગ જુઓ मणांं पि य मणम्मि मा मुणसु अवमाण (૯૫) धरणियलनिहियनयणा परिहरियसच्चित्तसरणिसचरणा (૨૦૪). લલિત પદાવલીનો ઉપયોગ માટે જુઓ . सारयरयणिवरसरिसमुहछाओ, रइरमणरुइरकायो, विम्बाहरह-सियपउमरायाए, अहिणवजोव्वणमणोहरावयव, तरुणजणनयणमोहणअहिणवजोव्वण-मणोहरगीओ, नरवइकमलकमलावलोयणत्थ, ભયભીત અવસ્થા વર્ણવતી પદાવલી જુઓ . अतुच्छउच्छलियकंपपरिगलियसेयसल्लिोहो, અને ભયાનક સ્થિતિ માટે बद्धभीमभिउडिभयंकरो, શૌર્ય માટે परकुवरकुम्भत्थलखोणिखणणसीरसमो વગેરે વગેરે.

કોઈક સ્થળે ભાવપ્રધાન વર્ણન કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે: શ્રેણિકનું માન ઘવાયું ત્યારે એના મનમાં ઉદ્ભવતા ભાવ (જુઓ ગાથા નં ૫૯, ૬૦ અને પછીની ગાથા ૬૧ થી ૬૪, જુઓ પૃષ્ઠ નં. ૫૦) ત્યાર પછી એનો વીરોચિત દરવેશ (ગાથા નં. ૬૭, પૃ. ૫૦).

પ્રસંગને અનુસરીને ઉપયુક્ત વચનોના ઉપયોગ માટે જુઓ: અભયને જ્યારે એક સ્ત્રી પકડી લાવે છે ત્યારે રાજા ચંડપ્રદ્યોત તેની મજાક ઉડાવે છે:

रे! कत्थ गया बुद्धी महिलामेत्तेण जं इहाणीओ। (२०९)

અભય મુક્ત થઈને જાય છે ત્યારે ચંડપ્રદ્યોતે ઉપર કરેલી મજાકના બદલામાં પડકાર કરતો જાય છે:

धम्मच्छलेण छलिओ तए अहं तं पुणो मए नियमा।
रविणा दीवेण अवंतिपुरवरीलोयपच्चक्खं (२५९)
बंधेउं नेयव्वो।

વચ્ચે વચ્ચે **સૂક્તિઓ** અને **સુભાષિતોનો** પ્રયોગ પણ થયો છે:

उत्तममत्ताण माणमुयण महादोसो–५९,
उत्तममन्नेज्झभावओ किं न कल्लाण–७६,

વળી જુઓ ગાથા નં ૬૦ અને ઉપર આપેલી ૬૧ થી ૬૪, (પૃષ્ઠ નં ૫૦).

સમાસોનો ઉપયોગ ઠેર ઠેર મળે છે:

ઉપર ટાંકેલા ઉદાહરણો પરથી જણાઈ આવશે કે સમાસ સાદા છે અને તરત સમજાય તેવા છે. પણ જ્યારે નગરી, રાજા, શિબિર, આસ્થાન, ઉત્સવ જેવા વિશેષ પ્રસંગોનાં વર્ણન કરવામાં આવ્યાં છે ત્યારે લાંબા અને ક્લિષ્ટ સમાસોનો ઉપયોગ પણ કરવામાં આવ્યો છે અને મહાકવિ બાણનો પ્રભાવ હોય તેવી પદ-રચના આપણને જોવા મળે છે મૂળ ગ્રંથમાં આવા પ્રસંગો ઠેર ઠેર મળે છે તે ખાસ નોંધવા યોગ્ય છે. આપણા કથાનક પરનાં ટાંચણો માટે જુઓ ગાથા નં ૧૪, ૧૬, ૧૦૮, ૧૧૦ અને ૧૨૦-૧૨૩

માત્ર સમાસોની ક્લિષ્ટતા હોય એવું જ નથી કવિએ પોતાની પ્રતિભાથી ઉપમાઓ અને ઉત્પ્રેક્ષાઓ વડે અદ્ભુત વર્ણન કર્યું છે અને

કાવ્યનું અર્થ–ગૌરવ વધાર્યું છે. કવિની ઉપજ અને તરંગના એવા નમૂનાઓનો આસ્વાદ લેવા માટે સંબંધિત ગાથાઓ મૂળ કથા પછી આ ગ્રંથમાં આપવામાં આવી છે તેમાં ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષા, શ્લેષોપમા, વિરોધાભાસ વગેરે અલંકારો મળે છે કવિની પ્રતિભાશક્તિનું દર્શન કરાવવા માટે નીચેના પ્રસંગો જુઓ

શ્લેષોપમા વડે વિલાસવતી સ્ત્રીઓની વર્ષાઋતુ અને નગરજનોની સમુદ્ર સાથે સરખામણી (૬–૭), **ઉત્પ્રેક્ષા** વડે પાતાલમાં વિચરતી સુંદરીઓ (૮), અપમાનના કારણને લીધે કીર્તિનું દિશાઓમાં વિચરવું (૧૨), શ્રીદ્વારા રાજાના મસ્તક ઉપર છત્ર ધારણ કરવું (૧૪૦), રાજાના ખભા ઉપર કસ્તૂરીથી દોરેલી પત્રાવલી (૧૪૧), **ઉપમા** વડે ખાઈમાં પ્રતિબિંબિત થતા તારાઓની વિખરેલા મોતીઓ સાથે સરખામણી (૩), મરકતમણિવાળી ભીંત અને સ્ફટિકના થાંભલાઓની મૈત્રીમાં હમણાં જ ઉદય પામેલ ચંદ્રના કિરણો સાથે (૧૩૭), ચંદરવામાંથી લટકતા હારોની મેઘની ધારાઓ સાથે સરખામણી (૧૩૮), અને ભગવાન મહાવીરની સ્તુતિમાં **ઉપમા, રૂપક** અને **અનુપ્રાસની** રમઝટ (૧૭૧–૧૭૪). આ બધા સાથે ત્યાં આપેલ અન્ય ગાથાઓમાં જે વર્ણન સમૃદ્ધિ મળે છે તેનો વિચાર કરીએ તો આપણી શ્લિષ્ટ ભાષાના મહાન કવિઓ દંડી, બાણ, પ્રવરસેન, કુતૂહલ વગેરેની યાદ આવ્યા વગર રહે નહીં

ગાથા છંદ : અભયકુમારાખ્યાણુય સળંગ પદ્યમય છે માત્ર ત્રણ જગ્યાએ ટૂંકા સાંકેતિક ગદ્યપાઠ મળે છે–**तथा हि** (ગા. ૨૦–૨૧), **इओ अ** (ગા ૧૧૪–૧૧૫) અને **भणितं च तेन** પ્રાકૃત સાહિત્યની પ્રાચીન પરંપરા પ્રમાણે પદ્યોની રચના **ગાથા–છંદમાં** થઈ છે ગાથા એક એવો માત્રા છંદ છે કે જેની રચના સ્વતંત્રતા પૂર્વક સહેલાઈથી થઈ શકે છે અને એ માત્રા પ્રધાન હોવાને કારણે સભાસદોને આનંદ આપે એવી રીતે તેમની સમક્ષ ગાઈ શકાય ગાથામાં બે પાદ (કડીઓ) હોય છે પ્રથમ પાદમાં ૩૦ અને બીજા પદમાં ૨૭ માત્રાઓ હોય છે. દરેક પાદમાં ૧૨ મી માત્રા પર યતિ (વિરામ) આવે છે દરેક પાદમાં ૮ માત્રા–ગણ નીચે પ્રમાણે હોય છે.

૪ + ૪ + ૪, ૪ + ૪ + જગણ (ISI) અથવા ચાર લઘુ માત્રાઓ (IIII) + ૨ + ૨ + ૨

૪ + ૪ + ૪, ૪ + ૪ + એક લઘુમાત્રા (I) + ૨ + ૨ + ૨

१	२	३	४	५	६	७	८	९
दाहिण –	भरहद् –	धरसा – /	रमणी –	वयणे	विसेस –	यस –	मा –	ण ।
ऽ।।	।।ऽ	।।ऽ	।।ऽ	।।ऽ	।ऽ।	।।	ऽ	ऽ
सिरिरा –	यगिह	नयर /	नयर –	जियजण –	व –	य	आ –	सि ।।
।।ऽ	।।ऽ	।।ऽ,	।।ऽ	।।।।	।	ऽ	ऽ	ऽ
तम्मि पु–	रे पर –	कुजर – /	कुम्भत –	थलखो –	णिखणण–	सी –	रस –	मो ।
ऽ।।	ऽ।।	ऽ।।	ऽऽ	।।ऽ	।।।।	ऽ	।।	ऽ
समरस –	यवर –	जयसिरि– /	रमणी –	गहणेक –	क –	दुल –	ल्लि –	ओ ।।
।।।।	ऽ।।	।।।।	।।ऽ	।।ऽ	।	ऽ	।।	ऽ
अह अन –	नया क–	याई /	रयणी –	ए पच –	छिमम्मि	जा –	मम –	मि ।
।। ऽ	।ऽ।	ऽऽ,	।।ऽ	ऽ ऽ	।ऽ।	ऽ	ऽ	ऽ
सुहस –	वुद्धो	चिंतिउ– /	मारद् –	धो नर –	व –	ई	ए –	न ।।
।।ऽ	ऽऽ	ऽ।। –	ऽऽ	ऽ ।।	।	ऽ	ऽ	ऽ
उव्वृ –	द जोव्व–	णाए /	विम्वा–	हर हसि –	य पउम–	रा –	या –	ए ।
ऽऽ	।ऽ।	ऽऽ,	ऽऽ	।।।।	।।।।	ऽ	ऽ	ऽ
उवमु –	जइ विस –	यसुह /	कुमरो	सद्धि	सु –	न –	दा –	ए ।।
।।ऽ	।।।।	।।ऽ,	।।ऽ	ऽऽ	।	ऽ	ऽ	ऽ

ભાષા અભયકુમારચરિય ની ભાષા મહારાષ્ટ્રી પ્રાકૃત છે જેમાં મધ્યવર્તી વ્યંજનોનો લોપ થયો છે અને સંયુક્ત વ્યંજનોનું સમીકરણ થયું છે એમાં વળી શબ્દના પ્રારંભનો न પ્રાયઃ ण માં બદલાયો નથી અને य શ્રુતિનો ઉપયોગ થયો છે એટલે વિદ્વાનો એને જૈન મહારાષ્ટ્રી પ્રાકૃતનાં નામથી પણ ઓળખાવે છે પ્રાકૃત સાહિત્યના સર્જકોની એક પરંપરા રહી છે કે તેઓ પ્રાય જનસાધારણ માટે રચનાઓ કરતા હતા તેથી તેમની કૃતિઓ ઉપર તે સમય દરમ્યાન ચાલતી બોલચાલની ભાષાનો પ્રભાવ પડ્યા વગર રહ્યો નથી આપણી રચનામાં પણ આવું જ બન્યું છે વચ્ચે વચ્ચે અનેક દેશ્ય શબ્દોનો પ્રયોગ જોવા મળે છે અને કેટલીક જગ્યાએ અપભ્રંશ ભાષાના પ્રયોગો પણ થયા છે. જુઓ (ભાષા-પરિચય પૃષ્ઠ નં. ૬૩, ૬૬) મૂળ ગ્રંથમા તો અનેક સ્થળો ઉપર અપભ્રંશ અને સંસ્કૃતનો પણ ઉપયોગ થયો છે આપણી કથામા પણ એક સંસ્કૃત શ્લોક આવે છે બોલાતી ભાષાનાં જે શબ્દો અને રૂપો વપરાયાં છે તેઓ આગળ જઈને આપણી આધુનિક ભાષાનાં મુખ્ય અંગ બની ગયાં છે. આપણી ભાષા સાથે તે કેવું સામ્ય ધરાવે છે તે જોવા માટે મૂળ ગ્રંથનો એક દાખલો જુઓ · अहवा न तुज्झ भावइ मह दिन्न उत्तम वत्थु (મૂળ ગ્રંથ ૮ ૪૭ પૃ ૩૬) એને આપણી ભાષામા લખીએ અથવા મને ઉત્તમ વસ્તુ દેતાં તમને ભાવતું નથી. આવા અનેક દાખલાઓ ટાંકી શકાય તેવા મૂળ ગ્રંથમાં મળે છે.

આપણાં કથાનકમા મહારાષ્ટ્રી ભાષા સાદી અને સરળ છે એમ તો ભાષા મધુર, પ્રસાદગુણવાળી અને પ્રવાહી છે, પરંતુ વર્ણનોના પ્રસંગ ઉપર ભાષા કંઈક ક્લિષ્ટ સમાસબહુલ થઈ ગઈ છે જે વિષે ચર્ચા થઈ ગઈ છે

૧૦. સાંસ્કૃતિક સામગ્રી

(૩૫) રાજ્ય, સમાજ અને ધર્મ

દરેક રાજા પોતાના રાજ્યનું શાસન એક કરતા વધારે મંત્રીઓ નિયુક્ત કરીને ચલાવતો હતો તેમાં એક પ્રમુખ-પ્રધાન મંત્રી તરીકે જણાતો રાજા શ્રેણિકને ત્યાં ૫૦૦ મંત્રીઓનો અતિશયોક્તિ ભર્યો ઉલ્લેખ છે જેમા અભયને મુખ્ય સ્થાન આપવામા આવ્યું હતું બુદ્ધિ અને કાર્યકુશળતાની પરીક્ષા કરીને મંત્રીઓની નિમણુક કરવામા આવતી હતી તેમાં રાજકુમારોને પણ સ્થાન મળતું હતુ. શાસન ચલાવવા માટે રાજકુમારોની પણ સહાય લેવામા આવતી હતી રાજપાટ આપતી વખતે રાજકુમારોની બુદ્ધિની

પરીક્ષા કરવામાં આવતી હતી. ઘણી વખત રાજપાટ માટે રાજકુમારોમાં દ્વેષને લીધે મારામારી પણ થતી હતી. આવા વખતે રાજાએ વિવેકથી કામ લેવું પડતું હતું. નગરજનોની સલાહ લઈને ગુણયુક્ત રાજકુમારને રાજપાટ આપવાનું પણ બનતું હતું. યોગ્ય રાજકુમારનું ઉચિત સન્માન ન થતાં તે રાજ્ય છોડીને બહાર પણ ચાલ્યો જતો હતો. અતિ બુદ્ધિશાળી અને કુશળ (ક્ષત્રિય) પુરુષને રાજા પોતાનાં રાજ્યનો ભાગ, પોતાની પુત્રી અથવા મોટું ઇનામ પણ આપતો. અન્ય રાજ્યોમાં સંદેશ મોકલવા માટે વિશેષ લેખવાહક રાખવામાં આવતો. તેની દશા કોઈક વાર બહુ કફોડી થઈ જતી હતી. અન્ય રાજાઓ તેના પ્રતિકૂળ સંદેશાથી ખીજાઈને તેને મારી નાખવાની યુક્તિ ઘડતા.

રાજાઓ એક કરતાં વધારે રાણીઓ કરતા હતા તેમાં એકને પ્રથમ મહિષીનું સ્થાન અપાતું. રાજકુમારોની જેમ રાજકુમારી અનેક કળાઓનું અધ્યયન કરતી અને સંગીતનું તો સવિશેષ. રાજકુમારી માટે જુદી સેવિકાઓ-દાસીઓ રાખવામાં આવતી. રાજકુમારો અને રાજકુમારીઓનાં પાલન પોષણ માટે જુદી જુદી ધાત્રીઓ રાખવામાં આવતી હતી.

રાજા આસ્થાનમંડપમાં બેસી રાજ્યનું કાર્ય કરતો. આસ્થાનમંડપમાં આજ્ઞા લીધા વગર પ્રવેશ કરવાનો નિષેધ હતો. તેના દ્વાર ઉપર પ્રતીહાર ઊભો રહેતો જેની રજા સિવાય આસ્થાનમંડપમાં પ્રવેશ કરી શકાતો નહોતો. રાજાનાં ખાનગી કાર્ય માટે અનેક દૂતીઓ રાખવામાં આવતી હતી. રાજાનો દરવેશ ખાસ પ્રકારનો રહેતો હતો. અનેક રાણીઓ તેને પંખા ઢોળતી ત્યાં ઊભી રહેતી હતી.

રાજા જ્યારે બહાર નીકળતો ત્યારે બહુ ઋદ્ધિ-વૈભવ સાથે બહાર જતો. તેના માટે અગરબત્તી બળાતા હતા. રાજા નૃત્ય અને સંગીતનો સાથે શોખ રાખતો. તે અનેક ક્રીડાઓ અને વિનોદમાં સાથે રસ દાખવતો.

યુદ્ધની સામગ્રી, શસ્ત્રાસ્ત્ર, હાથી, ઘોડા, રથ વગેરે માટે અલાયદા ખાતાઓ રાખવામાં આવતાં. વિજયની ઉદ્ઘોષણા કરનાર એવું એક વિજય નગારું અથવા નરઘડાંઓ પણ રખાતાં જેનું બહુ મહત્ત્વ ગણાતું હતું.

રાજા દુર્બળ રાજ્ય પર આક્રમણ કરી તેને પોતાના આધિપત્યમાં રાખવાની કોશિશ કરતો. રાજા પોતાના સામંતો સાથે બીજા રાજ્ય પર આક્રમણ કરતો. આક્રમણને વિફળ બનાવવા માટે ભેદની નીતિનો ઉપયોગ

કરાતો હતો. લડાઈનાં શસ્ત્રોમાં મુસુંઢિ, મોગ્ગર, તોમર, અને ઝસનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સેનાનો પડાવ સ્કંધાવાર–છાવણીનાં નામે ઓળખાતો હતો. રાજાનું અપહરણ કરવા માટે જુવાન ગણિકાઓનો ઉપયોગ કરાતો હતો. કોઈક વાર ગણિકાઓ ધર્મછળથી પ્રમુખ પુરુષોનું અપહરણ કરવામાં રાજાની સહાય કરતી. ગણિકાના સૌંદર્ય ઉપર મોહિત થવાથી રાજાઓ કેસાઈ જતા હતા. માદક દ્રવ્ય પિવડાવીને પણ અપહરણ કરાતું હતું. સારાં કાર્યો માટે રાજાદ્વારા વરદાન અપાતાં.

રાજપુત્ર અને વણિકપુત્રી વચ્ચેના લગનનું વર્ણન આવે છે. સામાન્ય રીતે કુળ, શીળ, આચરણ અને સ્વભાવના મુદ્દાઓ ધ્યાનમાં રાખી લગન ગોઠવાતા હતાં. ક્ષત્રિયવંશની ઉત્તમતા ગણાતી હતી. ભાઈ–બહેનના પુત્ર–પુત્રીઓ વચ્ચે વિવાહ–સંબંધ કરાતો હતો.

ક્ષત્રિય કુળમાં પ્રેમ વિવાહો થતા હતા. લગ્ન કર્યા પછી પત્નીને પાછળ મૂકી વિદેશ જવું દુઃખદ ગણાતું હતું. ગર્ભાવસ્થામાં દોહદ પૂરું કરવું એક કર્તવ્ય ગણાતું હતું. પુત્રજન્મના પ્રસંગ ઉપર શ્રીમંતોને ત્યાં ઉત્સવ મનાવવામાં આવતો હતો જેમાં સંગીત, નૃત્ય અને વાજિંત્રોનો કાર્યક્રમ રખાતો હતો અને દાન કરવામાં આવતું હતું.

ધાઈઓ બાળકોનું પાલનપોષણ કરતી. આઠમા વર્ષમાં બાળકને શિક્ષણ આપવા માટે ઉપાધ્યાયને ત્યાં મોકલવામાં આવતું હતું. છોકરાઓ એકબીજા સાથે બાઝતા પણ હતા અને જેના પિતા વિશે શંકા રહેતી તેને ચિડવતા. બારમા દિવસે નામકરણની વિધિ કરાતી હતી. નગર ગોપુર, મહેલ, ધવલગૃહ, અટારીઓ, ગવાક્ષ, મંદિર, ચાચર, ચોક, રાજપથ, દ્વાર, હાટ અને ઉદ્યાનથી શોભતું હતું. રાજમહેલની પાસે વિશેષ બજારની વ્યવસ્થા કરવામાં આવતી જેથી અન્તઃપુરની સ્ત્રીઓ ત્યાં ખરીદી કરી શકતી. વૈદ, વાણિયા, ગોપાળક અને ગણિકાઓના ધંધાઓનો ઉલ્લેખ છે. ગણિકાઓ શૃંગાર અને હાવભાવથી લોકોને આકર્ષતી હતી.

મહેમાનોનું સારું સ્વાગત કરાતું હતું. તેમને સ્નાન કરાવાતું હતું, આસન આપવામાં આવતું અને જમવા માટે ભોજન આપવામાં આવતું. ઘણા વખત પછી મિલન થતાં પુત્રને ખોળામાં બેસાડી તેનું માથું સૂંઘી વાત્સલ્યભાવ પ્રગટ કરાતો હતો. ખાવા માટેની વસ્તુઓમાં લાડુ, મોદક, ખીર, દૂધ–ભાત વગેરેનો ઉલ્લેખ છે. બહારગામ જતી વખતે લોકો પોતાની સાથે ભાતું લઈને જતા. પાણી માટે કળશ, બીજી વસ્તુઓ રાખવા

[illegible] અને મોતીના ઉલ્લેખ છે દાગીનામાં વીંટી. સૂવા માટે પલંગ, [illegible] વીણા, કળાઓમાં ગાંધર્વકળા વગેરેનો ઉલ્લેખ છે. તે વખતે [illegible] કળાકારો હશે કે તેઓએ એક યંત્રમય હાથી બનાવેલો [illegible] હાથી જેવો હતો. પશુઓમાં ઘોડા અને હાથીનો સવારી માટે [illegible] થતો હતો. હાથી પાગલ થઈ જતો ત્યારે ભયનું વાતા- [illegible] હતુ. હાથી ચલાવનાર મહાવતના નામે ઓળખાતો રોગોમાં [illegible] અને [illegible]પણમા કાણુંનો ઉલ્લેખ છે. નગરીમાં આગ પણ ફાટી નીકળતી હતી. ભૂતપિશાચના ઉપદ્રવો પણ થતા હતા તેનુ શમન કરવા માટે [illegible] સ્ત્રી દ્વારા રાત્રી દરમિયાન ભોગ ચઢાવવામાં આવતો લોકો [illegible] વિશ્વાસ રાખતા ગર્ભાધાન વખતે માતાને જે સપનુ આવતુ તેના [illegible] સંતાનનુ ભવિષ્ય નક્કી થતુ લોકોને કર્મ ઉપર વિશ્વાસ હતો. [illegible] ગો અપશુકન ગણાતુ હતુ. શરીર ઉપરના સામુદ્રિક લક્ષણોનુ [illegible]. રૂપ બદલવાની વિદ્યામા લોકોનો વિશ્વાસ હતો

ધાર્મિક ક્ષેત્રમાં તે વખતે ધર્મોપદેશ માટે તીર્થંકરનું આગમન [illegible] ગણાતુ હતુ લોકો ઉત્સવ મનાવતા શ્રૃંગાર કરીને ધર્મ- [illegible] સાંભળવા નગર બહાર ઉદ્યાનમાં જતા રાજપરિવાર પણ એમા ભાગ લેતો. કોઈક સાધુ બનતા તો કોઈક ગૃહસ્થધર્મ સ્વીકારતા તો કોઈક [illegible] ધર્મ પ્રત્યે પોતાની શ્રદ્ધા દૃઢ બનાવતા ઉદ્યાન-ચૈત્ય, નગર-મંદિર અને [illegible]-પ્રતિમાઓનો ઉલ્લેખ છે. સ્વાધ્યાય, ઉપવાસ, પારણાં કરવા, સાધર્મિકો માટે સન્માન, તપસ્યા કરવી, તીર્થયાત્રાઓ કરવી વગેરેના ઉલ્લેખ મળે છે લોકપરંપરામા દેવયાત્રાના ઉત્સવમા શરાબ પીઈને ઉન્મત્ત થવાનો ઉલ્લેખ છે. [illegible] પછી કેટલીક સ્ત્રીઓ દીક્ષા ગ્રહણ કરી લેતી હતી.

(ग) આપણી ભાષાને પ્રાકૃતનો ફાળો

આપણી આધુનિક આર્ય ભાષાઓ મધ્યયુગની [illegible] આર્ય ભાષા [illegible] અને અપભ્રંશ ભાષામાંથી વિકસિત થઈ છે ઉદાહરણ રૂપે હિંદી [illegible], તેમની [illegible], તેમના નામરૂપો અને [illegible] થયાં [illegible] સમજવા માટે આપણા [illegible] શકાય

શબ્દ ભંડોળ :

अंसु = आसू, આંસુ; अज्ज = आज, આજ, अट्ठ = आठ, આઠ; अद्ध = आधा, અડધુ; अम्हे = અમે, अवर (अउर) = और, ઓર, इट्ट = ईट, इट्टाल = ઇટાળો, उच्छंग = ઉચ્છંગ, उट्ठ = उठना, ઊઠવુ.

कज्ज = કાજ, कट्ठ = काठ, કાઠ, कड्ढ = કાઢવુ, कलस = कलस, कहिं = कहाँ, कायर = कायर, કાયર, कुमर = કુંવર, कुसल = कुसल; कूव = કૂવો, केत्तिय = कितना, કેટલુ, कोइ = कोई, કોઈ, कोढ = कोढ, કોઢ, कोढी = कोढी, કોઢી, खण = ખણુ; गभीर = गभीर, ગભીર, गवक्ख = गवाख, ગોખ, गोवाल्य = ग्वाल, ગોવાળ,

चउक्क = ચોક, चउत्थो = चौथा, ચોથો, चच्चर = ચાચર, चमर = ચમર, चूरी = चूर, चूरा, ચૂરી, छगण (छअण) = छाण, जण = જણુ, जस = जस, જસ, जाण = જાણવુ, जाम = जाम, જામ, जिन्न = जीन, जुत्त = जुत, जुन्न = જૂનુ; जेट्ठ = जेठ, જેઠ, जेम = જમવુ, जो = जो, જો, जोग = जोग, જોગ, जोव्वण = जोवन, જોબન, ण्हाण = न्हाना, नहान, नहाना, નાહવુ, નહા(જે)

तुम = तुम, તમે; तो = तो, તો, थाल = थाल, થાળ; दाहिण = दाहिना दुब्बल = दुबला, દૂબળુ, दुवार = दुवार, दोस = दोस, धाई = धाई, ધાઈ, नच्च = नाच, નાચ,

पच = पाँच, પાચ, पच्छिम = पच्छिम, પચ્છમ, पड = પડ, परिक्ख = परिखना, परखना, પરીખ, પરખવુ, पल्लक = पलंग, પલંગ, पास = पास, પાસે, पाहुणया = पाहुना, पुक्खर = पोखर, પોખર, पुच्छ = पूछना, પૂછવુ; फुट्ट = फूटना, ફૂટવું, वार = બાર, बारस = બારસ, मच्छर = મચ્છર, मुस्क = મૂકવુ, मुह = मुँह.

रक्ख = रखना, રાખવુ, रज्ज = राज, રાજ; रत्त = રાતુ, रुट्ट = રૂઠવુ; लक्खण = લખ(ખ)ણ, लच्छी = लच्छी, लड्डु = लड्डू, લાડુ, वच्छ = વચ્છ, वणियो = વાણિયો, वयण = (वइण) = વેણ, विहूण = વિહોણુ.

सज्झ = साझ, સાઝ(જ), सताव = સતાવવુ; सभाल = सभालना, સભાળ, સભાળવું; सद्द = સાદ; सप्प = साप, સાપ; सरीर = सरीर, સરીર; साहु = साहु, साहु (कार), साहु (કાર), सिंगार = सिंगार, सिक्ख = सीखना, सिर = सिर, સિર, सेट्ठि = શેઠ; हक्क = હાક, हत्थी = हाथी, હાથી, हत्थिणी = હાથિણી, હાથણી, हियय = હૈયુ.

રૂપો

પ્રથમા : देवीओ = દેવીઓ, जे = જે; जो = જો,

તૃતીયા : सुनदाए = સુનંદાએ, अप्पणा = આપણે; जेण = જેણે, तेण = તેણે, मए = મેં,

સપ્તમી : तम्मि = તેમાં, समयम्मि = समयमे, સમયમાં

વર્તમાનકાળ : करेइ = કરે (છે), कहइ = કહે (છે), जाइ = જાય (છે), नत्थि = નથી, भणइ = ભણે (છે), विन्नवइ = વિનવે (છે).

વર્તમાન કૃદંત : नच्चतो = નાચતો, निरिक्खंतो = નીરખતો,

ભૂત કૃદંત : अप्पिय = આપ્યું, आणीओ = આણ્યો, उट्ठिओ = ઊઠ્યો, कहिय = કહ્યું, गओ = ગયો, गया = ગયા, गणिय = ગણ્યું, चलिओ = ચાલ્યો, दिट्ठो = દીઠો, पाडिया = પાડ્યા, भणिओ = ભણ્યો, बोल्लाविओ=બોલાવ્યો, मिलिओ=મળ્યો, लद्धो=લાધો, हसिय = હસ્યું

સંબંધક ભૂત કૃદંત : भरिऊण = ભરીને

વિધ્યર્થ : आणिज्जउ = આણજો, दिज्जउ = દેજો.

પ્રેરણાર્થક : कारावेइ = કરાવે (છે), काराविय = કરાવ્યું, खणावए=ખણાવે (છે), परिणाविओ = પરણાવ્યો.

[આખ્યાનકમણિકોશ–વૃત્તિમાં મળતા શબ્દો અને આપણી ભાષાઓનો શબ્દભંડોળ] :—

अड्डाय = આડું, आवली = આંબલી, उक्कुरुडिया = ઉકરડો, ઉકરડી, उत्तावल = ઉતાવળ, ओर = ओर, कच्छोट्ट = કછોટો; कोत्थलय = કોથળી, कोथली, खलभल = खलबल, ખળભળ, खल्ली = खाली, ખાલી, खपण=ખાંપણ, गुप्पण = ખુપવું, गोव्वर = गोबर, ગોબર, छइल्ल = छैल, છેલ, जुड = जूठ, જુઠું, જૂઠું, જૂઠ, टिल = ટીલું; ढलिय = ઢળ્યું, दीयडो = દીવડો, दीवालिया = दीवाली, દિવાળી, देवलिया = દેવળિયું, देवल, नउलय = નોળી निंदिण = नींदण, पियहर = પિયર, पुट्टलय=પોટલું, पोटली, बप्प=બાપ, बेट्टिया=બેટી, बेटी, भग्गभग्ग = ભગભગો, भरोसा, भंडोल्ल = ભંડોળ, मोक्कल्ल = મોકલવું, रसोइणी = રસોયણ, वाडिया = વાડી, विगोव = વગોવવું, विटलिय = વીટલો, सार = સાર, सूम = सूम, हलफल = હલફલ, हल्ल = હાલવું, हिल्लूर=હિલોળો

ઉપર આપેલ દાખલાઓથી સ્પષ્ટ જણાઈ આવે છે કે આપણા પ્રદેશની પ્રાકૃત ભાષા હિંદી કરતાં ગુજરાતી સાથે વધારે સંબંધ ધરાવે છે એટલે ગુજરાતી ભાષાના વિકાસમાં એનો ફાળો મહત્ત્વપૂર્ણ છે.

अभयक्खाणयं

दाहिणभरहद्धरसारमणीवयणे विसेसयसमाणं।
सिरिरायगिहं नयरं नयरंजियजणवयं आसि ॥ १ ॥

(१) दाहिण (दक्षिण) = દક્ષિણ, भरहद्ध (भरतार्ध) = અડધો ભારત દેશ; विसेसय (विशेषक) = તિલક; सिरिरायगिह (श्रीराजगृह) = એક નગર; नय = ન્યાય, નીતિ, जणवय (जनपद) = દેશ, દેશના લોકો; आसि (आसीत्) = હતુ

દક્ષિણ ભરતાર્ધની ધરતી રૂપી સુંદર સ્ત્રીના ચહેરા ઉપર તિલક કે ન હોય તેવુ નીતિ—ન્યાય—સદાચારના આચરણથી આનંદ પામતા લોકો વાળું શ્રી રાજગૃહ નામે નગર હતુ. (૧)

तम्मि पुरे परकुंजरकुंभत्थलखोणीखणणसीरसमो।
समरसयवरजयसिरिरमणीगहणेक्कदुल्ललिओ ॥
सुकुमालपाणि-पाओ सारयरयणियरसरिसमहच्छाओ।
रइरमणरूवरूवो नरराओ सिरिपसेणइओ ॥९—१०॥

(९) तम्मि (तस्मिन्) = તેમાં, पर = દુશ્મન; कुंजर (कुञ्जर) = હાથી, खोणी = (क्षोणी) = પૃથ્વી, પ્રદેશ सीर = હળ, सयवर (स्वयम्वर) = વર પસંદ કરવાનો સમારંભ; दुल्ललिअ (दुर्ललित) = દુષ્કર આશા રાખનાર.

(१०) सुकुमाल(सुकुमार) = સુકોમળ, सारय(शारद) = શરદ ઋતુનુ; रयणियर (रजनीचर) = ચન્દ્રમા; सरिस(सदृश) = સરખુ, छाआ(छाया) = કાંતિ, સૌંદર્ય, रइरमण(रतिरमण) = કામદેવ· सिरि=શ્રી. पसेणइअ = પ્રસેનજિત

એ નગરીમાં દુશ્મનરૂપી હાથીઓના કુંભસ્થળરૂપી ધરતીને ખેડવા અથવા ખોદવા માટે હળ કે ન હોય તેવો, યુદ્ધરૂપી સ્વયંવરમાં મુશ્કેલીથી પામી શકાય તેવી જયશ્રી રૂપી સુંદર સ્ત્રીને મેળવવાની મોટી (દુષ્કર) અભિલાષા રાખનાર, કોમળ હાથ અને ચરણવાળો, શરદ ઋતુના ચંદ્રમા જેવી મુખની (કાંતિ) શોભાવાળો, કામદેવ સમાન મનોરમ દેહવાળો એવો નરરાજ શ્રી પ્રસેનજિત હતો. (૯—૧૦)

इय चिंतिऊण सिंधुर-तुरंगमा-ऽऽउज्ज-रहवराइन्नं ।
पज्जालावइ सयलं चउद्दिसिं जिन्नसालगिहं ॥ २५ ॥

(२५) इय (इति) = એ રીતે; सिंधुर (सिन्धुर) = હાથી, आउज्ज (आतोद्य) = વાજિંત્ર, आइन्न (आकीर्ण) = ભરાયેલું, पज्जालावइ (प्रज्वालयति) = આગ ચાંપી દે છે, जिन्न (जीर्ण) = જૂનું, सालगिह (शालगृह) = યુદ્ધસામગ્રી રાખવાનું મકાન

આવું વિચારીને તેણે હાથી, ઘોડા, વાજિંત્રો અને ઉત્તમ રથોથી ભરેલ સંપૂર્ણ જૂના શાળાગૃહને ચારે બાજુથી આગ લગાડી દીધી (૨૫)

तं नियवि जलणजालाकरालियं भणइ भूवई कुमरे ।
रे रे ! जो जं गिण्हइ दिन्नं तं तस्स सव्वं पि ॥ २६ ॥

(२६) नियवि (दृष्ट्वा) = જોઈને, (અપભ્રંશ પ્રત્યય वि., तस्स (तस्मै) = તેને, जाल (ज्वाला) = જ્વાળા; गिण्हइ (गृह्णाति) = ધરી લે છે.

અગ્નિની જ્વાળાઓથી સળગી ઉઠેલી એને જોઈને રાજાએ કુમારોને કહ્યું અરે, હે કુમાર જે જે વસ્તુઓ લઈ (બચાવી) લેશે તે બધી વસ્તુઓ તેને આપેલી ગણાશે (૨૬)

रायाएसं निसुणिउ तडयडफुट्टंतवंससंदोहे ।
कड्ढंति पलित्ते पविसिऊण कुमरा गइंदाई ॥ २७ ॥

(२७) निसुणिउ (निश्रुत्य) = સાંભળીને, तडयड (तडतड) = અવાજ, संदोह = જથ્થો, कड्ढ (कर्ष्) = બહાર કાઢવું; पलित्त (प्रदीप्त) = સળગેલું; गइंदाइ (गजेन्द्रादि) = હાથી વગેરે.

રાજાનો આદેશ સાંભળી સળગતા અને તડતડ અવાજ કરતા વાંસડાઓના સમૂહમાં પ્રવેશ કરીને રાજકુમારો હાથી વગેરેને બહાર કાઢવા લાગ્યા.(૨૭)

सेणियकुमरेण पुणो पविसिय पजलंतमंदिरस्संतो ।
गहिया भिंभऽभिहाणा दक्खेण झडत्ति जयढक्का ॥ २१ ॥

(३१) पविसिय (प्रविश्य) = પ્રવેશ કરીને. भिंभ = ભેર, ભેરી; अंतो (अन्तर्) = અંદર; झडत्ति (झटिति) = જલદીથી, जयढक्का = વિજયની ઘોષણા કરવા માટેનું નગારું કે ડંકો કે ભેરી.

શ્રેણિકકુમારે વળી સળગતા મકાનની અંદર પ્રવેશ કરીને કુશળતા સાથે જલદીથી ભિંભ નામની જયઢક્કા (વિજયનું નગારું કે ડંકો) લઈ લીધો. (૨૧)

तं मच्छरेण करकलियभिंभमवलोइउं इयरकुमरा ।
उवहासेण पयंपंति सेणियं भिंभसारो त्ति ॥ ३२ ॥

(३२) इयर (इतर) = અન્ય, करकलिय (करकलित) = હાથમાં પકડેલું

હાથમાં પકડેલા ભિંભથી શોભતા શ્રેણિકને જોઈને દ્વેષબુદ્ધિથી ઉપહાસ કરતા બીજા કુમારો એને ભિંભસાર નામથી બોલાવવા લાગ્યા (३२)

तं दट्टूण नरिंदेण चिंतियं सेणिएण साहु कयं ।
पढममिणं रज्जंगं संगहिया जेण जयढक्का ॥ ३३ ॥

(३३) दट्टूण (दृष्ट्वा) = જોઈને, इण (एनाम्) = એને, रज्जग (राज्याग) = રાજ્યનું એક અંગ.

એ જોઈને રાજાએ વિચાર કર્યો કે શ્રેણિકે સારું કર્યું કારણ કે જયઢક્કા જે રાજ્યનું પ્રથમ અંગ ગણાય તે એણે બચાવી લીધું. (३३)

अह अन्नया परक्कम-चायपरिक्खणकए कुमाराण ।
काराविय परमन्नं भोएइ निवो नियकुमारे ॥ ३४ ॥

(३४) चाय (त्याग), परक्कम (पराक्रम), परमन्न = ખીર, परिक्खणकए (परीक्षणकृते) = પરીક્ષા માટે, भोएइ (भोजयति) = જમાડે છે

તો એકવાર કુમારોના પરાક્રમ અને ત્યાગની પરીક્ષા કરવા માટે ખીર તૈયાર કરાવીને રાજા પોતાના રાજકુમારોને જમાડવા લાગ્યો. (३४)

परमन्नं परिवेसिय निवेण लिल्लिक्किओ सुणयवग्गो ।
सम्मुहमागच्छंतं तं नियवि पलाइया इयरे ॥ ३५ ॥

(३५) परिवेसिय (परिवेष्य) = પિરસીને, लिल्लिक्किओ (लयलक्कृत) = કૂતરાઓને બોલાવ્યા.

ખીર પિરસીને રાજાએ કૂતરાઓના સમૂહને નોતર્યો તેઓને સામા આવતા જોઈને બીજા કુમારો નાસી ગયા (३५)

सेणियकुमरो इयराणमुभयपासट्ठिए गहियथाले ।
सुणयाण खिवइ जेमेइ अप्पणा भयविमुक्कमणो ॥ ३६ ॥

(३) अप्पणा (आत्मना) = ખુદ પોતે, खिवइ (क्षिपति) = નાંખે છે.

બીજાઓ (હાથમાં) થાળીઓ લઈને બન્ને બાજુ ઊભા હતા, જ્યારે શ્રેણિકકુમાર કૂતરાઓને ખાવાનું નાખતો હતો અને પોતે ભય રહિત ચિત્તથી સાથે જમતો હતો. (३६)

तव्वइयरमवलोइय चिंतेइ पमोइओ पुहइपालो।
एसो उदार-वीरो त्ति कायरा इयरकुमरा मे ॥ ३७ ॥

(૩૭) अवलोइय (अवलोक्य) = જોઈ ને, तव्वइयर (तद् + व्यतिकरम्) = તે પ્રસંગને.

આ પ્રસંગ જોઈને હર્ષિત થયેલા પૃથ્વીપાલે વિચાર્યું કે આ કુમાર ઉદાર અને વીર છે જ્યારે મારા બીજા પુત્રો બીકણ છે. (૩૭)

अवरसमयम्मि राया बुद्धिपरिक्खणकए कुमाराण।
मुद्देइ गणियलड्डुयकरंडए सलिलकलसे य ॥ ३८ ॥

(૩૮) मुद्देइ (मुद्रयति) = સીલ લગાડે છે, गणिय (गणित) = ગણેલુ, लड्डुय = લાડુ

એકવાર કુંવરોની બુદ્ધિની પરીક્ષા કરવા માટે રાજાએ ગણેલા લાડવાઓથી ભરેલા કરંડિયાઓ અને પાણીના ઘડાઓ સીલબંધ કરાવ્યા. (૩૮)

हक्कारिउं तओ ते भणेइ वच्छा! सबुद्धिविहवेण।
मुद्दमभंजिय भुंजेह मोयगे पियह सलिलं पि ॥ ३९ ॥

(૩૯) हक्कारिउ (आकार्य) = બોલાવીને, अभंजिय (अभज्य) = તોડ્યા વગર.

કુંવરોને બોલાવીને રાજાએ કહ્યું, હે પુત્રો, પોતપોતાની બુદ્ધિની કુશળતાથી સીલ તોડ્યા વગર લાડવા જમો અને પાણી પણ પીઓ. (૩૯)

एवं वुत्ता नियबुद्धिगव्विया वि य उवायमलभंता।
ते छुह-पिवाससोसियगत्ता दीणत्तमणुपत्ता ॥ ४० ॥

(૪૦) छुहपिवास (क्षुधा + पिपासा) = ભૂખ અને તરસ, सोसिय (शोषित) = શોષાયેલુ, दीणत्त (दीनत्व) = દીનતા

એવુ કહેવાતા પોતાની બુદ્ધિનો અભિમાન કરતા પણ કોઈ તરકીબ ન પામતા ભૂખ અને તરસથી શરીરના અંગો સૂકાતા તેઓ લાચાર થઈ ગયા (૪૦)

सेणियकुमरेण पुणो घेत्तुं पगलंतकलसबिंदुजलं।
घुणिउं करंडए मोयगाण चूरेण भोयविया ॥ ४१ ॥

(૪૧) घेत्तु (गृहीत्वा) = લઈ ને, घुणिउ (घूर्त्वा) = હલાવીને, चूरेण (चूर्णेन) ચૂરા વડે, भोयविया (भोजयिता) = જમાડ્યા

શ્રેણિક કુમારે તો વળી કળશમાથી ઝમતા પાણીનાં ટીપા લઈને અને કરંડિયાઓને હલાવીને લાડુઓના ચૂરાથી બધાને જમાડ્યા (૪૧)

तयणंतरं कुमारे विविहविणोयप्पसंगवक्खित्ते ।
पासित्तु नरवरिंदो वाहरिउं पुच्छई एवं ॥ ४२ ॥

(४२) तयणतरं (तद् + अनन्तरम्) = ત્યાર પછી, विणोयप्पसंग (विनोदप्रसङ्ग) = મશ્કરીનો બનાવ, वक्खित्त (व्याक्षिप्त) = વ્યગ્ર, पासित्तु (दृष्ट्वा) = पश्यू પરથી, જોઈને, वाहर (वि + आ + हृ) = બોલાવવું.

ત્યાર પછી કુમારોને અનેક પ્રકારના વિનોદ પ્રસંગોમાં વ્યસ્ત જોઈને રાજાએ એમને બોલાવીને એમ પૂછ્યું. (૪૨)

मुद्दाभंगं काऊण मोयगा भक्खिया कह ? कहेह ।
एवं वुत्ता राएण ते पुणो विन्नवंति अओ ॥ ४३ ॥

(४३) काऊण (कृत्वा) = કરીને, कह (कदा) = ક્યારે, अओ (अत)

સીલ (મુદ્રા)ને તોડ્યા વગર લાડવાઓ કઈ રીતે (ક્યારે) ખાધા તે સમજાવો. રાજાએ એમ કહ્યું ત્યારે તે ફરી કહેવા લાગ્યા. (૪૩)

ताय ! नियगणिय–मुद्दियमोयगसंखं समुद्दकलसे य ।
परिभाविऊण कह भक्खिय ? त्ति दोसं पयासेह ॥ ४४ ॥

(४४) समुद्द (समुद्रा) = શીલ સહિત, परिभाव = વિચારવું, पयासेह (प्रकाशयथ) = પ્રકાશ પાડો, સમજાવો.

હે તાત, પોતાની ગણતરી પ્રમાણે સીલ સિક્કાવાળા કરેલા લાડુઓ અને મુદ્રાયુક્ત કળશોની સંખ્યા જોઈને (વિચારીને) કહો કે, ક્યારે (કેવી રીતે) ખાધા હશે. તે વિષે કોઈ દોષ હોય તો બતાવો. (૪૪)

इय भणिए भूवालो संभालइ जा तहेव तं सव्वं ।
पुच्छइ य पुणो कुमरे कहेह जहवत्त वुत्तंतं ॥ ४५ ॥

(४५) जहवत्त (यथावृत्त) = જેમ બન્યું હોય તેમ; वुत्तंत (वृत्तान्त) = હકીકત.

આમ કહેવાતા રાજાએ તપાસ કરી અને બધું જેવું હતું તેવું જ પામીને ફરી કુમારોને પૂછ્યું, જે ઘટના બની હોય તે સમજાવો. (૪૫)

तो अक्खिओ समग्गो वि वइयरो तेहिं रायपायाणं ।
जह भिंभसारकुमरेण भोइया निययबुद्धीए ॥ ४६ ॥

(४६) अक्खिअ (आख्यात) = કહ્યું, वइयर (व्यतिकर) = હકીકત, जह (यथा) = જે રીતે

ત્યાર પછી તેઓએ સકળ વૃત્તાંત રાજાના ચરણોમાં પ્રસ્તુત કરતા જણાવ્યું કે ભિંભસાર (બિંબિસાર) કુમારે પોતાની બુદ્ધિથી કેવી રીતે (તેઓને) ભોજન કરાવ્યું હતું. (૪૬)

इय निसुणिऊण सेणियमइविहवं विम्हिओ महाराओ ।
चिंतेइ जहा जुत्तो पसो रज्जाहिसेयस्स ॥ ४७ ॥

(४७) मइविहव (मतिविभव) = બુદ્ધિનો ચમત્કાર; विम्हिअ (विस्मित) = આશ્ચર્ય થયું, जुत्त (युक्त) = યોગ્ય, रज्जाहिसेय (राज्याभिषेक).

શ્રેણિકના આવા બુદ્ધિવૈભવ વિષે સાંભળીને મહારાજા આશ્ચર્ય પામ્યા અને વિચાર કરવા લાગ્યા કે એ જ રાજ્યાભિષેકની લાયકાત ધરાવે છે. (૪૭)

नवरं जइ सपसायं पयं पेक्खामि ता न संदेहो ।
सव्वे वि य मिलिऊणं वावाइस्संति कुमरमिमं ॥ ४८ ॥

(४८) नवरं = પરંતુ, सपसायं (सप्रसादम्) = કૃપા સાથે; पेच्छ (प्रेक्ष्) = જોવું, वावाइस्संति (व्यापादयिष्यन्ति) = મારી નાખશે, इम (इमम्) = આને

પરંતુ એમને જો મારી વિશેષ કૃપાથી જોઉં તો એમાં કંઈ શંકા નથી કે બધા રાજકુમારો મળીને આ રાજકુમારને મારી નાંખશે (૪૮)

संपइ अलीढभावो पयस्स पराभवं पयासेमि ।
रज्जसमयम्मि नियमा इमस्स काहामि अहिसेयं ॥ ४९ ॥

(४९) संपइ (संप्रति) = હાલમાં, अलीढ = અનાસક્ત, काहामि (करिष्यामि) = કરીશ.

હાલમાં તો અનાસક્ત ભાવે એની હાર જ પ્રગટ કરું. રાજ્ય આપવાના સમયે એનો નિયમપૂર્વક અભિષેક કરીશ. (૪૯)

तो तस्स रक्खणकए करेइ राया पसायमियराण ।
कुमराण तुरय-रहवर-वारण-आभरणनियरेण ॥ ५० ॥

(५०) तुरय (तुरग) = ઘોડો, आभरण = અલંકરણ; नियर (निकर) = સમુદાય

તો એમની રક્ષા ખાતર રાજાએ બીજા રાજકુમારોનું ઘોડા, રથ, હાથી અને અલંકરણોના સમુદાયથી સન્માન કર્યું. (૫૦)

नियअंगरक्खपुरिसे वाहरिऊणं नरेसरो भणइ ।
रक्खेयव्वो कुमरो अलक्खिअण्हि अवायाण ॥ ५१ ॥

(५१) अंगरक्ख (अङ्गरक्षक), अलक्खिअ (अलक्षित) = આકસ્મિક, अवाय (अपाय) = અનિષ્ટ

પોતાના અંગરક્ષક પુરુષોને બોલાવીને રાજાએ આજ્ઞા કરી કે ઓચિંતા એવા અનિષ્ટોથી કુમારને બચાવજો. (૫૧)

इयराण गुरुपसायं निएवि चितेइ नियमणे कुमरो ।
पेच्छ अहं ताएण वि जेट्टो वि जहा पराभूओ ॥ ५२ ॥

(५२) निएवि (दृष्ट्वा) = જોઈને (અપભ્રંશ પ્રત્યય एवि) पेच्छ (प्रेक्षस्व) = જો, ताएण (तातेन) = પિતાએ.

બીજાઓ પ્રત્યે વડીલ (પિતા)ની મહેરબાની જોઈને કુમાર પોતાનાં મનમાં વિચાર કરવા લાગ્યો કે, જો, મોટો હોવા છતાં પિતાએ પણ મારો જ પરાભવ કર્યો (૫૨)

अवमाणमहादुहदुहियमाणसो माणगुणगरिट्टो वि ।
गुरुसोयजलणजालाकरालिओ गमइ दियहं ॥ ५३ ॥

(५३) दुहिय (दुःखित) = દુભાયેલું, गरिट्ट (गरिष्ठ) = ગુમાન, दियह (दिवस).

અપમાનના મહાદુખથી દુભાયેલા મનવાળો અને આત્મસન્માનના ગુણનું ગુમાન રાખનારો એવો તે ભારી શોકરૂપી અગ્નિની જ્વાળાઓથી જકડાયેલો દિવસ પસાર કરવા લાગ્યો (૫૩)

मज्झ नियंतस्स कहं कुमरो अवमाणिओ ? त्ति रत्ततणू ।
पगलंतअंसुजालो मित्तो अद्दंसणीहूओ ॥ ५४ ॥

(५४) मज्झ (मम) = મારું, रत्ततणू (रक्ततनु.) = રાતા શરીરવાળો, अंसु (अंशु, अश्रु) = કિરણ, આંસુ, मित्त (मित्र) = સૂર્ય, દોસ્ત

મારા દેખતા કુમારને કેમ અપમાનિત કર્યો એમ વિચારીને (રોષથી લાલ બનેલા શરીરવાળો અને આંખમાંથી આંસુઓનાં ટીપાં ટપકાવતો દોસ્ત) લાલરંગવાળો સૂર્ય પોતાનાં કિરણોને નિસ્તેજ કરતો અદૃશ્ય થઈ ગયો એટલે આથમી ગયો (૫૪)

जासुयणरायरत्ता सिणिद्धतारा कुमारअवमाणं ।
पेच्छिय सुरसरणिट्ठिया सइ व्व विलयं गया संझा ॥ ५५ ॥

(५५) जासुयण (जपासुमनस्) જાસૂદનું ફૂલ, सिणिद्ध (स्निग्ध), सुरसरणिट्ठिय (सुरसरणिस्थित) = આકાશમાર્ગમાં સ્થિત, દેવલોકના માર્ગે જતું.

જાસૂદના રંગ જેવી રાતી, કીકી તારાવાળી અને સ્વર્ગના માર્ગે (આકાશમાં) સ્થિત સંધ્યા (પ્રેમના રંગથી ગુલાબી બનેલી અને સ્નેહયુક્ત આંખની કીકીઓવાળી નાયિકા) કુમારનું (નાયકનું) અપમાન જોઈને સતીની જેમ (જે પતિ સાથે ચિતામાં બળી દેવલોકના રસ્તે જતી હોય તેમ) વિનાશ પામી (૫૫)

राएण कइमजुत्तं सेणियकुमरोऽवमाणिओ जमिह।
अजसपसरो व्व भुवणे वित्थरिओ तिमिरपब्भारो ॥ ५६ ॥

(५६) कइमजुत्त (क्यमजुत्त = कृतम् + अनुक्तम्) = અનુચિત કર્યું, पसर (प्रसर) = વિસ્તાર, पब्भार (प्राग्भार) = જથ્થો, સમુદાય

રાજાએ અયોગ્ય કર્યું કે શ્રેણિકકુમારનું અહીં અપમાન કરવામાં આવ્યુ. આનાથી અપકીર્તિના વિસ્તારની જેમ અંધકારનો સમૂહ જગતમાં ફેલાઈ ગયો (૫૬)

अवमाणजलणजालाकरालियं सेणियं नियकरेहिं।
निव्ववितं व विचिंतिय समुग्गओ सिसिरकिरिणो वि ॥ ५७ ॥

(५७) निव्वविउ (निर्वपितुम्) = ઠંડુ-શાંત કરવા માટે, विचिंतिय (विचिन्त्य) = વિચારીને

અપમાનરૂપી આગની ભયંકર જ્વાળાઓમાં બળતા શ્રેણિકકુમારને પોતાના કિરણો વડે શાંત કરવાનું વિચારીને ચંદ્રમા પણ ઊગ્યો. (૫૭)

तम्मि समयम्मि कुमरो महंतअवमाणपूरियसरीरो।
चिंतेइ पेच्छ ताएण न गणिओ तिणसमो वि अहं ॥ ५८ ॥

(५८) समयम्मि (समये) = સમયમાં, तिणसम (तृणसम) = તૃણસમાન.

તેના સમયે બહુ અપમાનથી ભરાયેલા શરીરવાળો (બહુ અપમાનિત થયેલો) એવો તે કુમાર વિચાર કરવા લાગ્યો કે જો, પિતાએ મને તણખલાની જેમ ગણ્યો જ નથી (૫૮)

ता किं करेमि संपइ? माणं चइउं किमित्थ चिट्ठामि?।
अहवा उत्तमसत्ताण माणमुयणं महादोसो ॥ ५९ ॥

(५९) चइउ (त्यक्त्वा) = છોડીને, इत्थ (अत्र) = અહીં, અપભ્રંશ અવ્યય; चिट्ठामि (तिष्ठामि) = રહું.

તો અત્યારે શું કરું! શું માન ત્યજી અહીંયા રહું? અથવા (નહીં, કારણ કે) શ્રેષ્ઠ પ્રાણીઓ-પુરુષો) માટે માનનો ત્યાગ કરવો તો મહાદોષ છે (૫૯)

जम्हा गुणाण मूलं माणो पुरिसाण वीरचित्ताण।
परदेसे वि न पावंति परिभवं जेण संजुत्ता ॥ ६० ॥

(६०) जम्हा (यस्मात्) = જેથી, કેમકે, जेण (येन) = જેણે

કારણ કે વીરચિત (સાહસિક મનવાળા) પુરુષો માટે માન તો એમના ગુણોનું મૂળ ગણાય છે અને એનાથી સમન્વિત થયેલા પુરુષો પરદેશમાં પણ અપમાન પામતા નથી (૬૦)

नयर-पुर-सरिय-गिरिवर-कंदर-वरपरिसरे पलोयंतो।
गच्छंतो संपत्तो कमेण विन्नायडं नयरं॥ ७४॥

(૭૪) परिसर = આસપાસનો પ્રદેશ, सरिय (सरित्) = નદી

નગર, શહેર, નદી, પર્વત ભખોલ વગેરે અને આસપાસના વિસ્તારો જોતો અને ભમતો ભમતો શ્રેણિકકુમાર અનુક્રમે વેન્નાતટ નામે નગરમાં આવ્યો. (૭૪)

तम्मि मणोहरगोउर-चच्चर-रत्थामुहे निरिक्खंतो।
भद्दाभिहाणसेट्ठिस्स आवणे गंतुमुवइट्ठो॥ ७५॥

(૭૫) चच्चर (चत्वर) = ચાચર, જ્યાં ચાર અથવા વધારે રસ્તાઓ મળતા હોય, દેવળ સામેનું ચર્ચરી ગાવાનું સ્થળ, आवण (आपण) = હાટ, દુકાન, गंतु (गत्वा) = જઈને; उवइट्ठ (उपविष्ट) = બેસી ગયું.

ત્યાંના સુંદર મુખ્યદ્વાર, ચાચર અને રાજમાર્ગના મુખ્ય ભાગોનું અવલોકન કરતો ભદ્ર નામના શેઠના હાટમાં જઈને બેઠો. (૭૫)

तो तस्स पुव्वपुन्नाणुभावओ सिट्ठिणा बहु विढत्तं।
अहवा उत्तमसन्नेज्झभावओ किन्न कल्लाणं?॥ ७६॥

(૭૬) पुन्न (पुण्य), अणुभावओ (अनुभावत) = કૃપાથી, सिट्ठिणा (श्रेष्ठिना) = શેઠે, विढत्त (अर्जित) = કમાવેલું, सन्नेज्झ (सानिध्य) = સંગાથ, किन्न (किं न) = કેમ નહી.

તો તેના (શ્રેણિકના) પૂર્વભવના પુણ્યની કૃપાને લીધે શેઠે (તે દિવસે) બહુ કમાવ્યું. અથવા ઉત્તમ (શ્રેષ્ઠ)નો સંગાથ થવાથી કેમ કલ્યાણ ન થાય? (૭૬)

दट्ठूण तं कुमारं सिट्ठी तुट्ठो मणम्मि चिंतेइ।
जं अज्ज मए सुविणो दिट्ठो रयणीए चिरमम्मि॥
करि-मयर-कुलिस-विद्दुम-राजीव-पवित्तचक्कपवरपओ।
रयणायरो व्व पुरिसो मह धूयं किर समुव्वूढो॥७७-७८॥

(૭૮) करि (करिन्) = હાથી, मयर (मकर) = મગરમચ્છ, कुलिस (कुलिश) = વજ્ર, विद्दुम (विद्रुम) = પરવાળું, राजीव = પદ્મ; पअ (पद) = ચરણ, रयणायर (रत्नाकर) = સમુદ્ર, मह (मम) = મારુ, धूया (दुहितृ) = પુત્રી, समुव्वूढ (समुद्व्यूढ) = પરણ્યો

કુમારને જોઈ મનમાં સંતોષ માનીને શેઠ વિચાર કરવા લાગ્યો કે, આજે રાત્રિ સમાપ્ત થતાં મેં જે સ્વપ્ન જોયું હતું તે પ્રમાણે હાથી, મગરમચ્છ, વજ્ર, વિદ્રુમ (પરવાળુ), પદ્મ અને પવિત્ર ચક્ર વગેરે સામુદ્રિક લક્ષણોથી યુક્ત ઉત્તમ પગવાળા પુરુષે (સમુદ્રની પેઠે ઉત્તમ પાણી વાલો જેમાં આ બધી વસ્તુઓ હોય છે) મારીદીકરી સાથે લગ્ન કર્યાં હતા. (૭૭-૭૮)

सव्वंगलक्खणधरो स एव एसो त्ति चिंतिउं सेट्ठी।
पभणइ सुपुरिस! तुम्मे इह नयरे कस्स पाहुणया? ॥ ७९ ॥

(૭૯) सव्वंगलक्खणधर (सर्वाङ्गलक्षणधर) = શરીર ઉપર બધા સામુદ્રિક ચિહ્નો ધારણ કરનાર, तुम्मे (यूयम्) = તમે, पाहुणय (प्राघुणक) = મહેમાન

તે બધા અંગસબંધી (સામુદ્રિક) લક્ષણો ધારણ કરનારો આ જ પુરુષ છે એમ વિચારીને શેઠે પૂછ્યું કે, આ નગરીમાં તમે કોના મહેમાન છો? (૭૯)

तो तेण ताय! तुम्हाण पभणिए सेट्ठिणा नियगभवणे।
नेऊण ण्हाण-आसणपुरस्सरं भोइओ विहिणा ॥ ८० ॥

(૮૦) ताय (तात) = પિતા વહાલનું સંબોધન, तुम्हाण (युष्माकम्) = આપનું, सेट्ठिणा (श्रेष्ठिना) = શેઠે, ण्हाण (स्नान); पुरस्सर = પૂર્વક, भोइअ (भोजयित) = જમાડ્યો, विहिणा (विधिना) = વિધિપૂર્વક

તો તેણે હે તાત, તમારો, એમ કહેતા શેઠે પોતાના મકાનમાં લઈ જઈને સ્નાન અને આસન સાથે સન્માન કરીને એને વિધિપૂર્વક જમાડ્યો. (૮૦)

कइया वि भणइ सेट्ठी कुमार! जइ वऽणुचिया तुह सुनंदा।
वणियदुहिय त्ति तह वि हु सुविणयकहियं विवाहेसु ॥ ८१ ॥

(૮૧) कइया (कदा) = કોઈ એક સમયે; अणुचिय (अनुचित) = અયોગ્ય; सुविणय (स्वप्नक) = સપનું.

કોઈ એક દિવસ શેઠે કહ્યું, હે કુમાર, જો કે સુનંદા વાણિયાની દીકરી હોઈ તમારા માટે યોગ્ય નથી છતાં પણ સપનાથી સૂચવેલું છે એટલે એમની સાથે લગ્ન કરો. (૮૧)

तं निसुणिऊण कुमरो जलगब्भगभीरजलहरसरेण ।
वज्जरइ दसणकिरिणोहपूरियासेसदिसिचक्को ॥ ८२ ॥

(८२) गभीर (गम्भीर), जलहर (जलधर) = मेघ; सर (स्वर) = અવાજ, वज्जर (कथय्) = કહેવુ, दसण (दशन) = દાંત, किरिण (किरण), ओह (ओघ) = સમુદાય; दिसिचक्क (दिशाचक्र) = સમસ્ત દિશાક્ષેત્ર

એ સાભળીને પાણીથી ભરેલ મેઘના ગભીર અવાજ વડે દાંતના કિરણોના સમુદાયથી સકળ દિશા ક્ષેત્રને પૂરતો આમ કહેવા લાગ્યો. (८२)

अमुणियकुलक्कमाणं अपरिक्खियसील-नय-सहावाणं ।
ताय अम्हाणं कन्नं वियरंतो मुणसि तं चेव ॥ ८३ ॥

(८३) मुण (मुण्, ज्ञा) = જાણવુ, कुलक्कम (कुलक्रम) = ખાનદાનની પરપરા, नय = સદાચાર, नीति, सहाव (स्वभाव), अम्हाण (अस्माकम्) અમોને, वियर (वितृ) = આપવુ

ખાનદાનની પરપરા જાણ્યા વગર, શીલ, આચરણ અને સ્વભાવની પરીક્ષા કર્યા વગર અમોને કન્યાનુ દાન કરતા તો હે તાત, આપ જ જાણો છો। (८३)

तो भणइ भद्दसेट्ठी कुमार ! तुह लक्खणाणि अक्खंति ।
पुहईपसिद्धउत्तमकुलक्कमं खत्तवंसस्स ॥ ८४ ॥

(८४) अक्ख (आ + ख्या) = સાબિત કરવુ, खत्त (क्षत्र) = ક્ષત્રિય

તો ભદ્ર શ્રેષ્ઠીએ કહ્યુ, હે કુમાર, તમારા લક્ષણો પૃથ્વી પર પ્રસિદ્ધ ક્ષત્રિય વંશની ઉત્તમ ખાનદાની પરપરા સાબિત કરે છે. (८४)

एवं भणिऊण पमोयपसरपरिपूरिओ तओ सेट्ठी ।
कारावेइ सुनंदाए पाणिगहणं कुमारस्स ॥ ८५ ॥

(८५) पमोय (प्रमोद) = હર્ષ, पसर (प्रसर) = વિસ્તાર; कारावेइ (कारयति) = કરાવે છે, पाणिगहण (पाणिग्रहण) = હસ્તમેળાપ.

આ રીતે કહીને આનંદના પ્રસારના અતિરેકથી ભરેલ ત્યાર પછી સુનંદાનુ પાણિગ્રહણ કુમાર સાથે કરાવ્યુ (८५)

उब्भूढजोव्वणाए विवाहरहसियपउमरायाए ।
उवभुंजइ विसयसुहं कुमरो सद्धिं सुनंदाए ॥ ८६ ॥

(८६) उब्भूढजोव्वणा (उद्व्यूढयौवना) = યૌવન ધારણ કરની, विवाहर (बिम्बाधर) = બિંબાધર જેવો હોઠ, पउमराय (पद्मराग) = કમળની કાંતિ, અથવા માણેક, सद्धिं (सार्धम्) = સાથે

યૌવન ધારણ કરતી અને જેના ધિસોડા જેવા હોઠ કમળની કાંતિનું અથવા પદ્મરાગમણિ (માણેક) નું ઉપહાસ કરતા હતા તેવી સુનંદા સાથે કુમાર વિષય-સુખ ભોગવવા લાગ્યો. (૮૬)

अह अन्नया सुनंदा सुविणं दट्ठूण कहइ कुमरस्स।
जह अज्जउत्त! एसो अज्ज मए सुविणओ दिट्ठो॥
रेहंतपुक्खरकरो सियदसणो दाणसंजुओ भद्दो।
पियवारणो पविट्ठो तुमं व मह वयणकुहरम्मि॥ ८७-८८॥

(૮૭) अन्नया (अन्यदा) = એક વાર; अज्जउत्त (आर्यपुत्र) = સન્માનનું સંબોધન, अज्ज (अद्य) = આજ.

(૮૮) रेहंत (शोभत्) = શોભતું; पुक्खर (पुष्कर) = કમળ; कर = સૂંઢ; सिय (सित) = સફેદ, दाण (दान) = મદ, वारण = હાથી; वयण (वदन) = મુખ, कुहर = દર

ત્યાર પછી એક વાર સપનું જોઈને સુનંદાએ કુમારને કહ્યું, હે આર્યપુત્ર, મે આજે આવું સ્વપ્ન જોયું કે, ભદ્ર જાતિનો, મદ ઝરતો, સફેદ દાંતવાળો, કમળથી શોભતા સૂંઢવાળો એવો એક તમારા જેવો પ્રિય હસ્તિ મારા મુખના વિવર (દર) મા પ્રવેશ્યો (૮૭-૮૮)

तं सोऊण कुमारो पभणइ हरिणच्छि! तुज्झ वरकुमरो।
संभविही तो हरिसियहियया सा गब्भमुव्वहइ॥ ८९॥

(૮૯) अच्छि (अक्षि) = આંખ, तुज्झ (तव) = તારું, તને, संभविही = संभविहिइ (सम्भविष्यति) = થશે; हियय (हृदय) = હૈયું, उव्वहइ (उद्वहति) = ધારણ કરે છે.

એ સાંભળીને કુમાર કહેવા લાગ્યો, હે મૃગાક્ષી, તારે ઉત્તમ કુમાર (પુત્ર) ઉત્પન્ન થશે તો તે હર્ષિત હૃદય સાથે ગર્ભને ધારણ કરવા લાગી (૮૯)

अह अन्नया कुमारो तीए समं जाव कीलइ जहिच्छं।
ता नियइ नियजणयस्स मंतिणो तत्थ संपत्ते॥ ९०॥

(૯૦) तीए समं (तया समम्) = તેની સાથે, कीलइ (क्रीडति) = રમે છે, नियइ (पश्यति) = જુએ છે, मंतिणो (मन्त्रिण) = મંત્રીઓને; जणय (जनक) = પિતા संपत्त (सम्प्राप्त) = આવેલું.

ત્યાર પછી એક દિવસ જ્યારે કુમાર એની સાથે પોતાની ઇચ્છા પ્રમાણે ક્રીડા કરતો હતો ત્યારે પોતાના પિતાના મંત્રીઓને ત્યાં આવેલા જોયા. (૯૦)

धरविलुलियसिरकमला कमजुयलं पणमिऊण कुमरस्स।
आबद्धपाणिपउमा सप्पणयं ते भणंति इमं॥
हक्कारणाय तुम्हाण पेसिया पुहइसामिणा अम्हे।
ता रायपायपंकयमल्लियह कुमार! अवियप्पं॥९१-९२॥

(९१) धरविलुलिय (धराविलुलित) = જમીન ઉપર સ્પર્શ કરેલુ, कमजुयल (क्रमयुगल) = ચરણયુગ્મ; सप्पणय (सप्रणयम्) = વિનય સાથે.

(९२) हक्कारणाय (आकरणाय) = બોલાવવા માટે, (ચતુર્થી એ. વ.), तुम्हाण (युष्माकम्) = તમોને; अल्लिय (उपसृप्) પામે જવુ, अवियप्प (अविकल्पम्) = વિકલ્પ વગર

ધરતી ઉપર શિર કમળ ટેકવી કુમારના ચરણયુગલને પ્રણામ કરી પોતાના હસ્ત કમળ જોડી પ્રાર્થનાપૂર્વક (તેઓએ) કહ્યુ કે, તમોને બોલાવવા માટે રાજાએ અમને મોકલ્યા છે એટલે વિકલ્પ કર્યા વગર હે કુમાર, રાજાના ચરણકમળમાં પધારો. (९१-९२)

बहुमन्निऊण मंतीण विणयवयणाणि तक्खणं कुमरो।
जणयचरणावलोयणसमुस्सुओ पभणइ सुनंदं॥
सुयणु! मह जणयलेहो समुस्सुओ ता अहं गमिस्सामि।
तुमए पुण ससरीरं पालेयव्वं पयत्तेणं॥९३-९४॥

(९३) बहुमन्निऊण (बहुमन्य) = બહુમાન કરી; अवलोयण (अवलोकन) = જોવુ, समुस्सुअ (समुत्सुक) = ઉમંગવાળુ.

(९४) गमिस्सामि (गमिष्यामि) = જઈશ, तुमए (त्वया) = તારાથી, તમે; ससरीर (स्वशरीर) = પોતાનુ શરીર; पयत्तेण (प्रयत्नेन) = પ્રયત્નપૂર્વક.

મંત્રીઓના વિનંતિ ભરેલાં વચનોનુ બહુમાન કરી અને પિતાના ચરણોનુ દર્શન કરવા માટે ઉતાવળો થઈ કુમારે સુનંદાને કહ્યુ, હે સુતનુ, પિતાનો સંદેશો મારા માટે બહુ આતુર છે, એટલે હુ જઈશ. વળી તમે કાળજીપૂર્વક પોતાના શરીરનુ જતન કરજો. (९३-९४)

परिणाविरओ चइऊण निग्गओ गुव्विणी पमोत्तूण।
ससिवयणि! मणायं पि य मणम्मि मा मुणसु अवमाणं॥९५॥

(९५) परिणाविरओ (परिणायितक) = પરણાવેલો (સ્વાર્થે क પ્રત્યય), चइऊण (त्यक्त्वा) = છોડીને, गुव्विणी (गर्भिणीम्) = ગર્ભવતીને (અપભ્રંશ દ્વિ એ. વ), मणाय (मनाक्) = થોડુ.

હે શશિવદને! મનમાં કંઇક પણ આવું અપમાન રાખતી નહિ કે પરણાવેલો પોતાની સ્ત્રીને મૂકી દઈ અને સગર્ભા અવસ્થામાં ત્યજીને જતો રહ્યો. (૯૫)

विन्नवइ तओ कुमरं अंसुजलोल्लियकवोलफलया सा।
किह मंदभाइणी तुह नयरमहं नाह! जाणिस्सं॥ ९६॥

(૯૬) विन्नवइ (विज्ञापयति) = વિનતી કરે છે; तओ (ततः) = ત્યાર પછી; अंसु (अश्रु), ओल्लिय (आर्द्रित) = ભીંજેલુ, कवोलफलय (कपोलफलक) = કપોળપ્રદેશ, किह (कथम्) = કેવી રીતે, तुह (तव) = તમારું; जाणिस्स (ज्ञास्यामि) = જાણીશ

ત્યારે અશ્રુજળથી ભીંજાયેલા કપોળપ્રદેશવાળી એવી તે કુમારને વિનતિ કરવા લાગી, હે નાથ, મંદભાગિની હુ, તમારા નગરવિષે કેવી રીતે જાણીશ? (૯૬)

तो तीए जाणणत्थं लिहेइ धवलहरभित्तिभायम्मि।
रायगिहनयरपंडरकुड्डा गोवालय त्ति पयं॥ ९७॥

(૯૭) धवलहर (धवलगृह) = ભવન, મકાન, पंडरकुड्डा (पाण्डरकुड्या) = પંડરકુડ્ડ નામનુ, શ્વેત ભીંત, गो = કિરણ, गोवालय (गोपालक) = ગોવાળિયો, કિરણોનો રક્ષક, पय (पद) = ગાથાંશ

તો તેના જાણ માટે મકાનની ભીંત ઉપર-રાજગૃહનગરના પંડરકુડ્ડ નામના ગોવાળિયા-(જેનુ રહસ્ય હતુ-નગરની શ્વેત ભીંતના કિરણોનો પાલક એટલે રાજગૃહની મહિમા-તેજનો રક્ષક)-આવુ પદ લખી દીધુ. (૯૭)

तो पणमिऊण सेट्ठिं सम्माणेऊण पणइणिं कुमरो।
आरोहिउं वरियाए विणिग्गओ मंतिपरियरिओ॥ ९८॥

(૯૮) आरोह = ઉપર ચડવુ, वरिया (वडवा) = ઘોડી. परियरिअ (परिकरित) = વીંટાયેલુ

ત્યાર પછી શેઠને પ્રણામ કરી અને પ્રિયાને સન્માન કરી કુમાર ઘોડી ઉપર ચડીને મંત્રીઓ સાથે રવાના થયો. (૯૮)

इओ य—

गब्भाणुभावदोहलयदुब्बलं नियवि दुहियरं सेट्ठी।
पुच्छइ वच्छे! अइदुब्बलंगिया कीस तं? कहसु ॥११५॥

(૧૧૫) नियवि (पश्य) = જોઈને (અપભ્રંશ સં. ભૂ. કૃ. વિ પ્રત્યય), कीस (कस्मात्) = કયા કારણે, કેમ.

આ બાજુ વળી—

ગર્ભવતી હોવાને કારણે દોહદની અભિલાષાથી દુર્બળ થતી પોતાની પુત્રીને જોઈને શેઠે પૂછ્યું, હે લાડલી, તું બહુ કમજોર શરીરવાળી કેમ થઈ ગઈ છે એ બતાવ. (૧૧૫)

सा आह ताय! मह अत्थि दोहलो तेण दुब्बलसरीरा।
जाणामि अभयदाणं वारणमारुहिय वियरेमि ॥११६॥

(૧૧૬) आह = કહ્યું; दोहल (दोहद) = સગર્ભાની અભિલાષા, जाणामि (जानामि) = જાણું છું, ઇચ્છું છું; वारण = હસ્તિ.

તેણીએ કહ્યું, હે તાત, મારે દોહદ છે એટલે શરીર કપાઈ ગયું છે અને ઇચ્છું છું કે હું હાથી ઉપર ચડીને અભયદાન કરું. (૧૧૬)

त निसुणिऊण सेट्ठी दोहलयं तीए पूरिय पहिट्ठो।
उव्वहइ तयणु गब्भं पमोयपरिपूरिया सा वि ॥११७॥

(૧૧૭) पहिट्ठ (प्रहृष्ट) = ખુશ, तयणु (तद्–अनु) = તદનતર, ત્યાર પછી.

તે સાંભળી શેઠે તેનું દોહદ પૂરું કર્યું અને સંતોષ પામ્યો એ પછી તે આનંદ સાથે ગર્ભનું ધારણ (પોષણ) કરવા લાગી. (૧૧૭)

परिपालिऊण गब्भं नवमासऽद्धट्ठमेहिं दिवसेहिं।
पसवइ तओ सुनंदा देवकुमारोवमं कुमरं ॥११८॥

(૧૧૮) अद्धट्ठम (अर्धाष्टम) = આઠમું અડધું એટલે સાડા સાત, पसवइ (प्रसवति) = જન્મ આપે છે.

નવ માસ સાડા સાત દિવસ સુધી ગર્ભનું રક્ષણ કરીને સુનંદાએ ત્યારે દેવકુમાર સમા એક પુત્રને જન્મ આપ્યો. (૧૧૮)

नच्चंतकामिणिजणं वज्जिरवरतूरपूरियद्दियंतं।
वियरिज्जमाणदाणं वद्धावणयं कुणइ सेट्ठी ॥११९॥

(૧૧૯) कामिणी (कामिनी) = સુંદર સ્ત્રી, वज्जिर (वादित्र) = વાજિંત્ર, वद्धावणय (वर्धापनक) = વધામણું.

સ્ત્રીઓના નૃત્ય સાથે, વાજિંત્રો વગાડીને દિશાઓને પૂરી દેતા અને દાનનું વિતરણ કરતા શેઠે વધામણું કર્યું. (૧૧૯)

अह बारसम्मि दिवसे पसत्थतिहि-करण-जोगसंजुत्ते ।
कारइ दोहलयसमं नामं कुमरस्स अभओ त्ति ॥१२०॥

(१२०) पसत्थ (प्रशस्त) = શુભ; कारइ (कारयति) = કરાવે છે.

બારમા દિવસે ઉત્તમ તિથિ, કરણ અને યોગ સંધાતા પુત્રનુ અભય એવુ દોહદ સમુ નામ રાખવામાં આવ્યુ. (१२०)

धाईहिं लालियंगो कमेण सो अट्ठवारिसो जाओ ।
उज्झायस्सुवणीओ सुविणीओ विज्जगहणत्थं ॥१२१॥

(१२१) उज्झाय (उपाध्याय), उवणीअ (उपनीत) = લઈ જવાયુ; विज्जगहणत्थ (विद्याग्रहणार्थम्) = ભણવા માટે.

ધાત્રીઓ વડે શરીરનુ પાલન પોષણ થતા અનુક્રમે તે આઠ વર્ષનો થયો. વિદ્યાગ્રહણ કરવા માટે વિનયશીલ એવો તેને ઉપાધ્યાય પાસે લઈ જવામાં આવ્યો. (१२१)

अह अन्नदिणे केणावि कलहयंतेण पभणिओ अभओ ।
तुह जणओ वि न नज्जइ किं कलहसि तं मए सद्धिं ॥१२२॥

(१२२) कलहय = કજિયો કરવો, नज्जइ (ज्ञायते) = જણાય છે, मए सद्धिं (मया सार्धम्) = મારી સાથે.

તો એક દિવસ કોઈની સાથે કજિયો થતા અભયને કહેવામા આવ્યુ કે તારા પિતાની જ ખબર નથી તો મારી સાથે શા માટે લડાઈ કરે છે? (१२२)

तो वयणायन्नणफुरंतअवमाणपूरिओ कुमरो ।
रुयमाणो नियभवणे गंतूणं पुच्छए जणणिं ॥
अंब ! कहिं मह जणओ ? त्ति पुच्छिए गलियंसुया भणइ ।
पुत्तय ! पवसंतेणं तुह जणएणं लिहियमेयं ॥१२३-१२४॥

(१२३) आयण्णन (आकर्णन) = સાંભળવું; फुरंत (स्फुरत्) = પ્રગટ થતુ; गंतूण (गत्वा) = જઈને, पुच्छए (पृच्छते) = પૂછે છે.

(१२४) कहिं (कुत्र) = ક્યાં; पवसंतेण (प्रवसता) = પ્રવાસમા જતાં.

તો આવુ વચન સાંભળીને પ્રગટ થતાં અપમાનથી પરાભવ પામીને કુમારે રડતા રડતા પોતાના ઘેર જઈને માને પૂછ્યુ. હે મા, મારા પિતા ક્યાં છે? આવુ પૂછતા આંસુ સારતાં માએ કહ્યુ. હે પુત્ર, પ્રવાસમાં જતા તારા પિતાએ આ લખ્યુ હતુ. (१२३-१२४)

परिभाविउं तओ सो अवगयतत्तो पयंपए जणणी ।
अंब ! पुहईसरो मे जणओ ता तत्थ वच्चामो ॥१२५॥

(१२५) परिभाविउ (परिभाव्य) = વિચારીને, अवगयतत्त (अवगततत्त्व) = હકીકત જાણી, पयप (प्रजल्प्) = કહેવુ ; जणणी (जननीम्) = માતાને (અપભ્રંશ, દ્વિ. એ. વ), वच्चामो (व्रजामः) = જઈશુ.

(તે પદની) સમીક્ષા કરી તેનુ રહસ્ય જાણી તેણે માતાને કહ્યુ, હે મા, મારા પિતા રાજા છે. તો ત્યાં જઈએ. (૧૨૫)

सेट्ठिस्स वि कहियमिणं तेण वि पउणीकरेवि सामग्गि ।
पट्ठाविओ कुमारो रायगिहे सह सुनंदाए ॥१२६॥

(१२६) पउणीकरेवि (प्रगुणीकृत्वा) = ભેગુ કરીને (અપભ્રંશ પ્રત્યય एवि), इण (एतम्) = એ.

આ વાત શેઠને કહેવામાં આવી. તેણે સામગ્રી તૈયાર કરાવીને કુમારને સુનંદા સાથે રાજગૃહ મોકલ્યો (૧૨૬)

आसाइऊण नयरं कुमरो जणणिं वहिं पमोत्तूण ।
नरनाहदंसणकए चलिओ नियपुरिसपरियरिओ ॥१२७॥

(१२७) आसाय (आसादय्) = પ્રાપ્ત કરવુ ; दसणकए (दर्शनकृते) = દર્શન માટે.

નગરે પહોચી માતાને બહાર રાખી કુમાર પોતાના માણસો સાથે રાજાના દર્શન માટે ચાલ્યો. (૧૨૭)

तो वच्चंतो जुन्नायडम्मि दट्ठूण लोयसम्मद्दं ।
पुच्छइ पुरिसं कं पि हु किमेत्थ बहुलोयसम्मद्दो ? ॥१२८॥

(१२८) जुन्नायड (जीर्ण–अवट) = જૂનો કૂવો; लोय–सम्मद्द (लोक–समर्द) = લોકોનો જુવાળ, સ્પર્ધા કે સઘર્ષ, क = કોઈને

ત્યા જતા એક જૂના કૂવા પાસે લોકોનો સઘર્ષ (જુવાળ) જોઈ ને કોઈ એક માણસને પૂછવામા આવ્યુ કે, અહી લોકોની ભીડ શામાટે છે ? (૧૨૮)

सो जंपइ बुद्धिपरिक्खणत्थमिह जुन्नकूवमज्झम्मि ।
मुद्दारयणं पक्खिविय पभणियं नरवरिंदेण ॥
तीरनिसन्नो गिण्हइ जो एयं तस्स देमि नियधूयं ।
पंचसयमंतिनाहं करेमि सह अद्धरज्जेण ॥१२९–१३०॥

(१२९) मज्झम्मि (मध्ये) = મા, વચ્ચે, मुद्दा (मुद्रा) = વીંટી, पक्खिविय (प्रक्षिप्य) = નાંખીને.

(१३०) निसन्न (निषन्न) = બેઠેલુ ; पचसय (पञ्चशत) = પાંચ સો; अद्धरज्जेण (अर्धराज्येन) = અડધા રાજ્ય સાથે.

તે માણસે કહ્યુ , જૂના કૂવામા કીમતી વીંટી (મુદ્રારત્ન) છે કોને ખબી બુદ્ધિની પરીક્ષા કરવા સારુ રાજાએ એવી ઘોષણા કરી છે કે, કિનારે બેસીને જે એને બહાર કાઢશે તેને પોતાની કુમારી પરણાવશે અને પાંચસો મંત્રીઓ સાથે અડધાં રાજ્યનો સ્વામી બનાવવામા આવશે (१२९-१३०)

पभणइ पुणो कुमारो लहइ किमागंतुओ इयं पुरिसो ।
आयड्ढिउं? तओ सो पयंपए पावए बाढं ॥१३१॥

(१३१) लहइ (लभते) = મળે છે, इय (इदम्) = આ, आअड्ढिउं (आकर्षितुम्) = બહાર કાઢવા માટે, पावए (प्राप्यते) = પ્રાપ્ત કરાય છે, बाढ = હા

કુમારે ફરી પૂછ્યુ , શુ નવાગંતુક પુરુષ એને કાઢવાનુ કાર્ય ઉપાડી (પ્રાપ્ત કરી) શકે છે ? ત્યારે તે માણસે જવાબ આપ્યો, હા, કરી (મેળવી) શકે છે (१३१)

तो अयडतडे उवविसिय खिवइ तस्सुवरि गोमयं कुमरो ।
तस्स परिसोसणत्थं पलालपूलं पि जलमाणं ॥१३२॥

(१३२) उवविसिय (उपविश्य) = બેસીને, गोमय = ગોબર, पलाल = ઘાસ, पूल = પૂળો

ત્યાર પછી કૂવાના કિનારા ઉપર બેસીને કુમારે વીંટી ઉપર ગોબર નાખ્યુ અને એને સૂકાવવા માટે એના ઉપર સળગતા ઘાસનો પૂળો નાખ્યો. (१३२)

पूरेऊणं सारणिजलेण तं अंधकूवयं कुमरो ।
तो नीरे तरमाणं छगणं घेत्तुं नहत्थेणं ॥
आयड्ढिऊण मुद्दारयणं नियअंगुलीए पक्खिविउं ।
तो नरवइक्कमकमलावलोयणत्थं गओ कुमरो ॥१३३-१३४॥

(१३३) सारणि = નીક, छगण (देश्य) = છાણ

(१३४) कम (क्रम) = ચરણ; पक्खिविउ (प्रक्षिप्य) = મૂકીને, પહેરીને.

આંધળા કૂવાને નીકનાં પાણીથી પૂરી અને તેથી પાણી ઉપર તરતા છાણને પોતાના હાથ વડે ગ્રહણ કરી, તેમાંથી કીમતી વીંટી કાઢી તેને પોતાની આંગળીમાં પહેરી પછી રાજાના ચરણકમળના દર્શનાર્થે કુમાર ચાલતો થયો (१३३-१३४)

पडिहारकयपवेसो विसिट्ठजणसरिसविहियसियवेसो।
नयरजणजणियतोसो अत्थाणं पेच्छइ तओ सो ॥१३५॥

(१३५) पडिहार (प्रतिहार) = દરવાન, विसिट्ठ (विशिष्ट) = વિલક્ષણ, सरिस (सदृश) = સરખું, पेच्छइ (प्रेक्षते) = જોએ છે.

દ્વારપાળ વડે પ્રવેશ પામેલો, વિલક્ષણ લોકોની જેમ શ્વેત પોશાક પહેરેલો અને નાગરિકોને સંતોષ પમાડતો ત્યાર પછી તે સભાગૃહને જોવા લાગ્યો। (૧૩૫)

दोपासपरिट्ठियतरुणरमणिदोधुव्वमाणसियचमरो।
दिट्ठो अभयकुमारेण तत्थ सिरिसेणियनरिंदो ॥१४४॥

(१४४) पास (पार्श्व) = બાજુ, दोधुव्वमाण (दोधूयमान) = ઢોળાતુ

બને બાજુ ઊભેલી જુવાન લલનાઓ વડે શ્વેત ચામરો ઢોળાતાં હતા તેવી સ્થિતિમાં ત્યાં શ્રી શ્રેણિક રાજાને અભયકુમારે જોયો. (૧૪૪)

हरिसेण चरणकमलेसु निवडिओ महिमिलंतसिरकमलो।
तत्तो नरिंदचलणारविंदपुरओ मुयइ मुद्दं ॥१४५॥

(१४५) निवडिअ (निपतित) = પડ્યું, पुरओ (पुरतस्) = આગળ; मुयइ (मुञ्चति) = મૂકે છે.

શિર કમળને ધરતી સાથે સ્પર્શતો આનંદથી ચરણકમળમાં નમ્યા પછી તેણે રાજાના ચરણકમળની આગળ વીંટી મૂકી દીધી (૧૪૫)

पउरेहिं पुहइवइणो पयासिओ वइयरो असेसो वि।
एएण जहा आगंतुएण आयड्ढियं एयं ॥१४६॥

(१४६) पउरेहिं (पौरैः) = નગરજનોએ, वइयर (व्यतिकर) = વૃત્તાંત, एएण (एतेन) = એણે.

આ આગંતુકે જે રીતે વીંટી કૂવામાંથી કાઢી હતી તે બધી હકીકત નગરજનોએ રાજા સમક્ષ સ્પષ્ટ કરી દીધી. (૧૪૬)

तं निसुणिउं नरिंदो हरिसवसप्फुल्ललोयणो भणइ।
सुपुरिस! निययागमणेण विरहियं किं तए नयरं? ॥१४७॥

(१४७) हरिसवसप्फुल्ललोयण (हर्ष-वश-उत्फुल्ल-लोचन), तए (त्वया) = તમારાથી

આ સાંભળીને આનંદથી વિકસિત થયેલા લોચન વડે રાજાએ કહ્યું, હે સુપુરુષ, (અત્યાર સુધી) તમારા (આગમન) થી વિહોણું આ નગર કેમ રહ્યું ? (૧૪૭)

तत्तो अभयकुमारो विन्नवइ नरेसरं कयपणामो।
विन्नायडनयराओ समागओ हं तुह समीवे ॥१४८॥

(१४८) नयराओ (नगरात्) = નગરથી, समागअ (समागत) = આવ્યુ, આવેલું.

ત્યારે પ્રણામ કરીને અભયકુમારે રાજાને વિનંતિ કરી કે, વેન્નાતટ નગરથી હું તમારી પાસે આવ્યો છું. (१४८)

तो भूवइणा भणियं भद्द! तुमं भद्दसेट्ठिणो धूयं।
परियाणेसि सुनंदं? तो अभओ भणइ आमं ति ॥१४९॥

(१४९) भूवइणा (भूपतिना) = રાજાએ; सेट्ठिणो (श्रेष्ठिन.) = શેઠનુ, आम = હા.

તો રાજાએ પૂછ્યું, હે ભદ્ર, તુ ભદ્ર નામે શેઠની પુત્રી સુનંદાને ઓળખે છે? ત્યારે અભયકુમારે જવાબ આપ્યો, હા (१४९)

तो सायरं नरिंदेण पुच्छियं तीए वच्छ! गब्भम्मि।
किं जायं? ति सपणयं पुत्तो त्ति पयंपए अभओ ॥१५०॥

(१५०) सायर (सादरम्) = આદર સાથે, सपणय (सप्रणयम्) = વિનય સાથે

તો રાજાએ સન્માન સાથે પૂછ્યુ, હે પ્રિય, તેના ગર્ભથી શુ જન્મ્યુ? વિનય સાથે અભયકુમારે જણાવ્યુ કે, તેને પુત્ર થયો છે. (१५०)

सो केरिसगुणकलिओ? त्ति सहरिसं पुच्छिए पुहइवइणा
अभओ पभणइ मं पिव देव! परियाणसु कुमारं ॥१५१॥

(१५१) केरिस (कीदृश) = કેવું, (गुणकलित) = ગુણયુક્ત; मं (माम्) = મને.

હર્ષ સાથે રાજાએ પૂછ્યુ કે, તે કેવા ગુણોવાળો છે? અભયકુમારે જવાબ આપ્યો કે, હે દેવ, તે કુમારને મારા જેવો જ સમજો (१५१)

एसेव मज्झ पुत्तो त्ति कलिय पुहईसरेण सप्पणयं।
पुरपरिहसरलसुललियभुयाहिं आलिंगिओ गाढं ॥१५२॥

(१५२) कलिय (कलयित्वा) = જાણીને, વિચારીને, परिह (परिघ) = અર્ગળા;
सुललिय (सुललित) = સુંદર

આ જ મારો પુત્ર છે એમ વિચારી રાજાએ પ્રેમ સાથે નગરીની અર્ગલાની જેમ વિશાળ, કોમળ અને સુંદર ભુજાઓથી તેનુ ગાઢ આલિંગન કર્યું. (१५२)

नियउच्छंगे विणिवेसिऊण अग्घाइऊण सिरकमले।
भणिओ य जाय! जणणी समागया? अहव नो तुज्झ? ॥१५३॥

(१५३) उच्छंग (उत्सङ्ग) = ખોળ, अग्घा (आघ्रा) = સૂંઘવું, जाय (जात) = પુત્ર, नो = નહી, तुज्झ (तव) = તારુ.

પોતાના ખોળામા બેસાડી શિર કમળ સુંઘી રાજાએ પૂછ્યુ, હે પુત્ર, તારી માતા આવી છે કે નહિ ? (१५३)

आबद्धपाणिपउमो विन्नवइ नरेसरं तओ अभओ।
ताय! तुह नयरपरिसरउज्जाणं आगया अम्बा ॥१५४॥

(१५४) परिसर = પાદર, પડોશનો પ્રદેશ, अम्बा = મા

ત્યારે અભયે હસ્તકમળ જોડી રાજાને વિનતી કરી, હે તાત, તમારા નગરના પાદરે ઉદ્યાનમાં મારી માતા આવી (ઊભી) છે. (१५४)

ता तव्वयणायन्नणफुरंतपरिओसपूरिओ राया।
आइसइ मंतिनियरं पवेसणत्थं सुनंदाए ॥१५५॥

(१५५) आइसइ (आदिशति) = આદેશ કરે છે, परिओस (परितोष) = આનંદ, नियर (निकर) = સમુદાય.

તો તેનાં વચન સાંભળી ઉમળકાથી સંતોષ પામીને રાજાએ સુનંદાના પ્રવેશ માટે મંત્રીજનોને આદેશ આપ્યો (१५५)

तो सिग्घयरतुरंगमवेगेणं जाव जाइ उज्जाणे।
कुमरो ता संपेच्छइ नियजणणिं जणियसिंगारं ॥१५६॥

(१५६) सिग्घयर (शीघ्रतर) = શીઘ્રગામી; संपेच्छइ (संप्रेक्षते) = જુએ છે; जणियसिंगार (जनितशृङ्गार) = શણગાર કરેલુ.

ત્યારપછી શીઘ્રગામી અશ્વના વેગથી કુમાર જ્યારે બાગમા ગયો તો પોતાની માતાને શણગાર કરેલી જોઈ. (१५६)

पभणइ पउत्थवइयाण अंब! न कयाइ जुज्जइ विहूसा।
ता अत्थि अणुब्भडवेसविरयणं चियरस्सु इयाणिं ॥१५७॥

(१५७) पउत्थवइया (प्रोषितपतिका) = જેનો પતિ પરદેશ ગયો હોય તે, कयाइ (कदापि) = ક્યારેય, जुज्जइ (युज्यते) = યોગ્ય છે, विहूसा (विभूषा) = વસ્ત્રાભૂષણ, अणुब्भड (अनुद्भट) = સાદુ ભપકા વગરનુ, इयाणिं (इदानीम्) = હમણા

ત્યારે કુમારે કહ્યુ, હે મા, પ્રોષિતપતિકાને કોઈ દિવસ શણગાર ન છાજે એટલે હમણાં નગર ભટવેશ રચનાનું (સાદા પોશાકનું) આચરણ કર. (१५७)

तो तीए तणयवयणाओ चिरइओ जा पसत्थओ वेसो।
ता आगंतुं नयरे पवेसिया मंतिनियरेण ॥१५८॥

(१५८) तणयवयणाओ (तनय-वचनात्) = પુત્રના વચનથી, आगंतुं (आगम्य) = આવીને

તો તેણીએ પુત્રના આદેશથી જ પ્રશસ્ત વેશભૂષા કરી તે પહેરી. ત્યારપછી મંત્રીજનોએ આવીને એને નગરીમાં પ્રવેશ કરાવ્યો. (૧૫૮)

राया वि अणुरूवत्वेसभूमियं पणइणि पलोएउं।
तो तीए अग्गमहिसीपयं पयच्छइ पहिट्ठमणो ॥१५९॥

(१५९) पलोएउं (प्रलोक्य) = જોઈને; पयच्छइ (प्रयच्छ) = આપવું; पहिट्ठ (प्रहृष्ट) = હર્ષિત.

પોતાની સ્ત્રીને સાદો પોષાક પહેરેલી જોઈ રાજાએ પણ હર્ષિત મન સાથે તેને અગ્રમહિષીનું સ્થાન (પદ) અર્પણ કર્યું (૧૫૯)

नियरज्जसिरीअद्धं दाऊण पसत्थवासरे राया।
तो पंचसयामच्चाण नायगं कुणइ तं कुमरं ॥१६०॥

(१६०) रज्जसिरी (राज्यश्री) = રાજ્યલક્ષ્મી, वासर = દિવસ; अमच्च (अमात्य) = મંત્રી, नायग (नायक) = પ્રમુખ, कुणइ (करोति) = કરે છે.

રાજાએ શુભ દિવસે પોતાની રાજ્યશ્રીનો અડધો ભાગ કુમારને આપી તેને પાંચસો અમાત્યોનો પ્રમુખ બનાવવામાં આવ્યો. (૧૬૦)

नियभइणीए सुसेणाए दुहियरं दलियकमलदलनयणं।
विवाहइ अभयकुमारस्स मयणसेणाभिहं तत्तो ॥१६१॥

(१६१) भइणी (भगिनी) = બહેન, दुहियरं (दुहितरम्) = પુત્રીને.

ત્યારપછી પોતાની બહેનની મદનસેના નામે પુત્રી જેના નૈન કમળ-દળના સૌંદર્યને પણ મહાત કરતા હતા તેવી તેને અભયકુમાર સાથે પરણાવી. (૧૬૧)

भुंजंताणं पंचप्पयारविसए नरिंद-कुमराण।
निवकज्जकज्जउज्जमपराण कालो अइक्कमइ ॥१६२॥

(१६२) पंचप्पयार (पञ्चप्रकार) = પાંચ પ્રકાર, कज्ज = કાર્ય, उज्जमपर (उद्यमपर) = ઉદ્યમશીલ.

પાંચ તરેહના વિષયોનો ભોગ કરતા અને રાજ્યશીના કાર્યમાં ઉદ્યમશીલ રહેતા (બધા) રાજકુમારોનો સમય પસાર થવા લાગ્યો. (૧૬૨)

अह अन्नया जयत्तयसामी सिरिवद्धमाणजयनाहो।
रायगिहनयरपरिसरउज्जाणम्मी समोसरिओ ॥१६३॥

(૧૬૩) जयत्तय (जगत्रय) = ત્રણ્ જગત, सिरिवद्धमाण = શ્રીવર્ધમાન, ભગવાન મહાવીર, समोसरिओ (समवसृत.) = પધાર્યા.

તો એક દિવસ ત્રણ્ જગતના સ્વામી અને જગન્નાથ શ્રી વર્ધમાન સ્વામી (ભગવાન મહાવીર) રાજગૃહ નગરીના પાદરે ઉદ્યાનમાં સમોસર્યા (પધાર્યા). (૧૬૩)

तो राया नयरजणं विलसिरसंगाररेहिरसरीरं।
उज्जाणे वच्चंतं दट्ठुं पुच्छइ पडीहारं॥
कयमणहरसिंगारो नयरजणो भद्द! वच्चए कत्थ?।
विन्नवइ तओ सो देव! जाइ सव्वन्नुनमणत्थं ॥१६४-१६५॥

(૧૬૪) विलसिर (विलसितृ) = વિલાસ કરતુ, सगार (श्रृङ्गार) = શણગાર, रेहिर (राजितृ) = શોભતુ, दट्ठु (दृष्ट्वा) = જોઈને, पडीहार (प्रतीहार) = દરવાન.

(૧૬૫) मणहर (मनोहर) = સુંદર, सव्वन्नु (सर्वज्ञ) = ત્રિકાળજ્ઞાની, नमणत्थ (नमनार्थम्) = વંદન માટે.

ત્યારે વિલાસયુક્ત શૃંગારથી શોભતા શરીરવાળા નગરજનોને ઉદ્યાન ભણી જતા જોઈને રાજાએ દરવાનને પૂછ્યુ કે,

હે ભદ્ર, મનોહર શૃંગાર કરીને નગરજનો ક્યાં જાય છે ત્યારે તેણે વિનંતી કરી કે, હે દેવ, સર્વજ્ઞને નમવા જાય છે. (૧૬૪-૧૬૫)

अम्हे वि सव्वविउपायपंकयं कोउएण पेच्छामो।
इयं चिंतिउं नरिंदो महरिहरिद्धीए नीहरिओ ॥१६६॥

(૧૬૬) सव्वविउ (सर्वविद्) = સર્વજ્ઞ, कोउएण (कौतुकेन) = કુતૂહલથી, नीहरिअ (निस्सृत) = બહાર નીકળ્યુ.

અમે પણ સર્વજ્ઞના પદકમળને કૌતુક સાથે જોઈશુ આવુ વિચારીને રાજા મહા મૂલ્યવાન ઋદ્ધિ સાથે નીકળ્યો. (૧૬૬)

रहरयण-तुरय-कुंजर-अंतेउर-पत्तिनियरपरियरिओ।
संपत्तो गुणसिलयम्मि चेइए मणहरुज्जाणे ॥१६७॥

(૧૬૭) पत्ति = પાયદળ, चेइअ (चैत्य) = મંદિર; परियरिअ = (परिकरित) વીંટળાયેલુ; उज्जाण (उद्यान).

ઉત્તમ રથ, ઘોડા, હાથી, અંતઃપુર અને પાયદળથી વીંટળાયેલો રાજા મનોહર ઉદ્યાનમાં ગુણશીલ નામના ચૈત્યાલયમાં પહોંચ્યો. (१८०)

इय निसुणिऊण तित्थयरदेसणं तयणु सेणियनरिंदो।
खाइयदंसणरयणं पावइ हयपावपब्भारो ॥१८१॥

(१८१) तित्थयरदेसणा (तीर्थङ्करदेशना) = તીર્થંકરનો ધર્મોપદેશ, खाइयदंसण (क्षायिकदर्शन) = કર્મક્ષયથી પ્રગટ થતું દર્શન. हय (हत) = નષ્ટ.

તીર્થંકરની ધર્મદેશનાનું શ્રવણ કરવાથી તરત જ પાપ સમુદાયનો નાશ થતાં રાજાએ ક્ષાયિક દર્શનરત્ન પ્રાપ્ત કર્યું. (१८१)

अभयकुमारो गिण्हइ सावगधम्मं दुवालसविहं पि।
तो पणमिउं जिणिंदं सव्वे वि गया सठाणेसु ॥१८२॥

(१८२) गिण्हइ (गृह्णाति) = ગ્રહણ કરે છે, सावगधम्म (श्रावकधर्म) = ગૃહસ્થ-धર્મ, दुवालसविह (द्वादशविध) = બાર પ્રકારનું

અભયકુમારે બાર પ્રકારનું શ્રાવકધર્મ સ્વીકાર્યું. બધા જિનેન્દ્રને નમી પોતપોતાના સ્થાને ગયા. (१८२)

पत्तो वि हु अणुवरिसं रोहइ रोसेण रायगिहनयरं।
नियबलगव्वियचित्तो सुपयंडो चंडपज्जोओ ॥१८३॥

(१८३) अणुवरिस (अनुवर्षम्) = દર વર્ષે, रोहइ (रोधति) = અવરોધ કરે છે, चंडपज्जोअ (चण्डप्रद्योत) = ઉજ્જૈનનો રાજા.

એ પછી રોષે ભરાયેલો અને બહુ ભયાનક એવો રાજા ચંડપ્રદ્યોત પોતાના સૈન્યના કારણે અભિમાની થઈ ગુસ્સા સાથે દર વર્ષે રાજગૃહ નગરીનો અવરોધ કરવા લાગ્યો. (१८३)

तो सेणिएण भणिओऽभयमंती किं पि चिंतसु उवायं।
नयरस्स जेण खेमं संजायइ तयणु अभएण ॥
पुरपरिसरभूमीए तेण निहाणीकया कणयकलसा।
समयं मुसंढि-मोग्गर-तोमर-सत्तिनियरसत्थेहिं ॥१८४-१८५॥

(१८४) खेम (क्षेम) = સુખશાંતિ, संजायइ (संजायते) = ઉત્પન્ન થાય છે

(१८५) निहाणीकय (निधानीकृत) = દાટી દીધું; निनिय (निचित) = ભરેલ.

તો શ્રેણિકે મંત્રી અભયકુમારને જણાવ્યું કે, કંઈક ઉપાય કરો જેથી નગરીમાં સુખશાંતિ થાય. ત્યારે અભયકુમારે

तो बीयदिणे अभओ तासिं गुणरायरंजिओ संतो।
तुरयारूढो गंतूण ताओ आमंतए सगिहे ॥२०५॥

(૨૦૫) गुणराय (गुणराग) = ગુણો પ્રત્યે અનુરાગ, बीय (द्वितीय) = બીજે, ताओ (ताः) = તેણીઓને

તો એમના ગુણોના રાગથી રંજિત થયેલો અભયકુમાર બીજે દિવસે ઘોડેસવાર થઈ ત્યાં જઈને એમને પોતાના ઘેર (ભિક્ષા) માટે આમંત્રણ આપ્યું. (૨૦૫)

भणिओ य ताहिं तं एत्थ ताव कुण भोयणं तओ अम्हे।
तुह भवणे काहामो पारणयं तयणु सो भुत्तो ॥२०६॥

(૨૦૬) ताहि (ताभि) = તેણીઓએ; कुण (कुरु) = કર, अम्हे (वयम्) = અમે, काहामो (करिष्याम) = કરીશું, पारणय (पारणक) = પારણું ઉપવાસ કે વ્રત પછીનું ભોજન

તેઓએ કહ્યું કે તમે અત્યારે અહીં જ ભોજન કરો અને અમે એ પછી તમારે ઘેર પારણું કરીશું તરત એને (ત્યાં) ભોજન કરાવવામાં આવ્યું. (૨૦૬)

सम्मोहकारिवहुविहवत्थुजुयं पाइओ मयं ताहिं।
तयणु पसुत्तो संतो अवहरिओ रहवरेण इमो ॥२०७॥

(૨૦૭) सम्मोहकरि (सम्मोहकारिन्) = બેભાન કરનારું, वत्थु (वस्तु), मय (मद) = શરાબ; अवहर (अपहृ) = હરણ કરવું

તેઓએ બેશુદ્ધિ અપાવનાર અનેક દ્રવ્ય ભેળવેલો શરાબ તેને પિવડાવ્યો. તેથી ઢળી પડેલાનું તેનું તરત રથ વડે અપહરણ કરવામાં આવ્યું (૨૦૭)

नीओ उज्जेणीए तीए नियरायपायपासम्मि।
पक्खित्तो य नरिंदेण तयणु बोल्लाविओ एवं ॥२०८॥

(૨૦૮) नीओ (नीत) = લઈ જવાયો, तीए (तया) = તેણીએ, रायपाय (राजपाद) = રાજાના ચરણ

ને ગણિકા એને ઉજ્જૈન લઈ ગઈ અને પોતાના રાજાના ચરણ આગળ ધરી દીધો. રાજાએ ત્યાર પછી એને આ રીતે બોલાવ્યો (કહ્યું) (૨૦૮)

रे! कत्थ गया बुद्धी महिलामेत्तेण जं इहाणीओ।
धम्मच्छलेण छलिओ पावाए इमाए सो भणइ ॥२०९॥

(२०९) कत्थ (कुत्र) = ક્યાં; मेत्तेण (मात्रेण) = માત્રથી, छलिअ (छलित) = ઠગ્યુ , ઠગો દીધો.

અરે ! તારી બુદ્ધિ ક્યાં ગઈ છે, મહિલામાત્ર તને [illegible] કુમાર્ગે [illegible] છે, આ પાપિણીએ ધર્મના બહાને કપટથી મને ઠગી દીધો છે. (२०९)

इय भणिए नरनाहेण नियलिओ तह स वयणनियलेहिं ।
जह न अमुक्को सक्कइ नियनयरे गन्तुमेत्तो य ॥२१०॥

(२१०) नियलिअ (निगडित) = બાંધ્યુ , नियल (निगड) = બેડી, अमुक्क (अमुक्त) = છોડયા વગર; सक्कइ (शक्यते) = શકે છે

આવું કહ્યા પછી રાજાએ એને પોતાના વચનરૂપી બેડીઓથી બાંધી લીધો છે, જ્યાં સુધી છોડવામાં ન આવે ત્યાં સુધી પોતાની નગરીમાં ન જઈ શકે (२१०)

चत्तारि संति रयणाणि चंडपज्जोयपुहइपालस्स ।
देवी सिवा नलगिरी करी तहा अग्गिभीरु रहो ॥
लेहारिओ य नरलोहजंघनामो दिणम्मि पणवीसं ।
अइक्कमइ जोयणे लेहहत्थओ जाइ राईणं ॥२११-२१२॥

(२११) चत्तारि (चत्वारि) = ચાર, संति (सन्ति) = તેઓ છે (अस् [illegible] વર્તમાન કાળનું રૂપ)

(२१२) लेहारिअ (लेखाचार्य) અને लेहहारिअ ([illegible]) = સંદેશવાહક; अइक्कमइ (अतिक्रमति) = પાર કરે છે, राईण (राजानम्) = રાજાઓને [illegible]

પૃથ્વીપાળ ચંડપ્રદ્યોતને ચાર રત્નો હતાં શિવા રાણી, નલગિરિ હસ્તિ, અગ્નિભીરુ રથ અને સંદેશવાહક લોહજંઘ (દૂત) [illegible] એક દિવસમાં પચ્ચીસ યોજન પાર કરતો રાજાઓ પાસે જતો હતો (२११-२१२)

[illegible] पि मंताविप्पहिं तो तेहिं [illegible] ।
[illegible] कुक्कुडमोयगसंबलयं अप्पिउं नट्ठो ॥२१३॥

(२१३) [illegible] = [illegible] [illegible] (कुक्कुट) = [illegible]

[illegible]

[illegible] સનાપની થતાં તે [illegible] તેને [illegible] [illegible]

પ્રશ્ન કર્યો,) એ કેવી રીતે બને? (અભયે જવાબ આપ્યો) રાજા પ્રદ્યોતની (તમારી) પુત્રી વાસવદત્તા કળાકુશળ છે અને અત્યારે ઉદયન સિવાય અન્ય કોઈ ગંધર્વશાસ્ત્રમાં પ્રવીણ નથી એટલે એને શીખવવા માટે તેને અહીં લાવવો જોઈએ. (૨૨૧-૨૨૩)

सो कह आणेयव्वो? अभणुत्तं स गयवरं दट्ठुं।
गीएण कुणइ मवसं तो कारिमकरिवरो विहिओ ॥२२४॥

(२२४) कह (कथम्) = કેવી રીતે, आणेयव्व (आनयितव्य) = લવાય, कारिम (कृत्रिम) = બનાવટી, कारिमकरिवर (कृत्रिमकरिवर) = યંત્રમય બનાવટી હસ્તિ, गीएण (गीतेन) = ગીતથી.

(રાજાએ પ્રશ્ન કર્યો) એને કઈ રીતે લાવીએ? અભયે કહ્યું કે, તે ઉત્તમ હાથી જોઈને સંગીતથી એને વશમાં કરશે. ત્યાર પછી એક નકલી (યંત્રમય) હાથી બનાવવામાં આવ્યો (૨૨૪)

मुक्को य तस्स विसए चरमाणो वणयरेण केणावि।
दिट्ठो कहिओ य तओ गंतुं उदयणनरिंदस्स ॥२२५॥

(२२५) विसय (विषय) = દેશ, वणयर (वनचर) = જંગલમાં વસતુ

તેને તેમના દેશમાં છોડી દેવામાં આવ્યો. કોઈ વનચરે તેને ભમતો જોયો અને ઉદયન રાજા પાસે જઈને સમાચાર આપ્યા (૨૨૫)

तत्तो बलसहिओ सो समागओ गयवरस्स पासम्मि।
मोत्तुं खधावारं अल्लीणो गयसमीवम्मि ॥२२६॥

(२२६) बलसहिअ (बलसहित) = સૈન્ય સાથે, खधावार (स्कन्धावार) = શિબિર, अल्लीण (आलीन) = આવ્યુ.

ત્યાર પછી રાજા પોતાના સૈન્ય સાથે હાથી પાસે આવ્યો શિબિર છોડી પોતે એકલો હાથીની નજીક ગયો (૨૨૬)

अइमहुररावपूरियदियंतरो जाव गायइ नरिंदो।
ताव गइंदो जाओ अविचलगत्तो पसुत्तो व्व ॥२२७॥

(२२७) राव = અવાજ, दियंतर (दिगन्तर) = દિશાપ્રદેશ, जाव (यावत्) = જ્યાં, જ્યાં સુધી, ताव (तावत्) = ત્યારે, ત્યાં સુધી; गत्त (गात्र) = અંગ, पसुत्त (प्रसुप्त) = ઊંઘેલું

અતિ મધુરરાગ વડે સકળ દિશાક્ષેત્રને પૂરતો જ્યારે રાજા ગાવા લાગ્યો ત્યારે હાથી સૂઈ ગયો હોય અને પોતાનાં અંગો સ્થિર કરી દીધાં હોય તેવો નિશ્ચલ બની ગયો (૨૨૭)

पच्चासन्नो जाओ राया पच्छन्नसंठियनरेहिं ।
धरिऊण चंडपज्जोयराइणो तेहिं उवणीओ ।।२२८।।

(२२८) पच्चासन्न (प्रत्यासन्न) = नजीक आवेलु, पच्छन्न (प्रच्छन्न) = छुपा-येलु, संठिअ (संस्थित) = रहेलु, तेहिं (तैः) = तेओए

राजा बहु नजीक आव्यो (त्यारे हाथीमां) छुपाई गयेला माणसोए उदयनने धरी लीधो अने तेओ तेने राजा चंडप्रद्योत पासे लई गया.

भणिओ य मज्झ धूयं काणं सिक्खवसु सुंदरं गेयं ।
न तए निरिक्खियव्वा जओ इमा लज्जिरी अहियं ।।२२९।।

(२२९) गेय = गीत, निरिक्खियव्व (निरीक्षितव्य) = जोवाय, लज्जिरी (लज्जिर = लज्जाशील) = शरम पामनारी

अने तेने कह्युं के, मारी काणी दीकरीने सुंदर गीत शीखवो. तारे एने जोवी न जोईए केमके तारायी ते बहु शरम पामशे. (२२९)

कहियं तीए वि वच्छे ! पंगुं कोढाभिभूयसव्वंगं ।
मा पेच्छसु तं तुज्झ वि मा संचरिही इमो वाही ।।२३०।।

(२३०) तीए (तस्यै) = तेने (पालिभाषा समान 'ए' प्रत्यय). वाही (व्याधि)

पोतानी पुत्रीने पण कह्युं के, हे वत्सी, तारा शिक्षकनुं आखुं शरीर कुष्ठरोगथी भरेलुं छे अने ना जोती नहीं तो ए व्याधि तने पण आवी जशे (२३०)

सो जवणियंतरट्ठियं कुमरिं सिक्खवइ तस्स नदेण ।
अयलच्चियमणा सा तं पलोइउं कोउगं धरइ ।।२३१।।

(२३१) कोउय (कौतुक) = उत्कंठा, जवणियंतर (यवनिकान्तर) = पडदा पाछळ.

ते पोताना हृदयथी (रागथी) पडदा पाछळ बेठेली कुमारीने शीखववा लाग्यो. एथी चलित थयेल मनवाळी ते तेने जोवा माटे इच्छावाळी थवा लागी (२३१)

परमत्थोयइ न हु गेयसंवरणया पढन्तया कुमरी ।
तस्स सरसंगयं न कुणइ तदुट्ठेण तो तेण ।।
भणिया काणे ! किं पडसि कुडयं ? तो सरोसमेसा वि ।
जंपइ किं न वियाणसि जणाणं कोढिय ! निल्लीण ! ? ।।२३२-२३३।।

(२३२) छग्ग (लग्न) = आगी नीचे. कुमरी (कुमारी)

(२३३) कुडय (कूटक) = खोटुं, निल्लीण (निर्लीन) = भाग, दुष्ट.

પણ રોગનો ચેપ ન લાગી જાય એ બીકથી તે તેને જોતી નહોતી. એક દિવસ કુમારી સ્વરનું સંચાલન સારી રીતે ન કરી શકી. તો તેને રિસાઈને પૂછ્યું કે, હે કાણી, કેમ ખોટો પાઠ કરે છે? તો તેણીએ પણ રોષ સાથે જવાબ આપ્યો કે, હે પામર, શું બોલે છે, પોતે કુષ્ઠરોગી છે એ નથી જાણતો. (૨૩૨-૨૩૩)

जारिसओ हं कोढी नूणं काणा वि तारिसा एसा ।
इय चिंतिऊण जवणियमुक्खिविउं जाव सो नियइ ॥
ता पेच्छइ तं कुमरिं अहिणवजोव्वणमणोहरावयवं ।
सो सपिवासं तीय वि सच्चविओ कुसुमबाणो व्व ॥२३४-२३५॥

(૨૩૪) जारिसव (यादृशक) = જેવું, (અપભ્રંશની 'व' શ્રુતિ), ह (अह) = હું, तारिसा (तादृशा) = તેવી, नूण (नूनम्) = જરૂર, उक्खिविउ (उत्क्षेप्य) = ઊંચું કરીને, नियइ (पश्यति) = જુએ છે.

(૨૩૫) सच्चविअ (सत्यापित = दृष्ट) = જોયું, अहिणव (अभिनव) = નવું, अवयव = અંગ, कुसुमबाण = કામદેવ, सपिवास (सपिपासम्) = તૃષ્ણા સાથે, तीय (तया) = તેણીએ

જેવો હું કોઢી તેવી જ તે કાણી એમ વિચારી પડદો ઊપાડીને જ્યારે જુએ છે ત્યારે તે એ કુમારીને નવ જુવાનીમાં અને સુંદર અવયવોથી યુક્ત દેખે છે તેણીએ પણ એને તૃષ્ણા સાથે સાક્ષાત્ કામદેવ જેવો જોયો (૨૩૪-૨૩૫)

अवरोप्पराणुराओ संजाओ ताण मुणइ न हु कोइ ।
मोत्तुं कंचणमालं नलगिरिकरिबंधणनिमित्तं ॥
भणिओ पज्जोयनिवेण उदयणो कुणसु सुंदरं गीयं ।
पभणइ गायमि अहं वासवदत्ताए संजुत्तो ॥२३६-२३७॥

(૨૩૬) अवरोप्पर (परस्पर) = અરસપરસ, मुणइ (जानाति) = જાણે છે. कंचण माला (काञ्चनमाला) = વાસવદત્તાની વિશ્વાસુ દાસી

અરસપરસ અનુરાગ વધતો ગયો દાસી કાંચનમાળાને છોડી કોઈ આ વાત જાણતું ન હોતું નલગિરિ હાથીને કાબૂમાં લાવવા માટે રાજા પ્રદ્યોતે ઉદયનને સુંદર ગીત ગાવા માટે કહ્યું (ત્યારે) ઉદયને વાસવદત્તા સાથે સંયુક્ત કરો હું ગાઉં એમ જણાવ્યું. (૨૩૬-૨૩૭)

आरूढो भद्दवइं करेणुयं तो तहा कयं तेहिं ।
अंतरदिन्नपडेहिं गहिओ हत्थी तओ राया ॥

वियरइ वरं दुइज्जं अभयस्स तहेव तं पि निक्खिवइ ।
तो उदयणेण घडिया चउरो मुत्तस्स भरिऊण ॥
आरोवियाओ सद्धिं वासवदत्ताए नियपुराभिमुहं ।
सिग्घं पलाइओ सो सन्नज्झइ नलगिरिं जाव ॥२३८-२४०॥

(२३८) आरूढ = ચડ્યુ, करेणुया = હાથણી, अंतरदिन्नपट (अन्तर्दत्तपट) = વચ્ચમાં પડદો કરેલુ.

(२३९) दुइज्ज (द्वितीय) = બીજું, तहेव (तथैव) = તેવી રીતે જ. घडिया (घटिका) = કળશિયો; मुत्त (मूत्र), चउर (चतुर) = ચાર

(२४०) आरोविय (आरोपित) = ઉપર મૂક્યુ, सद्धिं (सार्धम्) = સાથે, अभिमुह (अभिमुखम्) = સામુ, ભણી, सिग्घ (शीघ्र) = જલદી सन्नज्झइ (सन्नह्यते) = પલાણ માંડી તૈયાર કરાય છે

ઉદયન ભદ્રવતી હાથણી ઉપર સવાર થયો. વચ્ચે પડદો ગોઠવીને તેઓએ (વાસવદત્તા સાથે) તેવું (સંગીત) કર્યું. હાથી વશ થયો ત્યારે રાજાએ અભયને બીજો વર (વરદાન) આપ્યો, પહેલાની જેમ એ પણ રાજા પાસે જ રાખવામાં આવ્યો. ત્યાર પછી ઉદયને મૂત્રના ચાર કળશિયા ભરીને ઉપર મૂકી દીધા. અને વાસવદત્તા સાથે પોતાની નગરી તરફ જલદીથી પલાયન થઈ ગયો, જ્યારે ચંડપ્રદ્યોત નલગિરિ હાથીને સજ્જ કરતો જ રહી ગયા (૨૩૮-૨૪૦)

भणितं च तेन—
एष प्रयाति सार्धः काञ्चनमाला वसन्तकश्चेति ।
भद्रवती घोषवती वासवदत्ता उदयनश्च ॥२४१॥

(२४१) एषः = એ, प्रयाति = જાય છે. सार्धं = સાથે. वसन्तक = રાજા ઉદયનનો સ્નેહ વિશ્વાસુ મિત્ર જે ગુપ્ત રીતે [illegible] હતો; घोषवती = રાજા ઉદયનની પ્રિય વીણા.

તેણે કહ્યું—

આ ચાલ્યો જાય છે—સાથે કાંચનમાલા, (અને) વસંતક, અને ભદ્રવતી, ઘોષવતી વીણા, વાસવદત્તા અને રાજા ઉદયન (૨૪૧)

पणवीसजोयणाइं भद्दवई [illegible] गया तत्तो ।
निच्छिओ नलगिरिम्मि मुत्तघडी फोडिया एगा ॥२४२॥

(२४२) नलगिरि (नडगिरि) = [illegible]; एगा (एका) = એક (એક)

સ્ફટિકમણિના ફર્શમાં પ્રતિબિંબિત થતી રમણીઓ જાણે કે પાતાળ લોકમાં રહેતી લલનાઓ કે ન હોય (ઉત્પ્રેક્ષા)

फलिहसिलामलकुट्टिमतलेसु पडिमागयाओ रमणीओ ।
पायालपुरंधीओ व्व जम्मि दीसंति लोएण ॥८॥

સૈન્યવર્ણન :

શત્રુ સ્ત્રીઓના હૃદયમાં સળગતો રાજાનો પ્રતાપરૂપી દાવાનલ તેમના લાંબા ગરમ શ્વાસરૂપી ધૂમાડા વડે દેખાતો હતો (અનુમાન, રૂપક)

जस्स रिउरमणिमाणसमज्झे पज्जलियपयावदवजलणो ।
लक्खिज्जइ दीहर-उण्हसासधूमप्पवाहेहिं ॥११॥

રાજાના જયલક્ષ્મી સાથેના ગાઢ પ્રેમને કારણે અપમાનિત થયેલી કીર્તિનું દૂર દૂર દિશાઓમાં વિચરવું (ઉત્પ્રેક્ષા).

जस्स जयलच्छिलालसमणस्स अवमाणमसहमाण व्व ।
धोयकलहोयकंता कित्ती वच्चइ दिसिमुहेसु ॥१२॥

પ્રયાણશીલ ઘોડાઓના પગથી ઊડેલી ધૂળ વડે આખા બ્રહ્માંડમાં અંધકાર છવાઈ જવો.

जस्स तुरंगमखुरखणियखोणिउड्डीणरेणुपूरेण ।
अंधारिंतो दिसिमुहसमेयबंभंडसंडउडं ॥१३॥

ચળકતા ભાલાઓના ચમકારથી પ્રકાશિત દિશાઓ અને હાથીઓની ગંભીર ગર્જનાથી પૂરાયેલું ભુવન.

झलकंतकुंतचिंधइयविज्जुज्जोयप्पयासियदिसोहो ।
गंभीरगम्मिधुरघडागलगज्जियभरियभुवणयलो ॥१४॥

ચલાયમાન શ્વેત ધ્વજપતાકાઓરૂપી બગલાઓથી શોભિત દિશાક્ષેત્ર અને સામંતોના મુકુટોની મણિઓના કિરણોથી સ્ફુરિત થતા ધનુષોના આડંબરવાળો (રૂપક)

चलचवलधवलधयवडबलायपंतिप्पसाहियदियंतो ।
सामंतमउडमणिकिरणफुरणकोदंडडंबरिओ ॥१५॥

હાથીઓની સૂંઢના અગ્ર ભાગમાંથી છંટાતું પાણી અને તેઓના સુવર્ણ ઘંટના રણકારરૂપી મધુર ગર્જન કરતું ચાતકોનું ટોળું (રૂપક)

दोघट्टघट्टसुंडापज्झंतपसुफासियकरासारो ।
गयकणयघडियघंटारणंतचप्पीहयकुडुंबो ॥१६॥

સઘળા રાજાઓના પ્રદેશોમાં પોતાની આણ વર્તાવતો અને વાદળાંઓની માફક મુક્ત રીતે ફરતું પોતાનું સૈન્યબળ (ઉપમા)

कारावितो आणं नीसेसनरेसराण विसएसु ।
खंधावारो विचरइ जलहरलीलं विडंबंतो ॥१९॥

રાજાની ક્રીડા અને વિનોદ :

મંત્રીઓને કાર્યભાર આપી ક્રીડા અને વિનોદમાં [illegible] ગાળે

रज्जपमुहं समप्पिय भारं मंतीण बुद्धिजुत्ताण ।
केलीविणोयवसिओ गमेइ कालं पुहइपालो ॥२०॥

હાથીઓ સાથેની રમત (અનુપ્રાસ)

कइया वि कुणइ कुंजरकेलिं सामंतमंतिसंजुत्तो ।
अप्फालंतो कामिणिपीणत्थणथुल्लकुंभयडे ॥२१॥

અશ્વો સાથે રમત, તેઓનું નૃત્ય અને [illegible].

कइय वि तरलतुरंगमवग्गणवसतुट्टमोत्तियकलावो ।
पगलंतघम्मसलिलो व्व कुणइ हयवाहियालीओ ॥२२॥

આગમાંથી સૈન્યસામગ્રી બચાવવી .

આગ બુઝાવવા માટે ભિડાવેલી સૂંઢમાંથી છંટાતાં પાણીના [illegible] અને તેના હાથીને બચાવવો

उल्लालियकरपेरंतमुक्कसिक्करुक्कडाकडप्पेहिं ।
जलणं विज्झावेंतो व्व कड्ढिओ तेण वि करिंदो ॥२३॥

[illegible] બચાવવો

अवरेण पवरमाणिक्ककंचणकिरणोहरंजियदिगंतो ।
संगलिओ पयलंतो व्व [illegible] ॥२४॥

[illegible] બચાવવો (અનુપ્રાસ)

जालाजालजलणं पविलोइय [illegible] तुरयं ।
पज्जलियजलणभीओ व्व कड्ढिओ तेण वि तुरंगो ॥२५॥

શ્રેણિકનો વીરોચિત ગર્વ :

[illegible] (ઉપમા)

अवमाणिया वि जे नियगिहं वि न चयन्ति हीणमाणधणा ।
अभिमाणगुणविहूणा माणसमाण व्व ते नियमा ॥६१॥
ગણુમાં ક્લેશ અને પ્રચંડતાથી લડતા યોદ્ધાઓનુ માન ભંગ થયા
વગર રહ્યુ હોય તો એ શુ પર્યાપ્ત નથી ? (અનુપ્રાસ)

विहडन्भडभिडडिमिडंतसुहडकोदंडडंबरे वि रणे ।
जइ अपरिमल्लियमाणा सुयणा ता किं न पज्जत्तं ॥६२॥
પૃથ્વી ભલે ચલાયમાન થાય પણ વીર પુરુષોનો ગર્વ ન નમે (અનુપ્રાસ)

अवि चलइ धरणिवीढं रइकेलिविसंठुलस्स फणिवइणो ।
अभिमाणं माणधणा मणयं वि मुयंति न तहा वि ॥६३॥
ગળમાં શરીર કપાઈ જાય પણ સ્વજનોથી કરાયેલ પરાભવ ન સહી શકાય

अवि करवालकरालियरणंगणे कप्परंति नसरीरं ।
न सहंति सयणविरइयपराभवं पोरिसेक्करसा ॥६४॥
પિતાના વૈભવનો નાશ કરવા માટેનો કોપ અને વળી પોતાના કુળનો
વિચાર કરી શાંત થવુ

ता उद्दालेमि सिरिं करवालबलेण अक्कमिय तायं ।
हा हा ! न जुत्तमेयं उत्तमवंसप्पसूयाणं ॥६५॥

શ્રેણિકનુ પ્રયાણ :

વિદેશ જવા તૈયારી

ता वच्चामि विएसं ति चिंतिउं माणसाहसणाहो ।
गमणेक्कबद्धबुद्धी समुट्ठिओ सेणियकुमारो ॥६६॥
વીરોચિત પોશાક અને હાથમાં શત્રુઓના રુધિરથી લાલ બનેલી
તલવાર (અનુપ્રાસ)

रेहंतरयणहारो विरइयवरवीरपुरिससिंगारो ।
करकलियरिउवियारणरुहिरारुणकूरकरवालो ॥६७॥
કોઈને દેખાયા વગર રાત્રીના ચોથા પહોરમાં બહાર નીકળવુ (અનુપ્રાસ)

वंचिय नियपरिवारो दूरं परिहरियपुरिससंचारो ।
नीहरिओ नयराओ रयणीए तुरियपहरम्मि ॥६८॥
ઉપ વાળ પહેલા નગરથી દૂર પહોંચી જવુ

जाव न दिज्जइ अरुणोरुकिरणपब्भारपेरिया रयणी ।
अइंतनयरपरिसरधरणीवीढो ता कुमारो वि ॥६९॥

અંધારાનાં ચિહ્નને કુમારના આગમનથી દબાવવા માટે મંત્રી અવસાન પામી (ઉત્પ્રેક્ષા)

मा होउ मग्गदोसो तमभरपरिपूरियम्मि मग्गम्मि ।
कुमरस्स गमणविग्घं ति चिंतिउं अत्थमिया रयणी ॥७०॥

નેમિકુમારનું આગમન દેખવામાં ... આથમી ગઈ (ઉત્પ્રેક્ષા)

मुकुमारचरणजुगलं पयचारेणं नरीन गच्छंतं ।
कुमरं दट्ठुमणो व्व गयणो व्व रवी अरुणो ॥७१॥

પગે ચાલતા કુમારની દશા જોવા માટે ઉદય પામ્યો (ઉત્પ્રેક્ષા)

किं वच्चइ ? त्ति दट्ठुं जिणेसरो उदयगिरिसिहरम्मि ।
जणयाणमाणकुमारपूरिय नेमियकुमार ॥७२॥

ગગન દ્વારા નાટકોમાં મુનિઓને દેખાતા ... ગયો (...)

सो कुडयालयेनिवपच्छन्नगयहुत्तुरियनियरेहिं ।
वच्चइ अलक्खियगई अणुगम्मंतोऽभिमाणवगा ।७३।

राज्याभिषेकोत्सव :

વારાંગનાઓનું સંગીત અને નાટકો દ્વારા વર્ણન (અનુપ્રાસ).

नारचिलानिणिचिरयवंनीयअकित्तनिरन्तकूडं ।
वंदियणभणियजयजयरवरहिंचियनरयलंदिभागं ॥१०८॥

... (અનુપ્રાસ).

नच्चंतीसु छिन्नंडुलयमेल्लगलंतकुसुममालासु ।
दरडायपिरीनिरत्थणहरमणीरमणीसु ॥१०९॥

વાજિંત્રોના નાદ અને ... (અનુપ્રાસ)

वज्जंतगहिरपडिरवपडिपूरियनिरवसेसदिसिविवरं ।
निवकज्जलमज्जणमंडवकोडिमुत्तुलियं ॥११०॥

... (અનુપ્રાસ, ...)

कामिणिगीयनयणस्थपम्भमाणनिसलिलकणयकलसेहिं ।
अभिसित्तो नरिंदो अहिसिच्चिओ नेमियकुमार ॥१११॥

રાજમુકુટ-આરોહણ.

तयणु मणिकिरणरंजियदियंतरं तस्स कणयमयमउडं ।
वंधित्तु उत्तमंगे पणमइ धरकुलियसिरकमलो ॥१२२॥

પ્રજાપાલન માટે વિનતી (અનુપ્રાસ).

उवविसिय खोणिवीढे विन्नवइ नरेसरो नरवरिंदं ।
नियछाय व्व नरेसर परिहरियव्वा पया न तए ॥१२३॥

આસ્થાનમંડપ અને રાજાનું વર્ણન

આકાશમાં ચળકતા તારાઓની જેમ ચોક પૂરાયેલી ફર્શ (ઉપમા).

जत्थिदनीलकुट्टिमतलविरइयविमलमोत्तियचउक्को ।
सहइ करवालसामलनहंगणे तारयगणो व्व ॥१३६॥

નીલમ જડેલી ભીત અને સ્ફટિકના થાંભલા જાણે કે ચંદ્રમાના કિરણોવાળી રાત્રી. (ઉપમા)

जत्थ य मरगयभित्ती संवसिया फलिहथंभदित्तीए ।
अइरुग्गयससहरकरकरंविया सहइ रयणि व्व ॥१३७॥

ચંદરવામાં લટકતી માળાઓ મેઘની ધારાઓની જેમ (ઉપમા)

जत्थ नवमेहडंवरचंदोययतलपलंवहारोहो ।
नवजलहरधारासारडंवरं लहु विडंवेइ ॥१३८॥

પ્રણત રાજાઓના મુકુટોના ચૂડામણિઓના કિરણોથી શોભિત શરીરવાળો રાજા નવોદિત સૂર્યના કિરણોથી શોભતા મેરુપર્વતની સમાન. (ઉપમા)

नमिरनरेसरनिरुवमचूडामणिकिरणरंजियसरीरो ।
अरुणारुणकिरिणावलिसंवलिरो सुरगिरिंदो व्व ॥१३९॥

નીલમના ચૂડામણિના કિરણોથી શોભતો માથાનો અગ્રભાગ જાણે કે લક્ષ્મીએ ધારણ કરેલા છત્રથી અલંકૃત થયેલું શરીર (ઉત્પ્રેક્ષા)

नवइंदनीलचूडारयणकरुक्केररंजियसिरग्गो ।
सिरिधरियमेहडंवरछत्तसमालंकियतणु व्व ॥१४०॥

મરકતમણિયુક્ત કુંડળોની પ્રભાથી ચળકતા ખભા જાણે કે કસ્તૂરી વડે ચિત્રિત પત્રાવળીઓથી શોભાયમાન (ઉત્પ્રેક્ષા)

परिगिहियमरगयमणिमयकुंडलकिरिणोहकव्वुरभुयग्गिहरो ।
घणहरिणनाहिकयपत्तवल्लिजुयलो व्व सोहंतो ॥१४१॥

ચળકતાં મોતીઓના હારથી શોભતું વક્ષઃસ્થળ અને ચંદનના તિલકથી શોભતી ભુજાઓ. (અનુપ્રાસ)

तारुज्जलमुत्ताहलहारावलिकिंकिणिच्छुरियवच्छयलो ।
सच्छसिरिखंडभूहरिभासुरभुयमज्झभाओ व्व ॥१६६॥

જમણા ઘૂંટણ ઉપર મૂકેલ સુંદર તળિયાવાળો ડાબો પગ અને ખાંડિયા ગમનઓ તરફથી સંભવિત વિકોદ દિવ્ની ચર્ચામાં [illegible] થનેલો. (અનુપ્રાસ).

मंडलियमंडलुद्दामरसमरसंदोहसंकलक्कियत्तो ।
दाहिणजाणुनिवेसियसुललियतलवामकमकमलो ॥१६७॥

જિન ભગવાનનું સમોસરણ અને તેમનો ધર્મોપદેશ

સમોસરણમાં રાજા શ્રેણિકનો પ્રવેશ.

दट्ठुं कलहोयहिरन्नरयणपायारनियसमोसरणं ।
परिहरियगंधसिंधुरखंधुरखंधो विसइ तत्थ ॥१६८॥

દેવતાઓ દ્વારા વંદન અને આઠ પ્રાતિહાર્ય.

पेच्छइ य चउद्दिसिअमरनियरपणमिज्जमाणकमकमलं ।
सुरविसरभत्तिविरइयअट्ठमहापाडिहेरजुयं ॥१६९॥

રાજા દ્વારા વંદના અને સ્તુતિ

अवलोइऊण तिहुयणसरणं सिरिवद्धमाणजिणनाहं ।
संथुणइ कयपणामो राया रोमंचियसरीरो ॥१७०॥

રૂપક અને ઉપમાસભર સ્તુતિ. (ઉપમા, રૂપક, અનુપ્રાસ)

जय रोसतिमिरदिणयर ! मयणमहाजलणजलहरसमाण ।
मच्छरकरेणुदारणदारुणकंठीरवकिसोर ! ॥१७१॥

जय दुव्विवनियरच्चायरलागण ! नयसरणिसरकमल-चरण ।
गायनिन्नादसनिवारण ! करुणारसनिज्झर ! नमो ते ॥१७२॥

શ્રેણિક રાજાએ આસન ગ્રહણ કર્યું. (અનુપ્રાસ)

इय जिणवरिंदमवयारविदजुयलं थुणित्तु नरनाहो ।
उवविसइ उच्चरोमंचसंचिओ उचियदेसम्मि ॥१७३॥

અમૃત સમાન ઉપદેશ. (ઉપમા, રૂપક, અનુપ્રાસ)
भयवं वि दसणकिरणच्छलेण अमयं व विसयविसहरणं ।
वियरंतो नवजलहरसरेण सद्देसणं कुणइ ॥१७४॥

સંસારચક્રમા લેશમાત્ર પણ સુખનો અભાવ.
भो भव्वपाणिविसरा! वयणं निसुणंतु इह भवावट्टे ।
परियट्टंता सत्ता मणयं पि सुहं न पावंति ॥१७५॥

નરકવાસીઓનુ દુઃખ. (અનુપ્રાસ)
पेच्छह परमाहम्मियनिट्ठुरकरवत्तकप्परिज्जंता ।
नेरइया नयणनिमेसमित्तमवि न वि लहंति सुहं ॥१७६॥

બીજા પ્રાણીઓનુ દુઃખ (અનુપ્રાસ)
तिरिया वि बंध-वह-छेय-भेय-उक्कत्तणाइदुक्खत्ता ।
विरसं रसमाणा वि हु छुट्टंति न पुव्वपावाओ ॥१७७॥

કુકર્મનાં ફળરૂપે પીડાતા માનવો. (અનુપ્રાસ)
गुरुरोय-सोय-पियविप्पओग-दारिद्ददूमिया दुहिया ।
पेच्छह पुरिसा वि कुकम्मपरिणईपासपडिबद्धा ॥१७८॥

દેવો પણ અન્ય દેવીઓમાં આસક્ત અને તેથી તેમનુ દુઃખ (અનુપ્રાસ)
अमरा वि अवरसुरवररमणीअणुरायरंजियसरीरा ।
ईसा-विसायविसहरविसविवसा अणुहवंति दुहं ॥१७९॥

ચતુર્ગતિભ્રમણનુ દુઃખ અને સંસારથી વિરક્તિ (અનુપ્રાસ)
न य चउगइसंसारे सुहलेसस्सावि संभवो सुलहो ।
इय परिभाविय भव्वा! भवंतु सव्वे भवविरत्ता ॥१८०॥

ભાષા-પરિચય-૧

[પાઠ્યક્રમાનુસાર મહારાષ્ટ્રી પ્રાકૃતનો વિદ્યાર્થીઓ માટે]

સામાન્ય ભાષા-પરિચય

૧. સ્વર વિકાર. ऋ, ऐ અને औ.

૨. વ્યંજન વિકાર: મધ્યવર્તી અને સંયુક્ત.

૩. अ કારાન્ત પુલ્લિંગ અને आ કારાન્ત તેમજ ई કારાન્ત સ્ત્રીલિંગનાં રૂપો

૪ વર્તમાન અને ભવિષ્ય કાળ

૫ ભૂત, વિધ્યર્થ, સંબંધક ભૂત અને હેત્વર્થ કૃદન્ત

અ. ધ્વનિ સંબંધી પરિવર્તન

૧. સ્વર વિકાર

પ્રાકૃતભાષામાં વિસર્ગ વપરાતો નથી.

ऋ, ऐ અને औ ના ફેરફાર નીચે પ્રમાણે છે.

ऋ = अ. कअ (कृत), नच्च (नृत्य), [illegible] (शृङ्गार), [illegible] (वर्धमान)

= इ. [illegible] ([illegible]), भिच्च (भृत्य), [illegible] ([illegible]), [illegible] (शृङ्गार)

= उ. वुत्तंत (वृत्तान्त), पुहई (पृथ्वी). [illegible] ([illegible])

= रि. रिद्धि (ऋद्धि)

ऐ = ए. तहेव (तथैव)

औ = ओ. कोउअ (कौतुक), [illegible] ([illegible]), [illegible] ([illegible])

૨. વ્યંજન વિકાર

न = ण जणवय (जनपद), [illegible] ([illegible]), [illegible] ([illegible]), [illegible] ([illegible]).

(આરંભનો 'न' 'ण'માં બદલાયેલો જણાતો નથી—[illegible], [illegible], [illegible], [illegible], [illegible], [illegible], निग्गम)

श = स, ससि (शशि), सत्तु (शत्रु) आएस (आदेश), कलस (कलश), सोय (शोक), सिर (शिर)

ष = स. दोस (दोष), विसय (विषय), सेस (शेष), तोस (तोष), भीसण (भीषण).

પ્રારંભિક य = ज. जाम (याम), जहा (यथा), जुत्त (युक्त), जइ (यदि), जवणिया (यवनिका)

(આ) અસંયુક્ત મધ્યવર્તી વ્યંજન :

(1) મધ્યવર્તી (બે સ્વરો વચ્ચે આવતા) क, ग, च, ज, त, द, प, य અને व નો લોપ થાય છે અને શેષ રહેલો अ અથવા आ સ્વર य અથવા या માં બદલાઈ જાય છે એ य શ્રુતિ છે.

क. सेणिय (श्रेणिक), सयल (सकल), नियर (निकर), कोउअ (कौतुक)

ग. नयर (नगर), तुरय (तुरग), जुयल (युगल), सायर (सागर)

च. रुइर (रुचिर), पयड (प्रचड), वयण (वचन), सुइर (सुचिर).

ज. रायगिह (राजगृह), निय (निज), राया (राजा), पङ्कय (पङ्कज).

त. रजिय (रजित), रइ (रति), ताय (तात), समागअ (समागत).

द. वयण (वदन), जणवय (जनपद), आएस (आदेश).

प. गोउर (गोपुर), अज्जउत्त (आर्यपुत्र), रिउ (रिपु). कयाइ (कदापि),

य. काअ (काय), पओग (प्रयोग), पच्चअ (प्रत्यय), निउत्त (नियुक्त).

व. दियह (दिवस), अयड (अवट).

(11) મધ્યવર્તી મહાપ્રાણ વ્યંજન ख, घ, थ, ध, फ અને भ નો ह થાય છે

ख. मुह (मुख), लेह (लेख), सुह (सुख)

घ. ओह (ओघ), परिह (परिघ), लहु (लघुम्).

थ. रह (रथ), पुहइ (पृथ्वि), कह (कथ), नाह (नाथ)

ध. साहु (साधु), विहि (विधि), अभिहाण (अभिधान), जलहर (जलधर), अहर (अधर), महुर (मधुर).

फ. .

भ. विहव (विभव), अहिसेय (अभिषेक), सुह (शुभ), विहूसा (विभूषा)

प नो व पण थाय छे.

जणवय (जनपद), रूव (रूप), नरवइ (नरपति), कूव (कूप), उवहास (उपहास), अवर (अपर) उवाय (उपाय).

(ख) संयुक्त व्यंजन :

(i) प्रारंभिक : शब्दना प्रारंभमां संयुक्त व्यंजन वपराता नथी एटले तेमांथी एकनो लोप थई जाय छे.

जाला (ज्वाला), पलित्त (प्रलिप्त), थिर (स्थिर) [illegible] ([illegible]), सर (स्वर), सहाव (स्वभाव), पिय (प्रिय)

(ii) मध्यवर्ती समीकरण : प्राकृत भाषामां प्राय: जुदा जुदा वर्गना संयुक्त व्यंजनो वपराता नथी. बन्ने व्यंजनो एक ज वर्गना थई जाय छे. आ समीकरण बे रीते थाय छे.

पुरोगामी . समग्ग (समग्र), सत्तु (शत्रु), अन्नया (अन्यदा), निठ्ठुर (निष्ठुर), कल्लाण (कल्याण), [illegible] ([illegible]), लग्ग (लग्न), मुद्दा (मुद्रा)

पश्चगामी : लज्जिय (लज्जित), सव्व (सर्व), पक्खित्त (प्रक्षिप्त), जुग्ग (युग्म), मोग्गर (मुद्गर), भुत्त (भुक्त), धम्म (धर्म), खंद (स्कंद).

[एक व्यंजन जो महाप्राण होय तो बीजो अल्पप्राण थई जाय छे.]

समत्थ (समर्थ) सिग्घ (शीघ्र), तित्थ (तीर्थ), निव्वुत्ति (निवृत्ति)

(iii) य साथे संयुक्त रीते आवता दन्त्य व्यंजनो तालव्य थई जाय छे.

त्य = च्च भिच्च (भृत्य), निच्च (नित्य) नच्च (नृत्य), अमच्च (अमात्य)

थ्य = च्छ रच्छा (रथ्या)

द्य = ज्ज पज्जोय (प्रद्योत), वेज्ज (वैद्य), अज्ज (अद्य), उज्जाण (उद्यान),

ध्य = ज्झ मज्झ (मध्य), उवज्झाय (उपाध्याय), सज्झाय (स्वाध्याय)

(iv) स्वरागम : [illegible]

अ–रयण (रत्न), सुहुम (सूक्ष्म)

इ–किलिन्न (क्लिन्न), हरिस (हर्ष), वरिस (वर्ष), आयरिय (आचार्य)

उ–पउम (पद्म)

બ. પદ રચના

૩. નામ-વિભાગ

[પ્રાકૃતમાં ચતુર્થી વિભક્તિનો ષષ્ઠીમાં સમાવેશ થયો છે.]

(અ) अ કારાન્ત પુલ્લિંગ

(પ્રથમા અને દ્વિતીયા સિવાય નપુંસક લિંગના રૂપો પુલ્લિંગ જેવાં)

	एकवचन	बहुवचन
प्र.	**ओ**-नायगो, जणो, कुमारो, भिंभसारो, निवो, अभओ, सप्पो, उदयणो	**आ**-कुमरा, विणयपरा, सामंता
द्वि.	**०**-सेणिअ, आएस, रज्ज, पुरिस, अभयं	**ए**-कुमारे, करडए पुरिसे, विसए, कलसे मोयगे
तृ	**एण**-निवेण, कुमरेण, उवहासेण, सेणिएण, उदयणेण **एणं**-अभएण, पयत्तेण, जणएण, मएण, नियमेण	**हिं**-करेहिं, किरणेहिं, दिवसेहिं, पउरेहिं, सत्येहिं, नरेहिं, नेत्तेहिं, भुएहिं
प.	**आओ**-नयराओ, वयणाओ **आ**-कम्मवसा	**हिंतो**-
ष. च	**स्स**-अभयस्स, कामस्स, कुमारस्स, जणयस्स	**णं**-रायरायाण **ण**-कुमराण, मोयगाण, गुणाण, पुरिसाण
स.	**ए**-पएसे, आवणे, भुवणे, नयरे, दिवसे, नीरे, उज्जाणे, मुहे **म्मि**-दिवसम्मि, जामम्मि, समयम्मि, मणम्मि, कुहरम्मि, मग्गम्मि अयडम्मि	**सु**-ठाणेसु, चरणकमलेसु
स	**०**-देव, ताय, सुपुरिस, अज्जउत्त, पुत्तय, वच्छ	**ा**-नयरजणा, वच्छा

(બ) अ કારાન્ત નપુંસકલિંગ

	एकवचन	बहुवचन
प्र.	**०**-नयर, रायगिह	**आइं**- **आणि**-नायाणि, लक्खणाणि, रयणाणि
द्वि	**०**-सुमिण, अप्पाण, वयण, छगण	**आइं**-जोयणाइं, कट्ठाइं **आणि**-वयणाणि, निग्याणि, दाराणि

૫ પદ-રચના

(સ) આ અને ઈ કારાન્ત સ્ત્રીલિંગ

प्र. ० -सुनंदा, अम्मा, गणिया, भारिया, सिवा वासवदत्ता, काणा	ओ-गणियाओ, अच्छराओ, ... उवविट्ठाओ, कुविआओ
	उ-
-नगरी, मंदभाइणी, रज्जसिरी, देवी, धारिणी, हरिणी	-देवीओ
	० -सुत्तधरीउ, अहिंसुरीउ
द्वि. ० -धूरं, कन्नं, सुनंदं, मुद्दं, कन्नं, कच्चणमालं, दूइयं	ओ-सिरत्ताओ, गणियाउ
	उ-
-नगरिं, नवलच्छि, सामरिं, रमणिं, नगणि, देविं, उज्जेणिं	-मणोहरीओ
तृ. ए-सुनंदाए, पाणाए, वासवदत्ताए, सभाए, दूइयाए	हिं-
-नूरीए	-धारिणीहिं
पं. ए-	हिंतो-
ष. ए-सुनंदाए, सुमेणाए, भगवित्ताए, सिवाए	ण-
-नयरीए, भइणीए	ण-
स. ए-निसाए, सिवाए	सु-
-अंगुलीए, पुहईए, अंतेउरीए, उज्जेणीए, नयरीए, अडवीए	
सं. ए-रागिरमणि (णे), वच्छे, काने	ओ-...
-अम्ब	

४. કાળ-વિભાગ

(અ) વર્તમાન કાળ

एकवचन	बहुवचन
प्र. पु. मि-करेमि, पसामेमि, निहामि, जाणामि, देमि [इ-आओ]	मो-...
द्वि. पु. सि-कुणसि, कन्दसि, परिवालेसि, ...	ह-
तृ. पु. इ-भणइ, धावइ, गिरइ, ..., निंदइ [ए-पुरुषए, ..., ...]	न्ति-..., ..., ..., ..., ...

(૪) ભવિષ્ય કાળ

प्र. पु स्सामि-गमिस्सामि, वरिस्सामि	स्सामो-
द्वि. पु. स्ससि-	स्सह-
तृ. पु. स्सइ-	स्संति-वावाइस्संति

(૫) કૃદન્ત

(અ) ભૂતકૃદન્ત (વિશેષણ તરીકે વપરાય છે)

अ (य)-कय (कृत), पराभूअ (पराभूत), गय (गत), जाअ (जात) छलिअ (छलित)

अ = इअ (इय)-विहिय, गजिय, गहिय, पलोइय, आलिंगिअ, पभणिअ

(બ) વિધ્યર્થ કૃદન્ત (વિશેષણ તરીકે વપરાય છે.)

यव्व (इयव्व)-होयव्व, निरिक्खियव्व, रक्खेयव्व, पालेयव्व, आणेयव्व, नेयव्व

(ક) સંબંધક ભૂત કૃદન્ત (અવ્યય તરીકે વપરાય છે)

ऊण, ऊणं (इऊण)=(तूण)-चिंतिऊण, पविसिऊण, मिलिऊण, वाहरिऊण
-काऊण, नेऊण
-गतूण, पमोत्तूण दट्ठूण, गतूण

(ડ) હેત્વર્થ કૃદન્ત (અવ્યય તરીકે વપરાય છે.)

उं (इउं)-चिंतिउ, निव्वविउ, पलोइउ, ववहरिउ

ભાષા–પરિચય–૨

[અધ્યાપકો માટે ઉપયોગી]

વિશેષ ભાષા–પરિચય

પ્રાકૃત ભાષા એટલે મધ્યકાળમાં બોલાતી વિવિધ ભાષાઓનો [illegible] આમાં પાલિ, માગધી, અર્ધમાગધી, શૌરસેની, પૈશાચી, ચૂલિકા-પૈશાચી, મહારાષ્ટ્રી, અપભ્રંશ વગેરેનો સમાવેશ થાય છે. પ્રસ્તુત ગ્રંથમાં [illegible] મહારાષ્ટ્રી પ્રાકૃત ભાષા છે તેનું સામાન્ય નામ પ્રાકૃત પણ છે [illegible] ક્રમમાં [illegible] તેની વિશેષતાઓનો ખ્યાલ આપવામાં આવ્યો છે [illegible]

પ્રાકૃતભાષામાં સામાન્ય રીતે ત્રણ પ્રકારના શબ્દ [illegible] તત્સમ, તદ્ભવ અને દેશ્ય

તત્સમ એટલે સંસ્કૃત સમાન દા. ત., [illegible], ડમર, ચામર, અમર, દેવ, દિવસ, કુમારો, [illegible] વગેરે

તદ્ભવ એટલે સ્વર અને વ્યંજનમાં વિકાર પામેલા દા. ત., [illegible], દાહિણ (દક્ષિણ?), [illegible] (भार्या), [illegible] (ग्राम?), [illegible], देवीओ (देव्य?) વગેરે

દેશ્ય એટલે બન્ને રીતે સંસ્કૃત સાથે ન સરખાવી શકાય એવા દા. ત., [illegible]

અ. ધ્વનિ સંબંધી પરિવર્તન :

૧. સ્વર વિકાર

(૧) [illegible] સ્વરોમાં [illegible] અને [illegible] વિકાર [illegible] થાય છે

(1) [illegible]

[illegible]

[illegible]

ई = इ कामिणि (कामिनी), रमणि (रमणी), समणि (श्रमणी), कोसंबि (कौशाम्बी), रयणि (रजनी)

इ = ई पडीहार (प्रतिहार), पुच्छई (पुच्छइ), दिट्ठीविस (दृष्टिविष) भिउडी (भ्रकुटि), ऊ = उ वाउल (वातूल)

(11) गुणात्मक

अ = इ किरिण (किरण)

अ = उ पणुवीस (पणवीस = पञ्चविंशति)

आ = ए मेत्त (मात्र)

ई = उ जुन्न (जीर्ण) उ = अ मुसढि (मुसुढि)

उ = ओ मोग्गर (मुद्गर)

ए = इ विन्नायइ (वेन्नातट), सिय (श्वेत), सिट्ठि (श्रेष्ठिन्) मिंठ (मेंठ)

ओ = उ महूसव (महोसव = महोत्सव), मुयण (मोचन)

ओ = उ = अ हरिसवसप्फुल्ललोयणो (हर्षवशोत्फुल्ललोचनः)

(બ) બીજા ફેરફારો કોઈક વાર નીચે પ્રમાણે મળે છે

अव = ओ-समोसरिअ (समवसृत)

अय = ए-मुद्देइ (मुद्रयति), कारावेइ (कारापयति), पयासेह (प्रकाशयथ), कारेइ (कारयति)

इ = य-इय (इइ = इति), य = इ-कइ (कय = कृत)

(ક) કોઈક વાર શબ્દના પ્રારંભમાં આવેલા સ્વરનો લોપ થાય છે

ह (अहम्)

(ડ) સંયુક્તરૂપે આવેલા બે વ્યંજનોમાંથી એકનો લોપ થાય ત્યારે પૂર્વનો હ્રસ્વ સ્વર દીર્ઘ થાય છે

दाहिण (दक्षिण)

(ઇ) સંયુક્ત વ્યંજન પહેલાં આવતો દીર્ઘ સ્વર હો તો હ્રસ્વ થાય છે. અથવા બન્નેમાંથી એક વ્યંજનનો લોપ થાય છે.

- परिक्खण (परीक्षण), परक्कम (पराक्रम), रत्त (रात्र), पब्भार (प्राग्भार), वेन्न (वैन्य), तिव्व (तीव्र)
- पास (पार्श्व), पुन्नेसर (पूर्णेश्वर), महूसव (महस्सव = महोत्सव) भग्गाकम (भग्नाक्रम), सीस (शीर्ष)

૨. વ્યંજન-વિકાર

અસંયુક્ત વ્યંજન

(અ) મધ્યવર્તી

(i) द्वित्वकरण કોઈક વાર [illegible] જોવાય છે

[illegible] (यौवन), एक्क (एक), [illegible] ([illegible]) [illegible] ([illegible])

(ii) सघोषीकरण કોઈક વાર નીચે જેવા વ્યંજન [illegible]

क = ग–[illegible] ([illegible]), [illegible] (नामक), [illegible] ([illegible]) [illegible] ([illegible]), [illegible] ([illegible])

ट = ड–[illegible] ([illegible]), [illegible] ([illegible]), [illegible] ([illegible]) [illegible] ([illegible]),

[illegible] ([illegible]), [illegible] ([illegible]), [illegible] ([illegible])

ठ = ढ–[illegible] ([illegible]), [illegible] ([illegible])

(iii) मूर्धन्यीकरण

[illegible] ([illegible]), [illegible] ([illegible]), [illegible] ([illegible])

(iv) मूर्धन्यीकरण अने सघोषीकरण

[illegible]

पडिबिम्ब (प्रतिबिम्ब), [illegible] ([illegible]), [illegible] ([illegible]),

[illegible] ([illegible])

(v) अन्य परिवर्तन

[illegible] = [illegible] [illegible] ([illegible])

[illegible] = [illegible] [illegible] ([illegible]), [illegible] ([illegible])

[illegible] = [illegible] [illegible] ([illegible]), [illegible] ([illegible])

[illegible] = [illegible] [illegible] ([illegible])

સંયુક્ત વ્યંજન

(અ) પ્રારંભિક

કોઈકવાર પ્રારંભના સંયુક્ત વ્યંજનમાંથી એકનો લોપ કર્યો વ સ્વરનો ઉમેરો થાય છે.

सिरि (श्री), सिणिद्ध (स्निग्ध), दुवालस (द्वादश)

(બ) મધ્યવર્તી

(i) ઉષ્મ વ્યંજન સાથે આવેલો અલ્પ પ્રાણ વ્યંજન મહાપ્રાણ થઈ જાય છે અને બીજો વ્યંજન એ જ વર્ગનો અલ્પ પ્રાણ થઈ જાય છે.

पच्छिम (पश्चिम), जेट्ठ (ज्येष्ठ), उवइट्ठ (उपविष्ट), हत्थ (हस्त), पुक्खर (पुष्कर), अत्थि (अस्ति), अट्ठ (अष्ट), पसत्थ (प्रशस्त), विसिट्ठ (विशिष्ट), सत्थ (शस्त्र)

(ii) સંયુક્ત વ્યંજનમાં એક વ્યંજન મહાપ્રાણ હોય તો બીજો એ જ વર્ગનો અલ્પ પ્રાણ થઈ જાય છે

विक्खाय (विख्यात), आरद्ध (आरब्ध), सब्भाव (सद्भाव), गब्भ (गर्भ),

(iii) કોઈક વાર સંયુક્ત વ્યંજનમાંથી એકનું અનુસ્વારમાં પરિવર્તન થાય છે दंसण (दर्शन), अंसु (अश्रु), जंप (जल्प)

(iv) અન્ય ફેરફારો

क्ष = क्ख पेक्ख (प्रेक्ष), लक्खण (लक्षण), दक्ख (दक्ष), लक्खिअ (लक्षित)

क्ष = च्छ पेच्छ (प्रेक्ष), लच्छी (लक्ष्मी), अच्छि (अक्षि)

ज्ञ = न्न सव्वन्नु (सर्वज्ञ), विन्नत्त (विज्ञप्त)

ण्य = न्न पुन्न (पुण्य), लायन्न (लावण्य)

ण्ण = न्न निव्विन्न (निर्विण्ण)

त्म = प्प अप्पाण (आत्मानम्)

त्व = च्च चच्चर (चत्वर)

त्स = च्छ वच्छ (वत्स), उच्छग (उत्सग)

र्ण = न्न आयन्नण (आकर्णन) आइन्न (आकीर्ण)

र्य = ज्ज भज्जा (भार्या)

स्न = ण्ह ण्हाण (स्नान)

स्म = म्ह विम्हिय (विस्मित)

ब. व.—

तद् –	ते	... ते	... तेहिं	... तेसि, ताण	. ×
	ताओ	... ताओ	... ताहिं	..तासि, तासिं, ताण ..	×
युष्मद् –	तुब्भे	... तुब्भे	... ×	... तुम्ह, तुम्हाण .	×
अस्मद् –	अम्हे, वय...	×	... ×	... अम्ह	×
एतद् –	×	... ×	.. ×	.. एएसि	. ×
सर्वम् –	सव्वे	... ×	... ×	... ×	×
	सव्वाओ	... ×	... ×	... ×	×

४. કાળ-વિભાગ

(અ) આજ્ઞાર્થ

द्वि. पु. ० –कुण ह–कहेह, पयासेह, सुयह

सु–करेसु, विवाहेसु, मुणसु, उवभुंजसु, परियाणसु

तृ. पु. उ–एउ, चिट्ठउ, दिज्जउ न्तु–कुणंतु, ठंतु, दिज्जन्तु

(બ) વિધ્યર્થ (ज्ज) तृ पु. होज्ज

(સ) ભવિષ્ય કાળનાં અન્ય રૂપ

प्र. पु. हामि–काहामि स्सं–जाणिस्सं हामो–काहामो

तृ. पु हिइ–होही (होहिइ), समविही (समविहिइ), लज्जिही (लज्जिहिइ)

५. કૃદન્ત

(અ) વર્તમાન (વિશેષણ તરીકે વપરાય છે).

न्त–पयपंत, फुट्टंत, आगच्छंत, पलोयंत, भुंजंत

माण–रुयमाण, जल्माण, तरमाण, चरमाण, वाहरमाण

(બ) પ્રેરક. आव–काराविय, पज्जालावइ, रुणावए, बोल्लाविअ

(સ) કર્મણિ. ज्ज (इज्ज)–दिज्जउ, नज्जइ, आणिज्जउ, दिज्जंतु

(દ) ભાવવાચક : त्त–(त्व)–दीणत्त, विहवत्त

(ઇ) સ્વાર્થે : अ, य, (क) = ग–करंडअ (करण्डक), सुविणअ (स्वप्नक),
विसेसय (विशेषक), नियय (निजक), सुविणय (स्वप्नक) नामग(नामक),

(ફ) સંબંધક ભૂત કૃદન્તના અન્ય પ્રત્યયો

उं, इउं, तुं–काउं, वंदेउं, अवलोइउं, थुणिउं, चइउं, घेत्तुं, गंतुं, दट्ठुं

उ, तु–निसुणिउ, पासित्तु, निसुणित्तु

इय–चिंतिय, परिवेसिय, पेच्छिय, पच्चिय

અપભ્રંશ वि અને पवि નો પ્રયોગ : निसुणिवि, निएवि, पउणीकरेवि

ટિપ્પણ

અગ્ગમહિસી (અગ્રમહિષી) રાજાની અનેક રાણીઓમાં જેમને મુખ્ય રાણીનું પદ પ્રાપ્ત હોય તે. એ રાજાની પ્રમુખ ભાર્યા હતી જેમને રાજ્યના વિશેષ અધિકારો પ્રાપ્ત હતા એમનો પુત્ર જ રાજ્યનો રાજા બનતો. અગ્રમહિષીનો રાજા સાથે સિંહાસન ઉપર અભિષેક કરવામાં આવતો. બીજી રાણીઓ પ્રજાવતી કહેવાતી જ્યારે પ્રમુખ રાણી પટરાણી, મહારાણી, પટ્ટમહાદેવી તરીકે ઓળખાતી

અટ્ટાલ (ક) અટારી, મહેલનો ઉપરી ભાગ, ઝરૂખો, છજું, બારી [illegible] કિલ્લાની સુરક્ષા માટે કિલ્લાની રચના કરવામાં આવતી હતી જેથી પહેરેદાર [illegible]

અત્થાણ (આસ્થાન) [illegible]

[illegible]

પરંતુ ભયભીતને અભયનું જે દાન કરેલું હોય છે તેનો ક્ષય થતો નથી. તપ, તીર્થસેવા, ધનનું દાન, જ્ઞાન-દાન એ બધાં કરતાં અભય-દાન ચઢિયાતું દાન ગણવામાં આવ્યું છે.

अवंतिपुरी (अवन्तिपुरी) અવંતી દેશની રાજધાનીનું પ્રાચીન નામ. દક્ષિણાપથનું એ મહત્ત્વપૂર્ણ નગર હતું. ચંડપ્રદ્યોત અહીંનો રાજા હતો જુઓ **उज्जेणी.**

अवंती (अवन्ती) . માલવ દેશનું પ્રાચીન નામ. વિક્રમાદિત્ય અહીંનો રાજા હતો અવંતિપુરી એ દેશની રાજધાની હતી

इड्ढि (ऋद्धि) : ઋદ્ધિ ત્રણ પ્રકારની છે : દેવતાની, રાજાની અને આચાર્યની.

१. દેવતાની ઋદ્ધિના ત્રણ ભેદ છે (i) વિમાનોની (રહેઠાણના વાહન) ઋદ્ધિ, (ii) વિક્રિયા (રૂપ બદલવા) ની ઋદ્ધિ, અને (iii) પરિચારણ (કામસેવન કરવાની) ઋદ્ધિ અથવા બીજા ત્રણ ભેદ એ રીતે છે :
(i) સચિત્ત ઋદ્ધિ–અગ્રમહિષી વગેરે
(ii) અચિત્ત ઋદ્ધિ–વસ્ત્રાભૂષણ વગેરે
(iii) મિશ્ર ઋદ્ધિ–વસ્ત્રાભૂષણોથી સજેલી રાણીઓ વગેરેની ઋદ્ધિ.

२ રાજાની ઋદ્ધિના ત્રણ ભેદ . (i) અતિયાન ઋદ્ધિ એટલે નગર પ્રવેશના તોરણ, બજાર આદિની શોભા, લોકોની ભીડ વગેરે એટલે નગર-પ્રવેશ મહોત્સવની શોભા.
(ii) નિર્માણ ઋદ્ધિ . નગરથી બહાર જતા હાથીઓની સજાવટ, સામંત વગેરે

(iii) રાજાનાં સૈન્ય, વાહન, કોષ, કોઠાર આદિની ઋદ્ધિ અથવા સચિત્ત ઋદ્ધિમાં પટરાણી, અન્તઃપુર વગેરે, અચિત્ત ઋદ્ધિમાં વસ્ત્ર, આભૂષણ વગેરે અને મિશ્ર ઋદ્ધિમા વસ્ત્રાભૂષણોથી સજાયેલી રાણીઓ વગેરે.

३. આચાર્યની ઋદ્ધિના ત્રણ ભેદ .

(i) જ્ઞાન ઋદ્ધિ, (ii) દર્શન ઋદ્ધિ અને (iii) ચારિત્ર ઋદ્ધિ અથવા સચિત્તમાં શિષ્ય વગેરે, અચિત્તમાં વસ્ત્ર વગેરે અને મિશ્રમા વસ્ત્ર પહેરેલા શિષ્યો વગેરે.

उज्जेणी (उज्जयिनी) · પ્રાચીન અવંતી અથવા માલવ દેશની રાજધાની રાજકુમાર અશોક અને ત્યાર પછી કુણાલ અહિંયા સૂબેદાર

[illegible] ગર્દભિલ્લ રાજાની ઉદ્દંડતાના કારણે કાલિકાચાર્યે એને [illegible] ઉપરથી હટાવી દીધો હતો રાજા વિક્રમાદિત્યે શકોને હરાવીને પોતાનું [illegible] કાલિદાસ, અમરસિંહ, વરાહમિહિર, વરરુચિ, ધન્વંતરિ [illegible], વેતાલભટ્ટ, ઘટકર્પર વગેરે વિક્રમાદિત્યના સમયમાં થયેલા. [illegible] પ્રસિદ્ધ મંદિર ઉજ્જૈનમાં આવેલું છે.

ઉદયણ (उद्रयन)—વત્સ દેશના રાજા સહસ્રાનીક અને મહારાણી [illegible]નો પુત્ર. વૃદ્ધાવસ્થામાં રાજા સહસ્રાનીકે કુંવર ઉદયનની યોગ્યતા [illegible] એમને યુવરાજ બનાવી દીધો સલાહ માટે પોતાના મંત્રીઓના [illegible] સુપરત કીધા. રાજા [illegible] અને યોગ [illegible] તેને [illegible] ગયા અને બધો રાજ્ય કારભાર [illegible] હિમગિરિ ભણી ચાલ્યા ગયા અને બધો રાજ્ય કારભાર [illegible] સોંપી દીધો. ઉદયન કૌશાંબી નગરીમાં સારી રીતે પ્રજાનું લાલન-[illegible] કરતો હતો. પણ પછી સંગીત, શરાબ અને સ્ત્રીઓનો બહુ [illegible] ગયો હતો. ઉદયન [illegible] વાસવદત્તાના પ્રેમની કથા બહુ [illegible] છે [illegible] સાહિત્યમાં એને સારું એવું સ્થાન પ્રાપ્ત થયું છે.

अंगलक्खण (अङ्गलक्षण)—શરીરના લક્ષણો તે જોઈને ભાગ્ય [illegible] એ પણ એક વિદ્યા હતી. અને એ અંગવિદ્યાના નામે [illegible] એક [illegible] શાસ્ત્ર હતું. પ્રાકૃત સાહિત્યમાં [illegible] અંગવિદ્યા એક [illegible] નામનો એક ગ્રંથ પણ મળે છે. જેમાં અંગોના લક્ષણ [illegible] કરવામાં આવે છે [illegible] નિમિત્ત શાસ્ત્રનું એક અંગ મનાયું છે.

નિમિત્ત શાસ્ત્રમાં લોકોનો [illegible] વિશ્વાસ હતો. આ શાસ્ત્રનો [illegible]

[illegible]

પરંતુ ભયભીતને અભયનું જે દાન કરેલું હોય છે તેનો ક્ષય થતો નથી તપ, તીર્થસેવા, ધનનું દાન, જ્ઞાન-દાન એ બધાં કરતાં અભય-દાન ચઢિયાતું દાન ગણવામાં આવ્યું છે.

अवंतिपुरी (अवन्तिपुरी) . અવંતી દેશની રાજધાનીનું પ્રાચીન નામ. દક્ષિણાપથનું એ મહત્ત્વપૂર્ણ નગર હતું. ચંડપ્રદ્યોત અહીંનો રાજા હતો જુઓ **उज्जेणी.**

अवंती (अवन्ती) . માલવ દેશનું પ્રાચીન નામ. વિક્રમાદિત્ય અહીંનો રાજા હતો અવંતિપુરી એ દેશની રાજધાની હતી

इड्ढि (ऋद्धि) : ઋદ્ધિ ત્રણ પ્રકારની છે. દેવતાની, રાજાની અને આચાર્યની

૧ દેવતાની ઋદ્ધિના ત્રણ ભેદ છે (i) વિમાનોની (રહેઠાણના વાહન) ઋદ્ધિ, (ii) વિક્રિયા (રૂપ બદલવા) ની ઋદ્ધિ, અને (iii) પરિચારણ (કામસેવન કરવાની) ઋદ્ધિ અથવા બીજા ત્રણ ભેદ એ રીતે છે
(i) સચિત્ત ઋદ્ધિ—અગ્રમહિષી વગેરે
(ii) અચિત્ત ઋદ્ધિ—વસ્ત્રાભૂષણ વગેરે
(iii) મિશ્ર ઋદ્ધિ—વસ્ત્રાભૂષણોથી સજેલી રાણીઓ વગેરેની ઋદ્ધિ.

૨ રાજાની ઋદ્ધિના ત્રણ ભેદ : (i) અતિયાન ઋદ્ધિ એટલે નગર પ્રવેશના તોરણ, બજાર આદિની શોભા, લોકોની ભીડ વગેરે એટલે નગર-પ્રવેશ મહોત્સવની શોભા.
(ii) નિર્યાણ ઋદ્ધિ . નગરથી બહાર જતા હાથીઓની સજાવટ, સામંત વગેરે.
(iii) રાજાનાં સૈન્ય, વાહન, કોષ, કોઠાર આદિની ઋદ્ધિ અથવા સચિત્ત ઋદ્ધિમાં પટરાણી, અન્તઃપુર વગેરે, અચિત્ત ઋદ્ધિમાં વસ્ત્ર, આભૂષણ વગેરે અને મિશ્ર ઋદ્ધિમાં વસ્ત્રાભૂષણોથી સજાવેલી રાણીઓ વગેરે.

૩- આચાર્યની ઋદ્ધિના ત્રણ ભેદ

(i) જ્ઞાન ઋદ્ધિ, (ii) દર્શન ઋદ્ધિ અને (iii) ચારિત્ર ઋદ્ધિ અથવા સચિત્તમાં શિષ્ય વગેરે, અચિત્તમાં વસ્ત્ર વગેરે અને મિશ્રમાં વસ્ત્ર પહેરેલા શિષ્યો વગેરે

उज्जेणी (उज्जयिनी) પ્રાચીન અવંતી અથવા માલવ દેશની રાજધાની રાજકુમાર અશોક અને ત્યાર પછી કુણાલ આદિના મ-

નહિ કરેલા. ગર્દભિલ્લ રાજાની ઉદ્ધતતાને કારણે કાલિકાચાર્યે એને રાજ્ય ઉપરથી ઉઠાડી દીધો હતો. રાજા વિક્રમાદિત્યે શકોને હરાવીને પોતાનો સંવત્ સ્થાપ્યો હતો. કાલિદાસ, અમરસિંહ, વરાહમિહિર, વરરુચિ, ધન્વન્તરિ [illegible], વેતાલકથા, પંચદંડ વગેરે વિક્રમાદિત્યના સમયના ગ્રંથો. મહાકાલનું પ્રસિદ્ધ મંદિર ઉજ્જૈનમાં આવેલું છે.

उदयण (उदयन)—વત્સ દેશના રાજા શતાનીક અને [illegible] રાણીનો પુત્ર. [illegible] રાજા સહસ્રાનીકે [illegible] એમને યુવરાજ બનાવી દીધો. [illegible] માટે પોતાના [illegible] યૌગન્ધરાયણ, રુમણ્વાન્ અને [illegible] મંત્રી [illegible]. રાજા [illegible] ઉદયનને સોંપી દીધો. [illegible] હતો. પણ પછી [illegible] અને [illegible] [illegible] [illegible]

संगत्थरण (सङ्गस्तरण)—[illegible]

[illegible]

[illegible]

[illegible]

વ્યંજન—શરીર ઉપર તલ, મસા, લહસન વગેરેના ચિહ્નો જોઈ શુભાશુભનો વિચાર કરવો.

અંગ—હાથ, પગ, લલાટ, નાક, આંખ, દાંત, નખ, કેશ, મસ્તક, વક્ષઃસ્થલ, છાતી, કમર વગેરે શરીરનાં વિવિધ અંગોની બનાવટ અને આકાર ઉપરથી ભવિષ્યવાણી કરવી. એમાં અંગોનુ ફરકવું પણ આવી જાય છે.

સ્વર—ચેતન પ્રાણીઓ અને અચેતન વસ્તુઓની અવાજ ઉપરથી ભવિષ્ય ભાખવુ. વ્યંજન, અંગ સ્વર, અને લક્ષણોનો સમાવેશ કરતુ સામુદ્રિક શાસ્ત્રનાં નામે ઓળખાય છે

ભૌમ—ભૂમિ સબંધી નિમિત્ત ભૂમિનાં રંગ, ગુણ, ગંધ, બનાવટ વગેરેના આધાર ઉપર ત્યાં ગૃહનિર્માણ, દેવાલય નિર્માણ વિષેની યોગ્યતા અને ભૂમિમા રહેલાં ધન, ધાન્ય, અસ્થિ, પાણી વિષે ભવિષ્યવાણી કરવી ભૂકંપ વગેરેનો પણ એમાં સમાવેશ થાય છે.

ઉત્પાત—અસંભવિત બનાવો, લોહી, ચરબી, માંસ, હાડકાની વૃષ્ટિ દેવમૂર્તિનુ હસવુ, રડવુ, અગ્નિ વગર ધુમાડો થવો વગેરે. એની જગ્યાએ છિન્નનો પણ ઉલ્લેખ છે. વસ્ત્ર, શસ્ત્ર, આસન, છત્ર વગેરેને કાટેલા જોઈને શુભાશુભ ફળ કહેવું તે છિન્ન નિમિત્ત છે.

અંતરિક્ષ—ગ્રહ અને નક્ષત્રોનો ઉદય અને અસ્ત, આકાશ અને દિશાઓના વિવિધ રંગ, સૂર્ય અને ચંદ્રની ચારે બાજુ જુદા જુદા રંગનો પરિવેષ વગેરેને આધારે ભવિષ્યવાણી કરવી

લક્ષણ—શરીર અને અંગો ઉપર આવેલા વિવિધ લક્ષણો ઉપરથી શુભાશુભ ફળનો આદેશ કરવો સ્વસ્તિક, કલશ, શંખ, ચક્ર અને હસ્ત-તલ, પદ-તલ અને કપાળ ઉપરની રેખાઓ ઉપરથી શુભાશુભ ફળાદેશ કરવો હસ્તરેખાશાસ્ત્રનો સમાવેશ પણ એમાં થાય છે

સ્વપ્ન—સ્વપ્નશાસ્ત્ર એક વ્યવસ્થિત શાસ્ત્ર હતુ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ પ્રમાણે સ્વપ્ન પાંચ પ્રકારના કહ્યા છે તીર્થંકરની માતા ચૌદ સ્વપ્નો, વાસુદેવની માતા સાત, બળદેવની માતા ચાર અને માંડલિક રાજાની માતા એક સ્વપ્ન જુએ છે. સ્વપ્નમાં જુદી જુદી વસ્તુઓ જોવાથી જુદાં જુદા ફળ મળે છે અન્ય મહાન પુરુષોના જન્મ સમયે પણ તેમની માતાઓ સ્વપ્ન જુએ છે સ્વપ્ન શુભ અથવા અશુભ પણ હોઈ શકે તેના ઉપરથી

ભવિષ્યવાણી કરવામાં આવે છે. સામાન્ય લોકો પણ સ્વપ્ન જુએ છે અને તેનાં ફળો સ્વપ્નશાસ્ત્રી કહી બતાવે છે.

સ્વપ્નદર્શનના પણ પાંચ ભેદ કર્યા છે : યાથાતથ્ય એટલે સ્વપ્નમાં જે જોયું હોય તેવું ફળરૂપે પ્રાપ્ત કરવું, પ્રતાન એટલે વિસ્તાર [illegible] સ્વપ્ન જે યથાર્થ અને અયથાર્થ [illegible], ચિંતા એટલે જાગૃત અવસ્થામાં જેના વિષે ચિંતા કરી હોય તે સ્વપ્નમાં જોવું, વિપરીત એટલે સ્વપ્નમાં જે વસ્તુ જોઈ હોય તેના કરતા વિપરીત વસ્તુ [illegible] અને અવ્યક્ત એટલે સ્વપ્નની વસ્તુ વિષે અસ્પષ્ટતા રહેવી.

कट्ठसेट्ठि (काष्ठ शेठ)—કાષ્ઠ નામે એક શેઠ હતો. તેની પત્ની [illegible]

[illegible]

भव—કર્મવશ જેમાં પ્રાણીઓ થાય તે ભવ. ભવ ચાર છે : નરક મનુષ્ય, તિર્યંક (પશુ, પક્ષી, કીટ વગેરે) અને દેવ ભવ. નરકમા દુખ મળે છે. સ્વર્ગમાં સુખની પ્રાપ્તિ થાય છે, મનુષ્ય ભવમાં જ મુક્તિ પ્રાપ્ત કરી શકાય છે એમ જૈન પરંપરાની માન્યતા છે એટલે બધા ભવોમાં મનુષ્ય ભવ ઉત્તમ ગણવામાં આવ્યો છે. પાપી નરકમા જન્મે છે. પુણ્યશાળી સ્વર્ગમાં જન્મે છે અને માયાવી તિર્યંક યોનિમા જન્મે છે. પુરૂપાર્થ મનુષ્ય ભવમાં જ સંભવ છે એટલે મનુષ્ય ભવ ઉત્તમ છે

भिंभसार (भिम्भसार)—ભિંભા એટલે ભેરી એ જ જેનો સાર છે તે ભિંભાસાર. શ્રેણિકકુમારે જયઢક્કા ભેરીને આગમાંથી બચાવી લીધી હતી એટલે તે ભિંભસારનાં નામે પ્રસિદ્ધ થયો હતો. ભિંભાસાર અને ભિંભીસાર નામો પણ મળે છે પાલિ સાહિત્યમાં બિંબિસાર નામ છે. જુઓ **सेणिय.**

मार જુઓ **कामदेव**

रतिरमण જુઓ **कामदेव**

रायगिह (राजगृह)—રાજા પ્રસેનજિતનાં કાળમાં કુશાગ્રપુર નામની તેની રાજધાનીમાં અકસર આગ લાગી જતી હતી. રાજાએ સખત હુકમ કર્યો કે, જેના ઘરમા આગ લાગશે તેને દેશવટો અપાશે. એક વાર રસોઇયાની બેદરકારીથી રાજાના રસોઈગૃહમાં જ આગ લાગી ગઈ. પોતાની આજ્ઞાનુ ઉલ્લંઘન ન થાય એટલે રાજા પોતે નગરી છોડીને બહાર રહેવા લાગ્યો રાજ-કાર્ય માટે અફસરો ત્યાં જતા આવતા લોકો પૂછતા કે તમે કયા જાઓ છો ત્યારે કહેતા કે રાજગૃહ એટલે રાજાને ઘેર ત્યારથી તે જગ્યાનુ નામ રાજગૃહ પડી ગયુ અને ત્યાં વસાવેલું નગર રાજગૃહ નામે પ્રસિદ્ધ થયું.

એ પ્રાચીન મગધ દેશની રાજધાની હતી. ચારે બાજુ પાંચ ગિરિઓના ઘેરાવાને લીધે એનુ નામ ગિરિવ્રજપુર પણ હતુ. જરાસિંધુ અહીં નો રાજા હતો અત્યારે એનુ નામ રાજગિર છે જે દક્ષિણ બિહારમાં આવેલુ છે

ત્યાં ઉષ્ણ પાણીનાં સાત કુંડ છે અને પાચ ઝરણાં છે. બુદ્ધભગવાન અને મહાવીર અહિંયા ઘણી વાર આવેલા અને ધર્મોપદેશ આપેલા રાજા શ્રેણિક બિંબિસારે પણ તેમના ઉપદેશોનુ શ્રવણ કર્યું હતુ પ્રસિદ્ધ ગણિકા આમ્રપાલીનો અહિંયા આમ્રવન હતો. જૈનોનું પણ એ એક તીર્થધામ છે મહાવીરે અહીં અનેક વર્ષાવાસ કર્યાં હતા.

રિદ્ધિ (ऋद्धि) : જુઓ ઇદ્ધિ

રોહણગિરિ : જંબુદ્વીપની મધ્યમાં મેરુ-મંદર પર્વત આવેલો છે. તેના ઉપર ચાર ઉપવન છે : ભદ્રશાલવન, નંદનવન, સૌમનસવન અને પંડકવન. ભદ્રશાલવન તળેટીમાં છે ત્યારે બીજાં એક પછી એક ઉપરના ભાગમાં આવેલાં છે. રોહણગિરિ ભદ્રશાલવનમાં આવેલો છે એને [illegible] (આદમ્સ પીક) સાથે પણ સરખાવવામાં આવે છે.

વચ્છ (वत्स) અયાગની [illegible] ગંગાનદીની [illegible] આવેલું એક પ્રાચીન જનપદ. એની રાજધાની કૌશાંબી [illegible] ઉદયન [illegible] હતો. ઉદયનની કથા [illegible] અને [illegible] મળે છે.

વદ્ધમાણ (वर्धमान)—ભગવાન મહાવીર, [illegible] નામ હતું. [illegible] પરિવારમાં સમૃદ્ધિ [illegible] તેમનું નામ વર્ધમાન રાખવામાં આવ્યું. [illegible] [illegible]

[illegible]

આપ્યા હતા. તેમના ઉપદેશ જૈન આગમમાં સંગ્રહીત છે. ત્રીસ વર્ષ સુધી ધર્મ પ્રચારનું કાર્ય કર્યું અને ૭૨ વર્ષની ઉમરમાં પાવાપુરીમાં તેઓએ મુક્તિ પ્રાપ્ત કરી. વર્ધમાનના અનુયાયીઓ પહેલાં નિર્ગ્રન્થ અને શ્રમણ તરીકે ઓળખાતા હતા પણ હવે જૈનોના નામે ઓળખાય છે.

ગયા વર્ષે ભગવાન મહાવીરનાં નિર્વાણનાં ૨૫૦૦ વર્ષ પૂર્ણ થયા છે અને સંપૂર્ણ જગત એમના અહિંસાના સિદ્ધાંતની કદર કરી એમનો નિર્વાણ મહોત્સવ મનાવી રહ્યું છે.

वसन्तक—રાજા ઉદયનનો એક નર્મ-સચિવ એ કથા કહેવામાં પટુ હતો. એ અનેક કથાઓ કહીને વાસવદત્તા અને રાજકુળનું મનોરંજન કરતો રહેતો. કથાસરિત્સાગરની કથા પ્રમાણે વસંતક પણ ઉજ્જૈનીમાં આવેલો અને ઉદયનની મુક્તિ માટે તેણે પણ છૂપી રીતે કાર્ય કર્યું.

वासवदत्ता—ઉજ્જયિનીના રાજા ચંડમહાસેનની પુત્રી. જૈન સાહિત્યમાં રાજાનું નામ ચંડપ્રદ્યોત પણ છે. ચંડમહાસેને ચંડી દેવીએ આપેલાં વરદાન પ્રમાણે અંગારક નામના અસુરની અત્યંત સુંદર કન્યા અંગારવતી સાથે લગ્ન કર્યું હતું તેથી તેને બે પુત્રો—ગોપાલક અને પાલક થયા. રાજાએ ઇન્દ્રોત્સવ કર્યો, તેથી પ્રસન્ન થઈને ઇન્દ્રે વરદાન આપ્યું અને એને એક અત્યંત સુંદર પુત્રી જન્મી વાસવે (ઇન્દ્રે) આપેલી એટલે એનું નામ વાસવદત્તા રાખવામાં આવ્યું.[1]

सज्झाय (स्वाध्याय)—સ્વાધ્યાય આભ્યંતર તપનો એક ભેદ છે મર્યાદાપૂર્વક શુદ્ધ રીતિથી અયોગ્ય સમયનો પરિહાર કરી ઉચિત સમયમાં શાસ્ત્રનું અધ્યયન કરવું એ સ્વાધ્યાય. સ્વાધ્યાયના પાંચ વિભાગ કરવામાં આવ્યા છે: વાચના—શિષ્યને સૂત્ર અને અર્થ ભણાવવું, પૃચ્છના—શંકા થાય ત્યારે પુનઃ તે વિષે પૂછવું, પરિવર્તના—ભણેલાંનો ફરી પાઠ કરવો જેથી ભૂલી ન જવાય, અનુપ્રેક્ષા—અર્થનું વિસ્મરણ ન થાય એટલે મનન કરવું અને ધર્મકથા—ભવ્ય જીવોને શાસ્ત્રનું વ્યાખ્યાન આપવું. સ્વાધ્યાયથી શાસ્ત્રજ્ઞાન સ્પષ્ટ થાય, શ્રુતનો સંગ્રહ થાય, સંયમમાં સહાય મળે કર્મની નિર્જરા થાય અને શાસ્ત્ર નષ્ટ ન થાય તથા તેની પરંપરા ચાલ્યા કરે.

[1] दत्ता मे वासवेनैषा तुष्टेनेति स भूपति ।
नाम्ना वासवदत्ता ता तनयामकरोत्तदा ॥ २.३.७८

સમણ (શ્રમણ)—ભારતીય સાધુઓના બે પ્રકાર છે : બ્રાહ્મણ અને શ્રમણ. બ્રાહ્મણો ગૃહસ્થાશ્રમમાં રહેતા. [illegible] ઘરબાર છોડી [illegible] જીવનમાં વિહાર કરતા અને ધર્મોપદેશ આપતા શ્રમણોના પાંચ પ્રકાર બતાવ્યા છે : નિર્ગ્રંથ (જૈન), શાક્ય (બૌદ્ધ), તાપસ, ગૈરુક અને આજીવિક (ગોશાલક-પંથી). [illegible] પ્રાણીઓ [illegible] શ્રમણ [illegible] માન અપમાનમાં, શત્રુ અને મિત્ર પ્રત્યે સમાન ભાવ રાખે તે શ્રમણ. સર્વ જીવો પ્રત્યે એક સરખો ભાવ રાખે, કોઈને ન હણે અને ન હણાવે તે શ્રમણ. [illegible] પાપ [illegible] તે શ્રમણ.

શ્રમણનો બીજો અર્થ છે જૈન સાધુ. જૈન સાધુ પાંચ ઇંદ્રિયોના વિષયોને રોકે છે, નવ પ્રકારથી બ્રહ્મચર્યનું પાલન કરે છે, ચાર કષાય—ક્રોધ, માન, માયા અને લોભથી મુક્ત હોય છે, પાંચ મહાવ્રતોનું પાલન કરે છે, પાંચ પ્રકારના આચારનું પાલન કરે છે, પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓનું પાલન કરે છે. તેઓ ચાતુર્માસ સિવાય એક સ્થાને (વધારે સમય) રોકાતા નથી. તે દરરોજ છ આવશ્યક ક્રિયાઓ—સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદના, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન કરે છે.

સમણી (શ્રમણી)—શ્રમણી એટલે જૈન સાધ્વી (આર્યા). જુઓ સમણ.

સવ્વણ્ણુ (સર્વજ્ઞ) : જિન અને [illegible] સર્વજ્ઞ કેવળી. [illegible] રાગ અને દ્વેષ [illegible] જિન [illegible] તીર્થંકર [illegible] અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત તપ, અનંત વીર્ય [illegible] (અરિહંત)

સવ્વદરિસિ (સર્વદર્શી) : જુઓ સવ્વણ્ણુ

સામાઇય (સામાયિક) : [illegible]

શાસન હેઠળની ભૂમિમાંથી લાગો વસૂલ કરતા અને રાજાને દર વર્ષે કર ભરતા. તેઓ દર વર્ષે પોતાના અધિકાર પત્રો નવા કરાવતા. તેઓ રાજાને પોતાની સેવાઓ અર્પિત કરતા, રાજસભામાં અનેક ક્રીડાઓ અને વિનોદમાં ભાગ લઈ રાજાનો મનોવિનોદ કરતા. સામંતોના કેટલાક ભેદ હતા : સામંત, મહાસામંત, આપ્તસામંત, પ્રધાનસામંત, શત્રુ મહાસામંત અને પ્રતિસામંત. એમના અધિકારો જુદા જુદા હતા.

सावगधम्म (श्रावकधर्म) : પરલોકના હિત માટે જિન વચનોનું શ્રવણ કરે એ શ્રાવક તે સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને અણુવ્રતોનું પાલન કરે છે. અણુવ્રત પાંચ છે : અહિંસા, સત્ય, અચૌર્ય, સ્વસ્ત્રી–સંતોષ અને અપરિગ્રહ એમની સાથે સાત બીજા વ્રત પાળવા પડે છે : દિગ્વિરતિ પોતાના કાર્ય–વ્યાપાર માટે દિશાઓનું પરિમાણ કરવું, દેશવિરતિ–દરેક દિશામાં ક્ષેત્રનું પરિમાણ–મર્યાદા બાંધવી, અનર્થદંડવિરતિ–નિરર્થક પ્રવૃત્તિ ના કરવી, સામાયિક–અમુક સમય માટે અધર્મ પ્રવૃત્તિનો સંપૂર્ણ ત્યાગ કરવો, પૌષધોપવાસ–અષ્ટમી, ચતુર્દશી અને પૂર્ણિમાના દિવસોમાં ઉપવાસ કરવો અને ધર્મ જાગરણ કરવું, ભોગોપભોગ પરિમાણ–દૈનિક વપરાશની વસ્તુઓની મર્યાદા બાંધવી અને અતિથિસંવિભાગ–ન્યાયોપાર્જિત વસ્તુનું સુપાત્રને દાન કરવું. આ બાર વ્રતોવાળુ દ્વાદશવિધ ગૃહધર્મ (**दुवालसविह गिहिधम्म**) કહેવાય છે

सुविण (स्वप्न) , જુઓ **अंगलक्खण**

सेणिय (श्रेणिक) ભંભસાર, ભિંભિસાર, બિંબિસાર (પાલિ) નાં નામે જાણીતો રાજગૃહનો રાજા જૈન પરંપરા પ્રમાણે તે મહાવીરનો ભક્ત હતો શ્રેણિકે મહાવીરને પૂછેલા અનેક પ્રશ્નો આગમસાહિત્યમાં સુરક્ષિત છે. શ્રેણિકને ત્રેવીશ રાણીઓ હતી. સુનંદા, ધારિણી, ચેલ્લણા વગેરે. તેમને અનેક પુત્રો હતા જેમાં અભયકુમાર, મેઘકુમાર, નંદિષેણ અને કુણિક (અજાતશત્રુ) જાણીતા છે. અજાતશત્રુ શ્રેણિકનો ઉત્તરાધિકારી બન્યો. એ ચેલ્લણાનો પુત્ર હતો પાલિ સાહિત્ય પ્રમાણે શ્રેણિક ભગવાન બુદ્ધનો ભક્ત હતો

सेसमहाभोग (शेषमहाभोग) . શેષનાગ કદ્રૂને પેટે કશ્યપથી જન્મેલા નાગોમાંનો પ્રમુખ નાગ છે અને સહસ્રફણા છે. એ નિરંતર પાતાળમાં રહે છે. એ પાતાળનો રાજા છે વિષ્ણુ ભગવાન એના

[illegible] આ શબ્દ છે કે. [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] આવ્યું હતું. [illegible]
[illegible] છે. [illegible]
[illegible]
[illegible]